ISSN 2454-7697 RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

(ઈ.સ.૧૯૨૯થી)

Prabuddh Jeevan

Vol No.: 8 • Issue:11 • Mumbai • February 2021 • Pages : 44 • Price 30/-

ગુજરાતી–અંગ્રેજી વર્ષ – ૮ (કુલ વર્ષ ૯૨) • અંક–૧૧ • ફેબ્રુઆરી ૨૦૨૧ • પાનાં – ૪૪ • કિંમત રૂા. ૩૦/–



## ‘પ્રબુદ્ધ જીવન’ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકાઃ ૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન : ૧૯૩૨ થી ૧૯૩૩ બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન : ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન ૧૯૩૯થી ૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીષકિ બન્યું ‘પ્રબુદ્ધ જીવન’: ૧૯૫૩થી.

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે ‘પ્રબુદ્ધ જીવન’ અંક સંયુક્ત ગુજરાતી અંગ્રેજીમાં.
- ‘પ્રબુદ્ધ જીવન’ પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકો પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.



વિશેષ નોંધ :

- પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે, પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે,
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન પી.ડી.એફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.


## તંત્રી મહાશયો


જમનાદાસ અમરચંદ ગાંધી (૧૯૨૯ થી ૧૯૩૨)
ચંદ્રકાંત સુતરિયા (૧૯૩૨ થી ૧૯૩૭)
રતિલાલ સી. કોઠારી (૧૯૩૩ થી ૧૯૩૩)
તારાચંદ કોઠારી (૧૯૩૫ થી ૧૯૩૬)
મણિલાલ મોકમચંદ શાહ (૧૯૩૯ થી ૧૯૫૧)
પરમાણંદ કુંવરજી કાપડિયા (૧૯૫૧ થી ૧૯૭૧)
જટુભાઈ મહેતા
ચીમનલાલ ચકુભાઈ શાહ (૧૯૭૧ થી ૧૯૮૧)
ડૉ. રમણલાલ ચી. શાહ (૧૯૮૨ થી ૨૦૦૫)
ડૉ. ધનવંત તિલકરાય શાહ (૨૦૦૫ થી ૨૦૧૬)
ડૉ. સેજલ એમ. શાહ (એપ્રિલ ૨૦૧૬...)


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ (પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email : shrimjys@gmail.com


## સર્જનસૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૦૧. | નથી ઉકેલાતા એવા સત્યો | સેજલ શાહ | ૩ |
| ૦૨. | કથા બોધ | આચાર્ય વિજયશીલચંદ્રસૂરિશ્વરજી મ.સા. | ૫ |
| ૦૩. | પત્રલાભ વડે ધર્મલાભ/પત્ર જાગરણ | રાજેશ પંડ્યા | ૬ |
| ૦૪. | ભારતીય અને ગુજરાતી ભક્તિ પરંપરાને સંદર્ભે ‘અનુભવબિંદુ’નું મૂલ્યાંકન | ઉર્વશી પંડ્યા | ૧૩ |
| ૦૫. | ફરીએ તો વિસ્તરીએ : જ્યાં હવામાં ફરફરતી પ્રાર્થના | જેલમ હાર્દિક | ૧૬ |
| ૦૬. | Bhavna - Asaran | Prachi Dhanvant Shah | ૧૮ |
| ૦૭. | Kundkundacharya | Kamini Gogri | ૨૦ |
| ૦૮. | મકરસંક્રાંતિ મીઠો મધુરો તહેવાર | પુષ્પા પરીખ | ૨૨ |
| ૦૯. | સાગરગચ્છ : એક તસવીર કુળનું મૂળ | આચાર્ય વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૨૩ |
| ૧૦. | પરદેશમાં વસતી ભાષાપ્રેમની સરવાણી | અભય દોશી | ૨૭ |
| ૧૧. | શ્રી ભક્તામર સ્તોત્ર આસ્વાદ | રતનબેન ખીમજી છાડવા | ૨૯ |
| ૧૨. | જ્ઞાન સંવાદ – ૫ | પાર્વતીબેન નેણશી ખીરાણી | ૩૨ |
| ૧૩. | સૌથી નાની ઉંમરની ગુજરાતી મહિલા પાઈલટ બંસરી શાહ | રોહિત શાહ | ૩૭ |
| ૧૪. | સર્જન સ્વાગત | સંધ્યા શાહ | ૩૮ |
| ૧૫. | લગ્ન | રતિલાલ બોરીસાગર | ૪૦ |
| ૧૬. | ભાવ પ્રતિભાવ | | ૪૧ |
| ૧૭. | અતીતની બારીએથી | બકુલ ગાંધી | ૪૨ |
| ૧૮. | જો આ મારો અંતિમ પત્ર હોય તો | પ્રોફે. કલાધર આર્ય | ૪૪ |



**Design & Type setting : Divyesh Patel • Shreejiart_dtp@yahoo.co.in**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
દ્વારા પ્રકાશિત
# પ્રબુદ્ધ જીવન
(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) માનવીય જીવનનો સંવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૭ • વીર સંવત ૨૫૪૭ • મહા સુદ - ૩
**માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ**

તંત્રી સ્થાનેથી...

## નથી ઉકેલાતા એવા સત્યો

ન સમજાય એટલું સંકુલ જીવન અને એથી પણ વધુ સંકુલ આ મનુષ્યના સંબંધો. મને લાગે છે કે આ સંકુલતા ધારા-ધોરણોને કારણે નિર્માણ થઈ છે. દરેક વ્યક્તિને, દરેક સંબંધને એક નામ હેઠળ સમાવી લીધાં છે અને એટલે ત્રણ ધાર પર જીવન ચાલી રહ્યું છે,

ધર્મ, સંબંધ અને ઈચ્છા.

ધર્મના શિખર દ્વારા ધરપત

સંબંધના નામે સલામતી

ઈચ્છાના નામે જીવનનો હેતુ, કંઈક કરવા માટેનું કામ-મનુષ્યને આજીવન મળે છે.

આ નિયતિ, આજ કર્મફળ અને આ તપ. જો તમે ઘડીભર માટે ઈચ્છાને બાકાત કરો તો સમજાશે કે જીવનમાં તમારી પાસે કંઈ જ બાકી નથી રહ્યું. કારણ ઈચ્છા વગર તમે કોને-શું જીવાડશો?

ઈચ્છા પૈસા કમાવાની, સ્થિર થવાની, બાળકોની, લોકોને જીતવાની, લોકપ્રિય થવાની, આદિ આદિ. રાજ કરવાની, સૌથી પહેલાં થવાની વિજેતા બનવાની, હવે આ બધી જ ઈચ્છાઓને જરા નિકટ જઈને જુઓ તો તમને સમજાશે કે ભૌતિક ઈચ્છા અને સાંવેદિક ઈચ્છા આ બેની વચ્ચે આપણે જીવી રહ્યા છીએ. એક તરફ ભૌતિકતા સગવડ માટે આવશ્યક છે, બીજી તરફ તમારે એક સમાજની એક વ્યાખ્યામાં ગોઠવાવાનું છે, કેટલા સમાજે નક્કી કરેલાં નીતિ નિયમો-ધોરણોને અનુસરવાના છે. એટલે ત્યાં પણ ભૌતિકતા જરૂરી ખરી જ. બીજું તમે માણસ તરીકે જન્મ લઈને જેટલું ઋણ લીધું એ સંભાળવાની જવાબદારી તમારી. તમારા પોતાના શરીરની આવશ્યક્તા એટલે બધું તો આ ભૌતિક ઈચ્છાથી જ પૂરું થાય, તો તેનો **નકાર** મને આ ઘડીએ નકામો લાગે છે. કારણ સગવડ એ મનુષ્યની નિયતિ નથી.

સગવડ મનુષ્યે ઊભી કરવી પડે છે, પોતાના માટે, તે તેની જરૂરિયાત છે. પ્રથમ પગલે આ સગવડ જે ઊભી કરી શકે છે, તેને બાકીના લોકો સ્વીકારે છે, મનુષ્ય આ સ્વીકારને આદર સમજે છે અને તેને તે ગમે છે એટલે હવે આખું ગણિત આ રીતે બેસે છે કે તમે સગવડ ઊભી કરો, સગવડનું સુખ તમને સ્વીકાર અપાવે, સામાજિક પ્રાણીને આ સ્વીકારને કારણે 'માન મળતું' હોય, એમ લાગે અને પરિણામે તે આ ક્રિયા, વધુ જોશપૂર્વક કરે છે. બીજી તરફ ધર્મ એ શરણાગતિનું સુખ આપે છે. તમે એક નિયમાવલીમાં બંધાવ છો.

**આ અંકનાં સૌજન્ય દાતા**
**શ્રીમતી દીનાબેન ચેતનભાઈ શાહ**
**અને શ્રી ચેતનભાઈ નવનીતલાલ શાહ**
**પુણ્ય સ્મૃતિ**
**માતુશ્રી હીરાલક્ષ્મી નવનીતલાલ શાહ**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ.રોડ, કેનડી બ્રિજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪ ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જૂની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બૅન્ક ઑફ ઈન્ડિયા IFSC : BKID0000039
• Website : www. mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com web editor : Hitesh Mayani - 9820347990

'પ્રશ્ન' એ જીવનનો ભાવ છે, પણ એ પ્રશ્નના પડકાર કરવા કરતાં, એ દ્વારા જો થોડી દયા, કરુણા જન્માવી શકાય તો કેમ? નવરસ પૈકી એક આ હૃદયંગમ રસ! કેવો એકબીજાને છેતરે. આખી જીંદગી ખભે હળ લઈને ચાલી નથી શકાતું, આ હળને જરાક નીચે મૂકવું પડતું હોય છે. લડત અને પડકાર, સંઘર્ષ અને સાબદા રહેવું બરાબર, પણ 'થાક'ની વાસ્તવિક્તા પણ એટલી જ સાચી છે. ત્યારે કોઈ એક એવી શક્તિની આવશ્યક્તા હોય છે, જેને શરણે જવામાં તેનો અહંકાર વચ્ચે ન આવે. ધર્મ એ એવી શરણાગતિનું સત્ય છે જેમાં અહંકાર વચ્ચે નથી આવતો. આ ક્ષણની આ વાસ્તવિકતા છે. ખરેખર તો 'ધર્મ'નો વિશાળ અર્થ છે પણ આખો સમુદ્ર પીવાની તાકાત આપણામાં છે નહીં એટલે આપણે એક ટીપું બિંદુ પીને જ અમર થઈ ગયાના અહોભાવમાં કેવી જીવી જઈએ છીએ.!!

**સડસડાટ વહેતા જીવનને જરાક પોરો આપીએ અને જોઈએ, આ શું છે? આપણે જેટલું અત્યાર સુધી ચાલીયા અને હજી આગળ ચાલશું, તેમાં મૂળ ઉદ્દેશ્ય આપણે કોઈ નિધાર્યો હતો ખરો?**

આપણે આપણા ઉદ્દેશ્ય વિશે કંઈ જ વિચાર્યું નહીં અને જે ગમે, જે જોઈએ, તે આવ્યા કરે, અને આપણે એ સ્વીકારતા ગયા, પસંદ કરતાં ગયા. પસંદ કર્યા પછી બાજી ઊંધી પડી તો બીજાને દોષ આપતાં ગયા કેવી મજાની વાત !

બીજાંને દોષ આપવાની વાત સૌથી સરળ. પોતાની જવાબદારીથી છટકી શકાય અને ગ્લાનિભાવ પણ ન જન્મે. એકવાર મને કોઈએ કહ્યું હતું કે 'વાંક મારો હોતો જ નથી, પણ, મારો વાંક થાય એવાં સંજોગો નિર્માણ કરાય છે.' ત્યારે હું ન હસી શકી, ન રડી શકી પણ મનુષ્યને સમજવાની ગુરુચાવી મળી કે દરેક વ્યક્તિ કોઈ એક પ્રતિબિંબની કે કોઈ એકની સતત તુલનામાં જીવે છે, જેના દ્વારા તે પોતાને સિદ્ધ કરી શકે. વાત સામે તરફ નહીં, સ્વ તરફ વળવાની છે.

આખેઆખું આયખું આમને આમ નીકળી જતું હોય, પ્રશ્ન પૂછ્યાં વગર, સમજ્યાં વગર. મનુષ્ય તરીકે જન્મ લઈને જીવીને જોયું પણ જીવીને જાણ્યું નહીં, સમજવાનો પ્રયત્ન ન કર્યો અને કોઈ સ્કુલ, પાઠશાળામાં આપણને આ શીખવવામાં નથી આવ્યું. અને જે આદર્શો ચરિત્રો ભણાવવામાં આવતાં તે માત્ર આપણે વાર્તા તરીકે સમજ્યા અને ભૂલી ગયા, સગવડતા માટે ભૂલવું પણ જરૂરી હતું.

મારે આ કેન્દ્રોની વાત કરી, સંબંધ-ધર્મ અને ઈચ્છા આ ત્રણ અંગે સતત મનોમંથન કરતાં રહીએ તો સમજાય કે આપણે છેવટે ફરી ફરી ગોળ ફરીને ત્યાં જ પહોંચી રહ્યા છીએ. અને જે પ્રમાણસર, માપસર વર્તુળ આપણને ફાવી ગયું છે.

જ્યારે નીકળ્યાં ત્યારે નહોતી ખબર કે ત્યાં જ જશું પણ ત્યાં જ પહોંચી ગયા, બેપરવાઈથી અને અજાગૃતિથી પછી એને સાચું ઠેરવવાનો પ્રયત્ન સતત કર્યા કર્યો.

જરાક આમાંથી બહાર આવીને ચાલો સમજીએ. મનુષ્યનો જન્મ થતાં તેના માટે જીતવા, કમાવા અને કુટુંબ વધારવાનો ઉદ્દેશ્ય સમગ્ર સમાજ દ્વારા નક્કી થાય છે. પછી એની રીત અને ધર્મ-સમાજ/જ્ઞાતિ નક્કી કરે છે અને પછી એ બધા મળીને એની સાથે એ વ્યક્તિ સાથે કોઈને, કોઈ નામ કે સંબંધ દ્વારા બંધાય છે.

હવે મનુષ્ય આ નિશ્ચિત ફળને મેળવવા તેને આપવામાં આવેલી રીતિ દ્વારા, સંબંધરૂપે જે તેની પાસે ઉપલબ્ધ છે, તે તાણાવાણા સાથે જીવે છે. જીવતાં જીવતાં તે લાગણી, તર્ક અને જરૂરિયાત-નામના સાધનોને આધારે પરિણામ નક્કી કરતો જાય છે. આમ કરતી વખતે તેને ઉપલબ્ધ ઘણી સલાહ, સં કેતો પ્રાપ્ત થયા કરે છે.

તેના પોતાના કિનારાં કે નાવડી છે, પેલાં જીવન સમુદ્ર તરવા માટે. જો એકવાર તે આ ત્રણ અંગે સ્વાવલંબી બની જાય તો શું થાય? એટલે કે આ ત્રણ અંગે પોતે જ નિર્ણય લે.

પોતે નિણય લઈને ત્રણેયને સમજે, તેના બંધનોના બાહ્યાચારથી મુક્ત થઈ આ શબ્દોની આંતરિકતાને સમજે ત્યારે નથી ઉકેલાતા એવા સત્યોની જરાક નિકટ પહોંચવાનો રસ્તો મળે છે, તમારે આવવું છે આ રસ્તે?

**- ડૉ. સેજલ શાહ**
સંપર્ક : +91 9821533702
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૪.૦૦ થી રાતના ૭.૦૦ સુધી)

**'પ્રબુદ્ધજીવન'' માર્ચ ૨૦૨૧નો અંક ભારતીય ઈતિહાસનું એક મહત્વપૂર્ણ પૃષ્ઠ લઈને આવે છે**

**'રાષ્ટ્રમાતા કસ્તુરબા ગાંધી' વિશેષાંક** આ અંકનું સંપાદન કરશે **સોનલ પરીખ** અને **સેજલ શાહ**

અનેક વિદ્વાનોની કલમનો લાભ અને બે વિદુષી સંપાદકોની વિશિષ્ટ દૃષ્ટિથી આનું કલેવર ઘડાયું છે.

અંકના સૌજન્ય દાતા છે. **શ્રી યોગેશભાઈ બાવીશી** જેમને પોતાની માતાની સ્મૃતિમાં આ આર્થિક સૌજન્ય સ્વીકાર્યું છે. આ અંકને તમારા પુસ્તકાલયમાં સાચવી લેવા, મિત્રોને ભેટ આપવા અને ઈતિહાસને ફરી એકવાર જુદી રીતે જોવાં વધું નકલ નોંધાવી શકો છો.

# કથાબોધ

## આચાર્ય વિજયશીલચંદ્રસૂરિજી મહારાજ સાહેબ

એક રાજા. મહાન. એના ન્યાય અને સદાચારથી સૌ પ્રસન્ન, એના દીવાન પણ એના જેવા જ. પીઢ, બુદ્ધિમાન, ગંભીર અને પ્રજાપ્રિય. કુદરતને કરવું તે એક દિવસ ઓચિંતા જ તે દીવાન ગુજરી ગયા ! એના બે દીકરા હતા. એના જેવા જ બુદ્ધિમાન અને વિચક્ષણ. રાજાએ એમને દીવાનપદ આપવા વિચાર્યું.

પરંતુ ધુમાડો હોય ત્યાં અગ્નિ હોય જ, એમ રાજવહીવટ હોય ત્યાં ખટપટ હોવાની જ. કોઈએ રાજાને ભંભેર્યા : આપણા દીવાનજીને માથે રાજનું ૬૦ હજારનું દેવું બાકી છે, એ પતે નહીં ત્યાં સુધી તેમના પુત્રોને દીવાનપદ આપો તે બરાબર નથી.

રાજાએ આ અંગે બંને ભાઈઓને પૂછ્યું, તો તેમણે દેવું હોવાની ના કહી. તેમણે કહ્યું કે, અમારા પિતાનું રાજની તિજોરીનું કોઈ જ દેવું બાકી નથી. છતાં તમે કહો છો કે બાકી છે તો તે ભરવા અમે તૈયાર છીએ, પરંતુ અત્યારે અમારી પાસે પૈસા નથી અને આવકનું કોઈ સાધન પણ નથી. અમને નોકરી મળે તો તે કરીને પૈસા કમાઈને અમે દેવું ચૂકવીશું.

રાજાએ પેલા કાન ભંભેરનાર માણસને દીવાનપદે બેસાડ્યો અને આ બે જણાને નોકરીએ રાખ્યા. એકને બગીચાનો ચોકીદાર કર્યો અને બીજાને બગીચાનો માળી બનાવ્યો. બન્ને એક જ બગીચામાં રહ્યા. બન્ને ખંતીલા અને મહેનતુ હતા. કોઈ કામમાં નાનમ કે શરમ નહોતી. એમણે આ કામ હોંશેહોંશે સ્વીકારી લીધું. બેઉ ભાઈઓએ સાથે બેસીને દેવાનું કલંક કેમ મિટાવવું તેનો રસ્તો પણ વિચારી લીધો.

એક દિવસની વાત. રાજા પોતાના નિત્યક્રમ મુજબ બગીચે ફરવા આવ્યા. ચોકીદારે પ્રણામ કરીને કહ્યું : મહારાજ ! એક પ્રશ્ન ક્યારનો મનમાં ઘુંટાય છે. જવાબ જડતો નથી. આપ તેનો જવાબ આપો ને !

રાજાએ કહ્યું, 'બોલ ને, તારો પ્રશ્ન બોલ. મારી સભામાં મોટા વિદ્વાનો છે, બુદ્ધિશાળી માણસો છે, જવાબ મળશે તને'.

ચોકીદારે પ્રશ્ન રજૂ કર્યો : ''આ જગતમાં સૌથી વધુ ગૌરવવંતી વસ્તુ કઈ ?'

રાજાએ દરબાર ભર્યો. પ્રશ્ન બધા સમક્ષ મૂક્યો. બધાને આ પ્રશ્ન સાવ બાલિશ લાગ્યો. બધા પોતાના મનમાં આવે તેવો જવાબ આપવા માંડ્યા. કોઈ કહે : પર્વતો, કોઈ કહેઃ ધન-દોલત, તો કોઈએ કહ્યું : ધન-ધાન્ય. ઘણાએ ઘણી જાતના જવાબ આપ્યા, પણ રાજાનું મન માન્યું નહીં. તેમણે ચોકીદારને બોલાવ્યો ને કહ્યું, આ બધાના જવાબોથી મને સંતોષ નથી થતો. તું જ કોઈ વ્યક્તિ બતાવ, જેનો જવાબ તને અને મને સંતોષકારક બને.

ચોકીદારે કહ્યું : આપણા બગીચાનો માળી, તે મારો ભાઈ પણ છે, તે આનો સાચો જવાબ આપી શકે.

રાજાએ માળીને બોલાવ્યો : પ્રશ્ન કહ્યો. જવાબ પૂછ્યો, ત્યારે તેણે જવાબ આપ્યો : ''માણસનો શબ્દ ! મહારાજ, માણસનો બોલ એ જગતની સૌથી વધુ ગૌરવવંતી ચીજ છે.''

રાજા પ્રસન્ન થઈ ગયા. તેણે ઈનામ માગવા કહેતાં માળીએ વીસ હજાર રૂપિયા માગી લીધા. રાજાએ આપ્યા.

બીજા દિવસે રાજા બગીચે ગયા, તો દરવાને બીજો પ્રશ્ન કર્યો :

''મહારાજ ! એ ગૌરવવંતી ચીજ રહે છે ક્યાં ?''

રાજાએ ફરી દરબારમાં પ્રશ્ન મૂક્યો. જવાબમાં ભારે વૈવિધ્ય રહ્યું. એક : પંડિતો પાસે, બે : પ્રામાણિક જન પાસે. ત્રણ : શ્રીમંતો પાસે. આમ માથાં એટલા મત પડ્યા, પણ રાજાને મજા ન આવી. એણે માળીને બોલાવ્યો.

માળીએ કહ્યું : ''આ ગૌરવંતી ચીજ આબરૂદાર માણસ પાસે રહે છે. જે એકવચની હોય, બોલેલું પાળે અને વચનભંગ ન કરે તેની પાસે રહે છે.''

બીજા વીસ હજાર ઈનામમાં મળ્યા.

ત્રીજા દહાડે રાજા બગીચે ગયા ત્યારે ચોકીદારે પ્રશ્ન મૂક્યો : ''એ ચીજનો ખોરાક શું છે ? એની જીવનશક્તિ શું છે ?''

રાજસભામાં કોઈ પાસે આનો જવાબ નહોતો, દીવાન પાસે પણ નહીં. માળીને બોલાવવામાં આવ્યો. તેણે ઉત્તર આપ્યો : ''માણસનો જે શબ્દ આબરૂદાર માણસને જ વચનબદ્ધ રાખે છે તે શબ્દ જીવે છે સહિષ્ણુતાની શક્તિથી.'' બધાય સંતુષ્ટ.

બીજા વીસ હજાર મળ્યા.

ચોથો દિવસ. ચોથો પ્રશ્ન : ''તેનું કાર્ય શું ?''

રાજસભા સમજપૂર્વક ચૂપ રહી. માળી સિવાય કોઈ આનો સંતોષજનક ઉત્તર નહીં આપી શકે તેની બધાને હવે ખાતરી થઈ ગયેલી.

પણ માળીએ ઉત્તર આપતાં પહેલાં રાજા સમક્ષ એક શરત મૂકી કે, ''હું આનો જવાબ તો આપીશ, પણ તેના બદલામાં મને ઈનામ નથી જોઈતું. મારા જવાબથી તમને સંતોષ થાય તો જે ખરા ગુનેગાર હોય તેને તમારે સજા કરવી. એ માન્ય હોય તો જવાબ કહું.''

રાજાએ તે વાતમાં સંમતિ દર્શાવી. એટલે માળીએ ઉત્તર જણાવતાં કહ્યું :

''જગતમાં સૌથી વધુ ગૌરવવંતી વસ્તુ તે માણસનો બોલ છે.

એનો વાસ આબરૂદાર માણસમાં છે.

એ સહિષ્ણુતાની શક્તિથી જીવે છે.

એ એવાં યશસ્વી કાર્યો કરે છે કે જે નથી ધન-દોલતથી થતાં, નથી સત્તાની શક્તિથી થતાં કે નથી તો શાણપણથી સિદ્ધ થતાં.''

રાજા નહીં, આખી સભા આ જવાબ પર મુગ્ધ બની ગઈ.

માળીએ તરત જ રાજાને કહ્યું : ''મહારાજ ! લ્યો આ ૬૦ હજાર રૂપિયા. આ રકમનું દેવું તમારા ખટપટી અને સ્વાર્થી દીવાને ખોટી રીતે અમારા પિતા પર ચડાવ્યું છે. રાજને અમારી પાસે લેણું નહોતું. આજે પણ નથી. છતાં અમે એ અમારા બુદ્ધિબળથી કમાઈને ભરપાઈ કરીએ છીએ. હવે મેં માગણી કરેલી અને આપે સ્વીકારેલી, તેનો અમલ થવો જોઈએ.

રાજાએ તત્કાળ પોતાના કુટિલ દીવાનને પદભ્રષ્ટ કરીને સજા આપી અને આ બે ભાઈઓને ગૌરવપૂર્વક દીવાન બનાવ્યા.

**સાર :** માણસે પોતાનું ચારિત્ર, પોતાનું સત્ત્વ અને પોતાની આબરૂ એવાં કેળવવાં જોઈએ કે એ ગમે તેવી વિકટતામાં પણ સહિષ્ણુતા ન ગુમાવે અને ગમે તેવા સંયોગોમાં પણ એનો શબ્દ એ સર્વોપરી અને સર્વગ્રાહ્ય બની રહે.

❖ ❖ ❖ ❖

સંપર્ક: 7984787320

# પત્ર લાભ વડે ધર્મલાભ / પત્ર જાગરણ

**ડૉ. રાજેશ પંડ્યા**

**या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।**
**यस्यां जाग्रति भूतामि सा निशा पश्यतो मुनेः ।।**

**(ભ.ગી. ૨-૬૯)**

(જે પ્રાણીમાત્રની રાત્રિ સમાન છે તે વેળા સંયમી મુનિઓ (આત્મચિંતન માટે) જાગતા હોય છે અને (સંસારસુખ મેળવવા) પ્રાણીઓ જાગે છે તે (પરમ આત્માને જાણનાર જ્ઞાની) મુનિઓ માટે રાત્રિ (સમાન) હોય છે.)

સુખિયા સબ સંસાર હૈ, ખાયે અરુ સોવે,
દુખિયા દાસ કબીર હૈ, જાગે અરુ સેવે.

જેમ ઉપર ગીતા શ્લોકમાં રાતદિનના ક્રમ પલટાઈ ગયા છે તેમ આ સાખીમાં દુઃખ સુખના અર્થ બદલાઈ ગયા છે. બીજાનાં દુઃખે દુઃખી કબીર જાગતા હોય આખી રાત ને રોઈ રોઈ પાડતા હોય પરભાત, ત્યારે એમનું રુદન પણ ભજન બની જાય છે. એટલે જ સંત પરમ હિતકારી કહેવાય છે. જગતના હિત માટે જ એમણે આત્મચિંતન કર્યું હોય છે, રાતોની રાત એમનું આત્મચિંતન અને જગચિંતન સમાંતરે ચાલતું હોય છે. એમ એમનો 'હું' - 'સહુ'નો અંશ બની જાય છે ને એમના 'સ્વ'માં 'સર્વસ્વ' સમાય છે. ત્યારે જ **आत्मवत् सर्वभूतेषु** નો ખરો અર્થ સમજાય છે. જીવનની સાર્થકતા અનુભવાય છે.

આવા એક શીલવંત સાધુ છે આચાર્ય વિજયશીલચન્દ્રસૂરિજી.

એમનાં આત્મચિંતન અને જગત્ચિંતનનું પરિણામ છે આ પત્રશ્રેણી. આ પત્રશ્રેણી દ્વારા એમણે અનુયાયી વર્ગથી માંડીને અન્ય સૌ કોઈને કપરા કોરોનાકાળમાં ટકાવી રાખવાનું કામ કર્યું છે. અકળ કોરોના સામે આવી સરળ સાધુ કરુણા જ રામબાણ ઈલાજ છે. આવા સાધુના ખલતામાં કેવા કિસમ-કિસમનાં આરોગ્યપ્રદ ઓસડિયાં છે તે જાણવાં આ પત્રશ્રેણીનું વાંચન મનન કરવું જોઈએ, તાકીદે. એમના દરેક પત્રનો આરંભ પ્રિય શ્રાવકો કે ભાવિક ભક્તો - એવા શબ્દોથી નહિ પણ 'મિત્રો' એવા હેતાળ સંબોધનથી થાય છે. **सर्व आशा मम मित्र भवन्तु** (એટલે કે બધી દિશાઓ મારી મિત્ર બને, બધી દિશામાં રહેલાં પ્રાણીમાત્ર મારા મિત્ર બને) એવો ભાવભર્યો સાદ છે, 'મિત્રો'. આ મૈત્રીભાવનું પવિત્ર ઝરણું પત્રાવલિના પાનેપાને પ્રવાહિત થયું છે, આપણને ઝબકોળવા નિમંત્રણ આપી રહ્યું છે. આ પત્રધારા વિક્રમસંવત ૨૦૭૬ ચૈત્ર

સુદિ ૧ થી નિજ આસો સુદિ ૧ - તા. ૨૫-૩-૨૦૨૦ થી તા. ૧૭-૧૦-૨૦૨૦ દરમ્યાન અવિરત વહેતી રહી છે, લાગલગાટ ૪૦ પત્રો સુધી આપણે એને પત્રચાલીસા પણ કહી શકીએ.

આ પત્રોનો લેખનકાળ છે કોરોના મહામારીનો કટોકટીકાળ. એ આ પત્રશ્રેણીનું નિમિત્તકારણ છે ને ચાલકબળ પણ છે. એટલે સ્વાભાવિક રીતે જ આ સમસામાકિ પરિસ્થિતિનાં અનેક પાસાં-પરિમાણ એમાં અવારનવાર વ્યક્ત થતાં રહે છે. પહેલા પત્રના, પહેલાં બે વાક્યમાં આ અજંપાભર્યા વર્તમાનનો સંકેત છે, આમઃ 'મિત્રો, આજે જુદા સંજોગોમાં, કોરોનાના કારણે બદલાયેલા સંજોગો ને બદલાયેલી મનઃસ્થિતિનો આ પ્રભાવ ઘણા પત્રો પર પથરાય છે. કેટલાક પત્રોમાં તો એનો ઓથાર પણ વરતાય છે. આ કોરોના વાઈરસ જાદુગર જેવો 'માયાવી' છે ને રાક્ષસ જેવો 'અહંકારી' છે. એ બિહામણો બહુરૂપી છે. એનાં ભયાનક રૂપ પળેપળે બદલાતાં જાય છે. એ દેખાતો નથી ક્યાંય પણ એનો આતંક ફેલાય છે સમગ્ર પ્રજાજીવન પર, અહીં, તહીં, બધે. એથી ઘરેઘર આવું કમઠાણ થાય છે : 'આ દિવસોમાં આખા દેશની વસ્તી પોતાનાં ઘરોમાં બંધ છે... બહાર જવાય નહિ, કોઈને મળાય નહિ, નોકરી ધંધા થાય નહિ. ચૂપચાપ પોતાનાં ઘરમાં જ કેદ રહેવાનું, દિવસો સુધી. (પત્ર ૧.) ઘરબહાર પણ રસ્તે રસ્તે ભટકતાં-રઝળતાં એના અપરૂપ દેખાડતાં આચાર્યશ્રી લખે છેઃ 'જે લોકો પોતાનો દેશ છોડી પરદેશમાં એટલે કે બીજાં રાજ્યો તથા શહેરોમાં નોકરી-મજૂરી કરવા ગયા હોય તેઓ એક ધડાકે નિરાશ્રિત થઈ ગયા... આવા લાખો લોકો ક્યાં જાય? કોણ આશરો આપે?... પોતાની સલામતી શોધતા (આ) લોકો કોઈ પણ રીતે, પગપાળા સુધ્ધાં, પોતાના વતનભણી જવા લાગ્યા છે...' (પત્ર ૨)

દેશબહાર નજરે ચડતા કોરોનાના આંતરરાષ્ટ્રીય ઓળા તો હાજાં ગગડાવી દે એવાં વિકરાળ છે. એનો વિશ્વવ્યાપી ઓથાર કેવો ભયાવહ છે તે આચાર્યશ્રીના શબ્દોમાં જ જોઈએઃ 'અખબારો ને મીડિયામાં રોજરોજ અવનવી, એકબીજાથી સાવ ઊલટી વાતો વાંચવા જાણવા મળે છે.. WHO સહિતની દેશી-વિદેશી સંસ્થાઓ, જાતજાતના વૈજ્ઞાનિકો, વિવિધ નિષ્ણાતો, મીડિયાચેનલો, સરકારો, નેતાઓ-બધા જ નિત્ય સવારે Coronaના પ્રકાર વિષે, સંહારક્ષમતા વિષે, પ્રસાર વિષે, પરિણામો વિષે જાતજાતની આગાહીઓ અને ભવિષ્યવાણીઓ ઉચ્ચારતાં રહીને ચારે તરફ ભયનું ભીષણ હવામાન ફેલાવતાં રહે છે.' (પત્ર-૨૫) આ ભીષણતા આજેય ઓછી નથી થઈ। એક વરસ થવા આવ્યું છતાંય કોરોનાની નખશિખ ઓળખ નથી પડી કોઈને ય. એના નિવારણ માટેના ઉપાયો વિશે પણ એકમતિ નથી સાધી શકાઈ. કોરોનાની રસી બાબતે ય ઓછી અવઢવ નથી, આખી દુનિયામાં છેલ્લા પત્રના છેલ્લા પાને એનું આકલન કરતાં આચાર્યશ્રી લખે છે : 'કોરોના વાયરસ એક આંતરરાષ્ટ્રીય ષડયંત્ર છે એવું અનેક દેશોના લોકો માનતા થયા છે. સોશયલ મીડિયા પર ફેલાયેલા એક ક્લીપિંગ પ્રમાણે જર્મનીમાં ૫૦૦ ડૉક્ટરોના એક જૂથે તથા સ્પેનમાં ૬૦૦ ડૉક્ટરોના એક જૂથે પ્રેસ સમક્ષ જાહેર કર્યું છે કે 'આ એક આંતરરાષ્ટ્રીય કાવતરૂં છે.' તે સંદર્ભમાં તેમણે બિલ ગેટ્સ સરખા વિવિધ માણસોએ, ૨૦૧૫ થી ૨૦૧૮ના ગાળામાં આ વાયરસના સંદર્ભમાં કરેલી આગાહીઓ, તેની સારવાર માટે વાપરવાની Kitsનાં પ્રોડક્શન, વેક્સીન વગેરે વિષે વિગતે માહિતી આપી છે. ડિપોપ્યુલાઈશન આ ષડયંત્રનું ધ્યેય હોવાનું તથા લોકડાઉન જેવા તેના ઉપચારો પૂર્વજ્યોતિ હોવાનું પણ તેથી ફલિત થતું જણાય છે. U.S.ના પ્રમુખની ચૂંટણી અને તેમાં ચોક્કસ વ્યક્તિ જ ચૂંટાય તેવું દેખાતું વલણ, ચોક્કસ દેશ પર વાયરસ ફેલાવવાનો થતો જાહેર આક્ષેપ, તે રાષ્ટ્ર તરફથી તે અંગે સેવાતી નીંભર ઉપેક્ષા - આ બધું જ કોઈ વિચિત્ર આયોજનની બદબૂ તરફ આપણા નાક્ને તાણી જાય તેવું છે.' (પત્ર-૪૦)

આવી વરવી પરિસ્થિતિમાંથી પણ આચાર્યશ્રીની નરવી દૃષ્ટિ શુભતત્ત્વો તારવી શકે છે. જેમકે, 'કોરોના વાઈરસે આખા દેશમાં લોકડાઉન કરાવ્યું તેનું દેખીતું પરિણામ એ આવ્યું કે આપણે ઘણાં ઘણાં પ્રદુષણથી બચ્યા.. ચોખ્ખી હવામાં શ્વાસ લેવાની તક મળી... મોટાંભાગના મંદિરો-ગિરજાઘરો-ગુરુદ્વારા-દેરાસરો-તીર્થો બંધ રહ્યાં. એથી... પ્રદર્શનનો ધર્મ ઓછો થયો. મંદિરોમાં જ ભગવાનને જોઈ ધર્મ કર્યાનું માનનારાઓ આ દિવસોમાં ઘરે બેસીને પોતાના ભીતરમાં ઝાંકતા થયા... પોતાની અંદર ઝાંકવું એ જ અધ્યાત્મની ભૂમિકા છે... (પત્ર-૩) આ અધ્યાત્મિક્તા તો ભારતની આગવી વિશેષતા છે. આ જ પત્રમાં આચાર્યશ્રી લખે છે : 'વર્તમાન વિશ્વના બે ભાગ કરીએ, તેમાં એક ભાગમાં ભારત-ભૂમિ, તે યોગભૂમિ - બીજો ભાગ તે ભોગભૂમિ; ભારત સિવાયનું વિશ્વ. યોગભૂમિ ભારતમાં તે મૂળભૂત ત્રણ તત્ત્વો (પ્રેમ,કરુણા અને અધ્યાત્મ) ઘરબાયેલાં જ હોય અને તે અવસર આવ્યે ઊગી નીકળે તે નવું કાંઈ નથી... એ તો આ 'કોરોના'ના આતંક્ના દિવસોમાં સાબિત થઈ ચૂક્યું છે.'

ભારતીય પ્રજાના હૃદયમાં ધીમુંધીમું ધબકતી આ આધ્યાત્મિક્તા જ પ્રેમ ને કરુણાના બળે, અનુકંપા ને માનવસેવારુપ કોરોના-કાળમાં અંકુરિત થઈ ઊઠે છે. ઠેરઠેર એના અનેક દૃષ્ટાંતો પણ આ પત્રમાલામાં પુષ્પ જેમ મઘમઘે છે. આ રહી એની મહેક.

બે યુવાન ભાઈઓ છે. એક શાહ અને એક બ્રાહ્મણ... તે બે જણા રોજના અઢી હજાર માનવભાઈઓને નિયમિત ભોજન પહોંચાડે છે. એ ગરીબો મહદંશે ઝૂપડપટ્ટીના છે. તેમાં ઓછામાં

ઓછા એકાદ હજાર મુસલમાન ભાઈઓ પણ છે. આ બંને નોકરિયાત પ્રકારના યુવાનો છે. આર્થિક પહોંચ એટલી ન હોય (તે છતાં) સરકારી (કે) કોઈ પણ સંસ્થાની મદદ લેવી નહી તેવો (તેમનો) નિર્ધાર છે.' (પત્ર-૧૦)

અન્ય એક પત્રમાં પણ સેવાની સહિયારી સુવાસ આ રીતે બહેકે છે : એક નવલોહિયા યુવાને કહ્યું કે 'અમને એવા ગૃહસ્થો મળ્યા કે જેમણે દરેકે પોતાને ત્યાંથી પાંચ છ રોટલી અને શાકનાં પેકેટ અમને મોકલ્યાં. એવાં રોજ ત્રણ હજાર પેકેટ આવે, એનું અમે મિત્રો શહેરના ગરીબોને વિતરણ કરીએ. કોઈના પર બોજ નહિ. કોઈ ફંડ ઉઘરાણાં નહિ ને છતાં ત્રણ હજાર રોજ જમી શકે. ભાર વિનાની સેવા તે આનું નામ'. (પત્ર-૨૩)

આવા સામુહિક પ્રયાસની સમાંતરે ગોધરાના સેવાભાવી શ્રાવક શ્રી જયંતિભાઈ શેઠના વ્યક્તિગત પ્રયાસની માનવતાવાદી સૌરભ પણ માણવા જેવી છે. એમણે રાજસ્થાન-મધ્યપ્રદેશમાં પોતાના વતનભણી જતા ચાલીસેક હજાર શ્રમિકોની એક મહિના સુધી જળસેવા, અન્નસેવા ને ઔષધસેવા કરી. સ્વધન અને સ્વસમય સહિત. આ સેવાકાર્યમાં સ્વજનો અને સ્નેહીજનોની સહાય પણ ભળી. (પત્ર-૨૩) 'બાપ કરતા બેટા સવાયા હોય - એ કહેવતન્યાયે એમના પુત્ર ડૉ. નિશાન્ત શેઠે તો પોતાની હૉસ્પિટલ છોડી, સિવિલ હૉસ્પિટલ (ગોધરા)માં છ મહિના સુધી એકધારી તબીબી સેવા આપી. એ દરમ્યાન બબ્બેવાર હોમ ક્વોરેન્ટાઈન પણ થયા. એ વખતે ય રોજના ૧૫૦-૨૦૦ દર્દીઓને ફોન દ્વારા સતત માર્ગદર્શન આપતા રહ્યા. એમની આ સેવા બદલ જિલ્લા કલેક્ટરે મહેનતાણાં પેટે નવ લાખ રૂપિયાનો ચેક આપ્યો તો તેનો નમ્રતાપૂર્વક અસ્વીકાર કરી એમણે નિષ્કામ સેવાધર્મનો દાખલો બેસાડ્યો. (પત્ર-૩૮)ખાનગી હૉસ્પિટલનાં લાખોનાં બનાવટી બીલ સામે નિસ્વાર્થ સેવાનાં આવાં અનુકરણીય ઉદાહરણો પણ થોડાંક હોવાનાં. એનો વ્યાપ વધે એ માટે આચાર્યશ્રી એને પત્રોમાં ટાંકતાં રહે છે. સાથોસાથ, સાધર્મિક સેવા બાબતે પણ ખાસ ધ્યાન દોરતા રહે છે. (પત્ર-૭) એટલું જ નહીં, સૌ કોઈને સેવાનો લાભ મળે ને એમાં વારોફેરો ટળે એની ટકોર પણ કરે છે, આમ : 'પોતાના ધર્મમાં માનતા હોય તેમને સહાય કરવી તે માનવતા. પોતાની કોમવાળાને સહાય કરવી તે કોમવાદ અને ધર્મ તથા કોમથી ઉપર ઊઠીને જરૂરિયાતવાળા દરેકને સહાયરૂપ બનવું તે હિંદુત્વ, તે અધ્યાત્મ'. (પત્ર-૩)

આવા સેવાકાર્યમાં દેખાદેખી પણ ઓછી નથી હોતી. એવી દેખાદેખીથી જેમની સેવા કરી હોય તેમનું ગૌરવ અળપાય ને સેવાની ગરિમા પણ ઝાંખી થાય. એ બાબતે આચાર્યશ્રી માને છે કે આવો સેવાદાખડો હૃદયંગમ અનુકંપાને રોળી નાંખે છે અને માંડમાંડ ભેળા થતા પુણ્યને ઢોળી નાંખે છે. એવું ન બને તે માટે સાતમા પત્રમાં એમણે સેવાકાર્ય વિશે વિગતવાર માર્ગદર્શન આપ્યું છે. અને દેનારો મોટો ને લેનારો નાનો એવો ભાવ ક્યાંય ન જાગે, લેનારો જરાય ઉપકારવશ ન લાગે એની તકેદારી રાખવા સૂચન કર્યું છે. એ અનુસંધાને દસમા પત્રમાં પણ ૧. સમસંવેદન ૨. દાન ૩. પ્રમાણિકતા અને ૪. પ્રાર્થના, એવા ચાર સ્તરના પ્રજાકીય અભિગમનું વિવરણ કર્યું છે.

જોકે આવું કરુણામય વાતાવરણ પ્રસંગોપાત છે. એ કાંઈ લાંબો વખત ટકવાનું નથી એની દહેશત આ રીતે વ્યક્ત થઈ છે : 'આ અનુકંપા જો આપણો - માનવજાતનો સ્થાયીભાવ-કાયમી સ્વભાવ બની જાય તો કેવી મજા પડી જાય! દુર્ભાગ્યે આવું બનતું નથી. જ્યાં લોકડાઉન દૂર થશે, Corona નો ભય ઓસરશે કે આપણે હતા ત્યાં ને ત્યાં! પછી આ એકાત્મભાવ આ સહાનુભૂતિ જાણે હવામાં ઊડી જશે. (પત્ર-૨) આ જ તો મનુષ્યસ્વભાવ છે. ભૂતકાળનો માનવવ્યવહાર પણ એનું સમર્થન કરે છે. છતાં અંધારાં ઉતરી આવ્યાં હોય ત્યારે સેવા કરુણાના નાનામોટા દીવા ઝળહળી ઊઠે છે ઠેકઠેકાણે. જેના અજવાળાં મુસીબતોને આઘી ઠેલે છે. થોડી વાર; પછી એના સ્વાર્થી ધુમાડા વાતાવરણને ખરડે છે, ફરીવાર ભ્રષ્ટાચારની કાળીમેંશ આ કારુણ્યદીપને રાણો કરે છે. આચાર્યશ્રીએ સરકારી કે સંસ્થાકીય ભ્રષ્ટાચારના અભાવથી પ્રસન્ન થઈને આરંભના પત્રોમાં લખ્યું હતું: (ભ્રષ્ટાચાર કરવાની) આવડત આ કોરોનાકાળમાં ભાગ્યે જ જોવા મળશે.. (મૃત્યુના ભયે) આ સંકટકાળ ભ્રષ્ટાચારમુક્ત રહી શક્યો છે (પત્ર-૧૦) પરંતુ પછી આંખ ઉઘાડી નાંખતા ભ્રષ્ટાચારના અઢળક દાખલા આચાર્યશ્રીના જાણવામાં આવે છે ત્યારે કબુલાત કરતા લખે છે: 'અગાઉ આ પત્રમાળામાં આ વખતે ભ્રષ્ટાચાર નથી એવા મતલબનું લખાયેલું તે આ લખનારના અજ્ઞાનની નીપજ હતી, એમ લખનારને હવે જ્ઞાન લાધ્યું છે. (પત્ર-૨૫)

આચાર્યશ્રીએ કેટલાક પત્રોમાં, કોરોના મહામારીનાં સંભવિત કારણોની મૂળગામી ચર્ચા પણ કરી છે. એમાં એક છે આધુનિક જીવનશૈલી. આધુનિક જીવનશૈલીનો ભોગ બને છે પ્રકૃતિ. એક રીતે તો માનવી પણ પ્રકૃતિનો જ અંશ છે. બૌધ્ધિક ક્ષમતાને લીધે એ પૃથ્વીનાં સૌ સંતાનોમાં સમજદાર છે. એટલે પૃથ્વીના પર્યાવરણને જાળવવાની એની જવાબદારી પણ મોટી છે. આચાર્યશ્રી વારંવાર એની યાદ અપાવતા રહે છે. બાવીસમાં પત્રમાં પૃથ્વી, પવન, પાણી, અગ્નિ ને આકાશ - એ પંચભૂતોને માનવજાતે પહોંચાડેલી હાનિનો સંક્ષિપ્ત ચિતાર આપીને આચાર્યશ્રી લખે છે: 'આમ આભ ફાટ્યું

છે, કોરોના તો એ માટેનું એક સિગ્નલ છે.' અન્ય એક પત્રમાં પણ આચાર્યશ્રી લખે છે : 'માનવીએ પ્રકૃતિ પ્રત્યે જે ઘોર અપરાધ આચર્યા છે તેનું આ પરિણામ લાગે છે. પ્રકૃતિની જાળવણી એ ધર્મ છે, એ ધર્મને માણસ છોડી બેઠો છે... માણસની પ્રકૃતિ ઉપર પ્રભુત્વ મેળવવાની તાલાવેલીનું પરિણામ તે Corona જેવી મહામારીઓ અને વિવિધ કુદરતી આફતો... વીફરેલી પ્રકૃતિ દ્વારા માનવજાતને કરવાની શિક્ષાના કાર્યક્રમની આ કદાચ શરૂઆત છે... આ વાઈરસ માનવીની પ્રપંચલીલાનું પરિણામ હોય તો પણ, તેનો ઉપયોગ કરીને પ્રકૃતિએ માનવી સામે જાણે વેર વાળવાનું આદરી દીધું છે.' (પત્ર-૨૫)

આચાર્યશ્રીએ અઠ્યાવીસમા પત્રમાં શ્રી અતુલભાઈ બાપુ (સુરેન્દ્રનગર) કથિત જે પ્રાણીકથા ઉતારી છે તે પણ જૈવિક સમતુલા જાળવવાનો જ બોધ આપે છે. મહાભારતમાં (જેમકે (મૃગસ્વપ્નો-દ્ભવપર્વ')અને જાતકકથાઓમાં (જેમકે, ધ્યગ્ઘ જાતક'માં પણ મનુષ્યને ચેતવણી આપતી અનેક કથાઓ મળતી જ રહી છે. તેમ છતાં હજીય માણસજાતે ધડો લીધો હોય એમ લાગતું નથી. એનાં બે ઉદાહરણ પણ આચાર્યશ્રીએ આપ્યાં છે. એક ઉદાહરણ છે ઓસ્ટ્રેયિાના જંગલમાં લાગેલી આગનું એ આગમાં એક અબજ કરતાંયે વધુ વનવાસી પ્રાણીઓ બળી મર્યાં હતાં... આ આગ માટે તે દેશે ઊંટને જવાબદાર ગણ્યાં અને લોકોએ સિત્તેર હજાર સશક્ત ઊંટને ગોળીઓ મારી મારી નાંખ્યાં! (પત્ર-૩૭). બીજું ઉદાહરણ છે કોરોના વેક્સિન માટે, લીવર ઓઈલ મેળવવા, લગભગ પાંચ લાખ શાર્ક માછલીઓનું નિકંદન. આ બાબતના સમર્થનમાં આચાર્યશ્રી તા. ૧ ઑક્ટોબર ૨૦૨૦ના TWC India Edit Teamના અહેવાલનો સંદર્ભ પણ ટાંકે છે. (પત્ર-૩૯) આજે તો જુદાંજુદાં વેક્સિન લગભગ તૈયાર થઈ ગયાં છે ત્યારે એમાં જિલેટિનના ઉપયોગને લીધે કેટલાંય ધાર્મિક સંગઠનોએ બહિષ્કાર જાહેર કર્યો છે, તો બીજી બાજુ વેક્સિનમાં માનવભ્રૂણનાં ઘટક હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. આ બધાનો સાથલગો વિચાર કરતા લાગે કે 'અહિંસાસિદ્ધાંત' અને 'અદ્વૈતદર્શન' એ કાંઈ વાયવી વાતો નથી, પણ પૃથ્વીની પ્રાકૃતિક સંપદા જાળવીને માનવ અસ્તિત્વ ટકાવી રાખવાનો મૂળભૂત કીમિયો છે; તાકીદે આચરણમાં ઉતારવો પડે એવો, અનિવાર્ય. એની પ્રસ્તુતતા જેટલી ભૂતકાળમાં નહોતી એટલી આજે છે.

• • •

હવે કેટલાક વિશિષ્ટ પત્રો વિશે.

આ પત્રશ્રેણી જૈનતીર્થ શેરીસા નિવાસ દરમ્યાન લખાઈ છે. એના લેખનકાળ દરમ્યાન ચાતુર્માસ, પર્યૂષણ જેવાં જૈન પર્વો પણ આવ્યાં છે. વળી લેખક જૈન સાધુ છે આ ત્રિવેણીસંગમને લીધે ઘણા પત્રોમાં જૈન સંદર્ભ આગળ તરી આવે છે. એમાં ત્રણેક પત્ર મુખ્ય છે. ૧. શેરીસાતીર્થ - મહાત્મ્યવર્ણન (પત્ર-૧૨). ૨. મહાવીરસ્વામી જન્મકલ્યાણક દિન (પત્ર-૫) અને વિજયનેમિસૂરિ મહારાજ ગુણસંકીર્તન (પત્ર-૧૭)

આમાંથી શેરીસા વિશેનો પત્ર તીર્થધ્વજારોહણ પ્રસંગે લખાયો છે. જેમાં આચાર્યશ્રી શેરીસાતીર્થના, ૧૨-૧૩મી સદીથી લઈને ૨૦ સદી સુધીના ઈતિહાસનું રેખાદર્શન કરાવે છે. અને તે દ્વારા માત્ર જૈનધર્મીઓને જ નહીં સૌ ગુજરાતીઓને તીર્થમહિમાથી અવગત કરે છે. આવા ઐતિહાસિક ધાર્મિક સ્થળે આચાર્યશ્રીના દીર્ઘકાલીન નિવાસને લીધે આપણને આ પત્રલાભ ધર્મલાભ મળ્યો. એ રીતેય શેરીસા સદા સ્મરણીય રહેશે.

શ્રી વીરપ્રભુ જન્મકલ્યાણકદિને લખાયેલો પત્ર પણ એવો જ અવિસ્મરણીય છે. મહાવીર સ્વામીનું ગુણસંકીર્તન તો ઘણા ગુરુ-ભગવંતોએ કર્યું છે. આ પત્રમાં આચાર્યશ્રી મહાવીર સ્વામીના ઓછા જાણીતા ચરિત્રવિશેષને ઉદ્‌ઘાટિત કરે છે, એ છે મહાવીર સ્વામીનું ગુરુચરિત્ર. તીર્થંકર મહાવીર સ્વામીને તો સહુ કોઈ ઓળખે, ગુરુ મહાવીર સ્વામીને ઓળખનારા બહુ થોડા એ સૌને મહાવીર સ્વામીની ગુરુમૂર્તિનાં દર્શન આચાર્યશ્રી આ પત્રમાં કરાવે છે. એ માટે મહાવીર સ્વામીના શિષ્ય ગૌશાલો અને ગૌતમના કથાપ્રસંગોને આચાર્યશ્રીએ ખપમાં લીધા છે. એ કથાનકોનું સંકલન અને પુનર્કથન એવી સર્જકતાથી થયું છે કે આખો પત્ર 'ગુરુમહિમા'નો નિબંધ બની રહે છે.

મહાવીર સ્વામીની ગુરુકૃપાના આ કથાનક સાથે 'રામચરિતમાનસ'ના ભુશંડીચરિત્રની તુલના કરી શકાય. એકવાર ઉજ્જૈનના મહાકાલ મંદિરમાં કાક ભુશંડી મંત્રજાપ કરી રહ્યા હતા. એ વખતે ગુરુનું આગમન થયું. અભિમાનવશ ભુશંડીએ ઊભા થઈ ગુરુનું સ્વાગત તો ન કર્યું, પણ બેઠાબેઠા ય પ્રણામ ન કર્યા. દયાળુ ગુરુએ શિષ્યોનો દોષ હોવા છતાં રોષ ન કર્યો. પરંતુ આદિગુરુ શિવ, સદ્‌ગુરુની અવહેલના સહી શક્યા નહીં અને ભુશંડીને (અજગર જેમ પડ્યો રહ્યો એટલે સો વાર સાપ થઈ જન્મવાનો) શાપ આપ્યો. મહાદેવના શાપથી શિષ્યની દુર્ગતિ જાણી, ગુરુએ **नमामीशमीशान निर्वाणरुपं** સ્તુતિ કરી મહાદેવને પ્રસન્ન કર્યા. એટલે થોડા સમયમાં સાપ એક વાર કાંચળી બદલે તેને એક ભુશંડીનો એક જન્મ ગણી) શાપનું નિવારણ થયું. આ કથાનકમાંથી પણ એવો બોધ મળે છે કે ગુરુ દરેક સ્થિતિમાં શિષ્યનું કલ્યાણ વાંછે છે. માયાવશ શિષ્યના અનેક કર્તવ્ય દોષ છતાં, ગુરુ સદૈવ કૃપા જ કરે છે. શિષ્ય પર ક્રોધ કરતા નથી કેમ કે **हशै रूष्टे गुरुस्त्राता, गुशै रुष्हे न कश्चन...।'**

શ્રી મહાવીર સ્વામીના ગુરુચરિત્રનું દર્શન કરાવતા આ પત્રના

અનુસંધાનમાં શ્રી વિજયનેમિસૂરિ મહારાજ અને એમના શિષ્ય શ્રી વિજય ઉદયસૂરિ મહારાજ વિશેનો પત્ર (ક્રમાંક-૧૭) વાંચીએ તો ગુરુશિષ્યસંબંધ કેવી અલૌકિક આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચી શકે તે જાણી શકીએ. શ્રી ઉદયસૂરિ મહારાજ કાળધર્મ પામ્યા તેનાં ૫૦માં વર્ષ નિમિત્તે, સ્મૃતિદિનની પૂર્વસંધ્યાએ લખાયેલા આ પત્રમાં આચાર્યશ્રીએ અંગત સંસ્મરણોનું તાદૃશ વર્ણન કર્યું છે, આ રીતેઃ 'ઈ. ૧૯૬૪માં એમનાં (ઉદયસૂરિ મહારાજનાં) પ્રથમ દર્શન પામ્યો... સાવ બાળક હતો. બાળમુનિ. પહેલી નજરે જ તેમનામાં 'દાદા' (નેમિસૂરિ મહારાજ) દેખાયા. એમને પણ બાળ સાધુ બહુ ગમતા. એટલે અમારી વચ્ચે દાદા-પૌત્ર જેવો અનુબંધ અનાયાસે રચાઈ ગયો. એ પછીના એમની પાસેનાં આમારાં તોફાનો, એ તોફાનોને મળેલી એમની સહજ સ્વીકૃતિને કારણે એ ચોમાસું જીવંત બની ગયું... એમની પાટતળે સૂઈને પાટ ઊંચી કરીએ... એમના ખોળામાં ધુબાકાભેર સૂઈ જઈએ ને પછી એમના ધબ્બા ખાઈખાઈને તૃપ્ત બનીએ... એ અમારાં જીવનની અનન્ય ધન્યતા હતી.' (પત્ર-૧૭)

આવું ભાવદ્ર આલેખન અને પ્રસંગોનું પ્રવાહી કથાકથન એ બંનેને લીધે આ પત્ર સાદ્યંત આસ્વાદ્ય બન્યો છે. આપણે તેને માત્ર પત્ર નહીં, ઉદયસૂરિજી વિશેનો ચરિત્રાત્મક નિબંધ પણ કહી શકીએ.

છવ્વીસમો પત્ર પણ એવો જ ચરિત્રાત્મક નિબંધ ગણાવી શકાય; મંત્રીશ્વર વસ્તુપાળના કેન્દ્રવર્તી ચરિત્રને લીધે મધ્યકાલીન ગુજરાતના પુણ્યશ્લોક મહાઅમાત્ય વસ્તુપાળ વિશે આચાર્યશ્રી લખે છેઃ 'ભારતવર્ષનાં તમામ પ્રાન્તો કે રાજ્યોના સદીઓના ઈતિહાસમાં ક્યાંય આવી ધાર્મિક ઉદારતા અને સમતા ધરાવતો કોઈ રાજપુરુષ થયો હોવાનું જાણ્યું નથી.' જોકે આ પત્રમાં રાજનીતિજ્ઞ વસ્તુપાળ કરતા કાવ્યજ્ઞ વસ્તુપાળનું વ્યક્તિત્વ વધુ આકર્ષક રીતે રજૂ થયું છે. પત્રના ઉત્તરાર્ધમાં, આચાયશ્રી વસ્તુપાળના એક સંસ્કૃત શ્લોકમાં વ્યક્ત થયેલી ભક્તહૃદયની આરત-પ્રભુદર્શનની ઝંખના-પછીથી શ્રાવકકવિ ઋષભદાસ, વૈષ્ણવકવિ પરમાણંદદાસ અને સાધુકવિ સમયસુંદરની રચનાઓમાં કેવી રીતે કાવ્યવિસ્તાર પામે છે તેનો સદૃષ્ટાંત આસ્વાદ કરાવે છે. આ આસ્વાદને આચાર્યશ્રીની સાહિત્ય પ્રીતિ અને સંશોધનવૃત્તિ બંનેનો લાભ મળ્યો છે. આચાર્યશ્રી સહૃદયી સાધુ અને વિદ્વાન સંશોધક જ નથી, કાવ્યરસિક મરમી ય છે એનો પરિચય આ પત્રાસ્વાદથી થાય છે.

એકબાજુ આવી કાવ્યરસિકતા છે તો બીજી બાજુ છે હૃદય વ્યાકુળતા. સોળમા પત્રમાં એ બંને એકરૂપ-ઓતપ્રોત બની જાય છે. આ પત્રમાં આચાર્યશ્રી 'ક્યાં સોવે ઊઠ જાગ બાઉરે!' એ આનંદઘનદીધી પંક્તિને વારંવાર ઘૂંટે છે, કોઈ કુશળ ગાયક પોતાનો 'સા' ઘૂંટે એમ, વારંવાર ઘૂંટાતી આ વ્યાકુળતા વધુ ને વધુ ઘેરી થતી જાય છે જેમ, પત્ર આગળ વધતો જાય છે તેમ.

આ અંતરસ્થ ગૂઢ ધનવ્યથા-વ્યાકુળતા, કંચનવર્ણા નાથનું મિલન ઝંખતી નાયિકાની દર્શનાભિલાષી તૃષાતુર આંખોની જેમ વરસી પડે છે, વાદળને બદલે; મરુભૂમિના રાગ 'માંડ'ના સૂરો આલાપતી, માંડમાંડ ગાતી કે 'મ્હારો કંચનવરણો નાહ રે, મ્હાંને કોઈ મેળાવો રે...' વર્તમાન સંજોગોમાં (દેરાસર-દર્શન બંધ હોવાને લીધે) શ્રી પ્રભુના અંગની ઝાંખી ને સ્પર્શની પ્રાપ્તિ સાવ છિનવાઈ ગયા છે, તે વિરહજન્ય વ્યથા વ્યક્ત કરવા માટેનું આ પ્રતિરૂપ આચાર્યશ્રીને આનંદઘનમાંથી ભલે જડી આવ્યું હોય, તેમાંની તીવ્ર પીડા તો પોતાની છે, સાવ અંગત આવી આતુરતા મીરાંમાં સીધી ને સોંસરી રીતે વ્યક્ત થાય છે. ('અખિયાં હરિદર્શન કો પ્યાસી...') તો ન્હાનાલાલમાં વાંકો વળાંકો ખાય છે. ('મારાં નયણાંની આળસ રે, ન નીરખ્યાં હરિને જરી...') આવી બે સામસામી ભાવસ્થિતિને સમાંતરે આચાર્યશ્રીની મનઃસ્થિતિ ઊંડેને ઊંડે ઊતરતી જાય છે, આ ત્રેવીસમાં પત્રમાં.

એક બાજુ આવી હૃદયની વ્યાકુળતા છે તો બીજી બાજુ છે મનની ક્ષુબ્ધતાં. એ ક્ષુબ્ધતા મનને કેવું વિહવળ બનાવી દે છે તેની સત્યાવીસમાં પત્રમાં નિર્મમ ચિકિત્સા છે. 'દિવસો થયા, વાતાવરણ સ્તબ્ધ છે. સ્થિર છે. નિશ્ચલ છે.' કારણ કે આજે પવન પડી ગયો છે. પવન વિનાની પ્રકૃતિના વર્ણન પછી 'બધું જ જ્યારે સ્તબ્ધ છે ત્યારે (એક ચીજ) ક્ષુબ્ધ છેઃ (એ છે) મારું મન'. - એ વાક્યથી વળાંક લઈ આ પત્ર આત્મલક્ષી અંગત નિબંધનું રૂપ લેતો જાય છે ને પછી વાક્યે વાક્યે મનની અકળ લીલા પ્રગટ થાય છે. જોકે આખા પત્રમાં ક્યાંય, આ ક્ષુબ્ધતા શાની છે તે આચાર્યશ્રીએ જણાવ્યું નથી, જરાંય, માનવમન આમ અકારણ ક્ષુબ્ધ બની જતું હોય છે. એ જ તો છે મનની મૂળ પ્રકૃતિ. એટલે અમન બનવા ધારણ કરી છે. સાધુવૃત્તિ.

• • •

આ સત્યાવીસમાં પત્રનો આરંભ નિબંધાત્મક છે, જ્યારે ઓગણીસમો પત્ર તો સળંગ લલિતનિબંધ જ કહી શકાય. આ પત્રમાં આચાર્યશ્રીની વર્ણનકળા એવી ખીલી છે કે શેરીસાતીર્થનો રમણીય પરિસર તાદૃશ થઈ ઊઠે છે, સાદ્યંત. આ પરિસરમાં વસતાં પંખીઓ - પ્રાણીઓ - જીવજંતુનાં સ્વાભાવિક ચિત્રો, આચાર્યશ્રીની કલમ-પીંછીના લસરકે એવાં અંકાતાં જાય છે કે એ બધાંય આપણી સામે દેખાય. અહીંના ઝાડ-પંખીનું સખ્ય-સાયુજ્ય કેવું છે તે નજરોનજર જુઓઃ '...અને લીમડા કો.ઓ. હા. સોસાયટીમાં રહેતાં વસાહતી પંખીઓને જરાક પ્રકાશ જડવો જોઈએ... એક પણ ઉપચાર વિના જ એ બધાં જાગી જાય....

જાગતાંવેંત પોતપોતાનાં ઘરમાંથી બહાર, આખા વૃક્ષને ભરડો લેતાં હોય તેમ (પરકમ્મા કરતાં હોય તેમ-પણ હોઈ શકે) ઊડાઊડ કરતાં જાય, ફેરફૂદરડી ફરતાં જાય ને સમૂહ કલરવથી ધરતીને આભ ગજાવતાં જાય. જાગવું એ જો જાગૃતિનો પર્યાય હોય તો એ જાગૃતિ કેવી હોઈ શકે તેનો ખ્યાલ પંખીઓની આ ચેષ્ટા જોઈએ તો જ આવે...' (પત્ર-૧૯)

આ પત્રનિબંધના અંતમાં, પરિસરનાં ભટકતાં કૂતરાનું વર્ણન તો ઘણું વિલક્ષણ છે. 'સૌથી વધારે કૌતુક જગાડે એ તો એમનું સમૂહ-રુદન. દિવસમાં ત્રણેક વાર, એ કશા જ કારણ-પ્રયોજન વિના, એક જ નિર્ધારિત દિશા તરફ દોડવા માંડે ને ગળાં ફાડી ગામ ગજવતાં પોક મૂકે. એકમેકનાં મોંમાં મોં ઘાલીને એને રડતાં જોઈ; શરૂઆતમાં ડર લાગતો... ભય લાગતો કે કશુંક અમંગળ થશે કે શું?' (પત્ર-૧૯). આ કૂતરાં ચણતાં પારેવાંને ચૂંથી નાંખે કે ભોળી ખિસકોલીને તરાપ મારી વીંખી નાંખે ત્યારે આચાર્યશ્રીનું હૈયું કકળી ઊઠે છે.

(પત્ર-૪૦માં કૂતરા-કરોળિયાની આવી શિકારીવૃત્તિનું વર્ણન છે.) એક સંવેદનશીલ માનવી લેખે અને જૈનધર્મના અહિંસાવાદી સાધુ તરીકે એ સ્વાભાવિક છે...

પણ પ્રકૃતિ તો કોમળ નહિ કઠોર હોય છે. પ્રકૃતિમાં **जीवो जीवस्य भोजनम्** એ નિયમન્યાયે આવી વૃત્તિ તો આહારચક્રનો એક ભાગ ગણાય. પ્રકૃતિજડ જીવોનું જીવન પરસ્પર આધારિત જ હોય. એમની માટે એ સ્વાભાવિક પણ માણસ માટે નહીં. કેમકે મનુષ્યે સંસ્કૃતિ ઊભી કરે છે. એ સાંસ્કૃતિક વિકાસની કોઈ ભૂમિકાએ અહિંસા વિચારની કૂંપળ ફૂટી હશે પહેલી વાર પછી ઋષિમુનિઓએ **आत्मवत् सर्वभूतेषु** નું મંત્રજળ છાંટી એને સિંચી-ઉછેરી હશે. પછી બુદ્ધ ને મહાવીર જેવા મહામનાએ આખી પૃથ્વી પર છાંયો પથરાય એવા ઘટાદાર ઝાડ સુધી વિસ્તારી ને પછી જતન કરીને જાળવી રાખી ગાંધીએ. એટલે તો શ્રીમન્ નૃસિંહાચાર્ય પરથમ પરણામ કરતાં ગાય છે 'પ્રાણીમાત્રને રક્ષણ આપ્યું, માન્યા પોતાના સહુને;/પુણ્ય અહિંસા આચરનારા વંદન હો પ્રભુ મહાવીરને'. આચાર્યશ્રી પણ 'સમ્યક્ત્વ'નું નિરૂપણ કરતા લખે છેઃ 'સમ્યક્ત્વ અને સમત્વ-બન્ને વચ્ચે અવિનાભાવ સંબંધ છે. કોઈપણ જીવમાં-જીવંત ચૈતન્ય ધરાવતા એકમમાં પોતાને જોવો-અનુભવવો એ છે સમત્વ... જે ક્ષણે પ્રાણીમાત્રમાં મમત્વ જ નહિ પણ સમત્વ-આત્મસમભાવ અનુભવતાં થઈશું તે ક્ષણે આપણે સમ્યક્ત્વના યથાર્થ અધિકારી થઈશું.' (પત્ર-૩૭) આ હૃદયભાવના અને અદ્વૈતસિદ્ધાંતની વિભાવના બંને લગોલગ આવી જાય છે અહીં.

આવા આવા કૈંક વિચાર આવતા જાય છે આ પત્રવચનના વેગવાન પ્રવાહમાં તણાતા તણાતા તો પછી પત્રલેખન વખતે આચાર્યશ્રીનો વિચારપ્રવાહ વળવળાંકો લઈ, કંઈક ચિંતનાત્મક ગદ્યખંડોનું રૂપ લે તેમાં શી નવાઈ! આવા કેટલાય ચિંતનાત્મક ખંડો આ પત્રધારામાં આવતા રહે છે. અવારનવાર તેમાં ૨૦,૨૯ અને ૩૪ ક્રમાંકના પત્રોને તો ચિંતનાત્મક નિબંધો જ કહી શકાય આ ત્રણે પત્રોમાંથી એકકે દૃષ્ટાંત જોઈએઃ

**પહેલો 'ત્રિમૂર્તિ' દર્શનઃ**

'ભારતીય ધર્મદર્શન પ્રમાણે ઈશ્વરનાં ત્રણ રૂપ છે - ત્રિમૂર્તિ, હેમચન્દ્રાચાર્યે નોંધ્યું છે કે **''एकमूर्तिस्त्रयो भागा ब्रह्मा-विष्णु-महेश्वराः** આ ત્રિમૂર્તિને હિન્દુમતમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર એવા નામે ઓળખવામાં આવે છે. આ ત્રણે તત્ત્વોનાં ત્રણ અલગ અલગ કાર્યો હોય છે. બ્રહ્મા એ સર્જનશક્તિ છે, વિષ્ણુ એ પાલનહાર છે. તો મહેશ એ સંહારક દેવ છે. જૈન મત અનુસાર જ્યારે ઉત્પત્તિ, સ્થિતિ અને લય-ત્રણે એકત્ર મળે અને અનુભવાય ત્યારે જ પદાર્થની સત્તા સિદ્ધ થાય છેઃ **उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्** શબ્દફેરે આ ત્રિમૂર્તિની સ્થાપના જ ગણાય. અંગ્રેજીમાં ઈશ્વર માટે પ્રયોજાતો શબ્દ છે God આમાં G For Generation, O for operation અને D For Distruction એમ ગોઠવી શકાય, અને તો એક સાવ નાનકડા શબ્દ દ્વારા ત્રિમૂર્તિનું દર્શન મળી રહે છે.' (પત્ર-૨૦)

હવે 'મૃત્યુ' વિશે, એબ્સર્ડ કહી શકાય તેવું, આધુનિક ચિંતનઃ 'મનુષ્ય, અને કોઈ પણ જીવ, જન્મ લે તે જ ક્ષણથી તેની મૃત્યુ ભણીની ગતિ આરંભાય છે. પળે પળે મૃત્યુ તરફ ગતિ કરતું શરીર તે જ જીવન....' (પત્ર-૨૯)

છેલ્લે ત્રીજા ચિંતનાત્મક પત્રનિબંધમાંથી 'ક્ષમાપના'નું મૌલિક અર્થઘટનઃ 'પર્યુષણનો સૌથી મોટો મતલબ-મકસદ છે આપણી જાતને દ્વેષથી, વેરભાવનાથી મુક્ત કરવી તે માટેનો રામબાણ ઉપાય છે ક્ષમા અને અવૈર-વૃતિ.... જો મનમાં જરાક અમથો પણ દ્વેષ, કલેશ, રીસ, ઈર્ષ્યા, ઘૃણા જેવો પદાર્થ સળવળતો હશે તો ક્ષમાભાવ નહિ ઊગે, અથવા ઊગે તો પણ દંભ હશે, શલ્ય હશે એ સાચા અર્થમાં ક્ષમા નહિ હોય... અહંભાવ ક્ષમા માટે ઘાતક પરિબળ છે.' (પત્ર-૩૪)

આચાર્યની અવ/ચિંતન સમૃદ્ધિ આ પત્રમાળામાં મોતી જેમ ઝળહળે છે. એમાંનાં થોડાંક વિચાર મૌક્તિકો આ રહ્યાંઃ

- જ્ઞાન તો પોતાની મહેનતથી મળતું હશે, પણ બોધ તો ગુરુકૃપા થકી જ સાંપડે.
- કર્મકાંડ મૂર્તિની નજીક લઈ જાય, જ્યારે પ્રાર્થના આપણને પ્રભુની પાસે પહોંચાડે.
- સ્વાર્થમુક્ત પ્રાર્થના એ આત્માનો પ્રસાદ છે.

- સાધુતાની સાધના એટલે અભયની સાધના.
- વૈરાગ્ય એટલે ઈચ્છાઓ પર પૂર્ણવિરામ.
- જીવન વિશે જેને સમજ નથી તે જ મૃત્યુથી ડરે છે.
- શરીર ને આત્માનું સંયોજન એ જો જીવન હોય તો શરીર અને આત્માનું વિભાજન છે મૃત્યુ.
- ક્ષમાપના જ ચિત્તના કોલાહલને શમાવી શકે છે.
- આતંક એટલે અંધારુ, કરુણા એટલે ઝળહળતો પથદીપ!
- અહિંસા વૈયક્તિક સત્ય છે અને હિંસા સામુહિક અસત્ય છે.
- પ્રગતિ તો 'કૃપા' વગર પણ થાય, ઉન્નતિ તો 'કૃપા'થી જ સંભવે.

આચાર્યશ્રીનો આ સૂત્રપાત એ જ આપણી માટે કૃપાપ્રસાદ!

• • •

આ પત્રોની વિધવિધ અભિવ્યક્તિ-શૈલી, એની ચિંતનસમૃદ્ધિ, એનું વર્ણનાત્મક, કથનાત્મક અને ત્મક ગદ્ય, એમાંની દૃષ્ટાંતકથાઓ ને કાવ્યરચનાઓ - આ બધાનું સાહિત્યિક દૃષ્ટિએ મૂલ્યાંકન કરી શકાય; પરંતુ હાલ તુરંત એ બધું બાકી રાખી અબીહાલ એક પ્રશ્ન મૂકું છું અહીં, એકાન્ત છોડી બહિર્જગતની ચિંતા કરવાનું કારણ શું?

૧. સાતસાત મહિના સુધી સતત પત્રો લખીલખી આચાર્યશ્રીએ સાધર્મિકોના મનોબળને ટકાવી રાખવાનું મોટું કામ કર્યું છે, આ સામ્પ્રત કટોકટીમાં આ પત્રો જ્યારે આચાર્યશ્રીના 'અતિદિવ્ય હસ્તાક્ષર'માં [આ શબ્દો સ્વયં આચાર્યશ્રીએ શ્રી ઉદયસૂરિ મહારાજના હસ્તાક્ષર માટે યોજ્યા છે (પત્ર-૧૭)] તેઓ વાંચતા હશે ત્યારે કેટલો સધિયારો મળતો હશે તેમને. હવે પુસ્તકરૂપે અનેક લોકો સુધી આ પત્રો પહોંચશે ત્યારે ઘણો મોટો સમૂહ એમાંથી જીવનબળ મેળવશે. એ દૃષ્ટિએ એનું અદકું મૂલ્ય છે. વાચકની ભૂમિકાએથી.

૨. પત્રલેખકની ભૂમિકાએથી તો એ આત્મજાગૃતિનું માધ્યમ છે. છેલ્લા પત્રમાં આ અંગત હેતુ પ્રગટ કરતા આચાર્યશ્રી લખે છેઃ 'કારોના-કાળ એ આપણો શૂન્યકાળ હતો... આ કાળમાં આપણે ધાર્યું હોય તો 'જાગી' શકાય એ રીતે આ જાગરણ-કાળ પણ હતો... લક્ષ્ય તો હતું જાગૃતિનું - જાગવાનું. પરંતુ જાગી શકાયું નથી, એ સ્વીકારું છું'. (પત્ર-૪૦)

જોકે, આ 'જાગ્યો નથી'ની પ્રતીતિ જ આત્મજાગૃતિનું ચિહ્ન ન ગણાય? ને જો ઊંઘી ગયા હોઈએ ઘસઘસાટ તો જગ આખાની ચિંતા કેમ કરી શકાય? આમ આ પત્રમાળા 'જાગરણ'નું પરિણામ છે. મંત્રજાગરણની જેમ આ પત્ર જાગરણ છે. જેમાં 'સામયિકચિંતન' અને 'સ્વરૂપચિંતન' જોડાજોડ ચાલે છે, મણકા ને સૂત્રની જેમ; અને એ બંને મળે તો જ (પત્ર)માળા બને.

છેલ્લે, રાજેન્દ્ર શાહની રચના 'શીમળાને' વિશે થોડીક વાત લખી, લેખનું સમાપન કરું. આ કાવ્યમાં મહા મહિનાનો શીતળ પવન ભિક્ષુક થઈને શીમળા પાસે આવે છે. કોઈ સાધુ આંગણે આવે તો એને કંઈક આપવું જોઈએ એમ માની શીમળો પોતાના પાનનું ઉપરણું સાધુને દાનમાં આપી દે છે. એ જોઈ કવિ લખે છેઃ

**ભિખ્ખુ થૈને તવ સમીપ જ્યાં આવિયો માઘ-વાયુ**
**ત્હેને ત્હારું પરણ તણું ત્હેં દૈ દીધું ઉત્તરીય**
ને ત્હારી નગ્ન કાય!

હવે કવિવિચાર આગળ ચાલે છે કે દાન દીધું એટલે દાનનું ફળ પણ મળવું જોઈએ. પાન ખરી ગયાં ને થોડા દિવસ વિત્યા પછી શીમળાને રાતાચટ્ટક ફૂલ ફૂટવાં માંડે છે એ જોઈ કવિ અંતમાં લખે છેઃ

**કાંટે કાંટે ફૂલ રતૂમડાં ફોરતાં શાં અસંખ્ય!**
**જાણે ત્હારું હાસ્ય કો ધન્યતાનું-સ્પર્શ્ય અગ્નિશિખાશું-**
**મ્હોરી ઊઠ્યું ધરી અનુપ સોહામણું દિવ્ય રૂપ!**

આ પ્રસન્નહાસ્ય એ જ દાનનું સુફળ. શીમળે પાંદડાં આપ્યાં, તો મેં લેખના કાગળિયા શીમળો તો ધન્ય બન્યો, મારા પર તો અનુગ્રહ થયો. કેમકે,

**दुर्लभो महतां संगोऽगम्योऽमोघश्च कथ्थते ।**
**स संगः सुलभो म्योऽमोघो जातः कृपैव सा ।।**

❖ ❖ ❖ ❖

સંપર્ક : 96647 33710

**પ્રબુદ્ધ જીવન સામયિકના લવાજમના દરો**

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ • ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૭૫૦ • પાંચ વર્ષનું લવાજમ રૂા. ૧૨૫૦ • દસ વર્ષનું લવાજમ રૂા. ૨૫૦૦**

**૧ વર્ષના લવાજમના $ 30 • ૩ વર્ષના લવાજમના $ 80 • ૫ વર્ષના લવાજમના $ 100 • ૧૦ વર્ષના લવાજમના $ 200**
વાર્ષિક લવાજમ આપશ્રી $ (ડૉલર)માં મોકલાવતા હો તો $ પાંચ બૅંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

# ભારતીય અને ગુજરાતી ભક્તિપરંપરાને સંદર્ભે 'અનુભવબિંદુ'નું મૂલ્યાંકન

ડૉ. ઉર્વશી પંડ્યા

**ભારતીય ભક્તિપરંપરા અને સાહિત્યની પશ્ચાદ્‌ભૂઃ**
**'ભક્તિ ઈઝ અ ડેમોક્રેટાઈઝેશન ઑફ લિટરરી લૅન્ગવેજ'**

('ઈન થિયરી'-ઈજાઝ અહેમદ-પૃ.૨૭૩)

ઈજાઝ અહેમદનું આ વિધાન ભક્તિપરંપરાએ આણેલા આમૂલ પરિવર્તન તરફ અંગુલિનિર્દેશ કરે છે. ભારતીય પરંપરામાં ભક્તિ અન્ય કોઈ પણ બાબત કરતાં સૌથી વધુ અસર કરનારી ઘટના બ્રાહ્મણવાદ સામેના પ્રચંડ વિદ્રોહની રહી છે. સવર્ણ અને નિમ્ન વર્ણના ચિંતકો-ભક્તકવિઓ દ્વારા બ્રાહ્મણ ઉચ્ચભ્રૂઓ પાસેથી સાહિત્યના એકાધિકારને આંચકી લઈ એ વૈભવ સામાન્યજનભોગ્ય બનાવાયો. એક તરફ નીચલા વર્ણને સાહિત્યોપભોગનો અધિકાર સાંપડ્યો, સાથોસાથ ભક્તિ દ્વારા ભારતના કારીગરવર્ગને વાચા મળી - તે સર્જનક્ષમ બન્યો. પરંપરાથી રૂઢિઓ વડે રુંધાયેલો અવાજ ભક્તિગાન દ્વારા મુક્ત થયો. આ સંદર્ભે અહેમદનું ઉપરોક્ત વિધાન પુષ્ટ થાય છે. આ વિધાન બીજી એક ભૂમિકાએ પણ વધુ સ્પષ્ટ થાય છે કે બ્રાહ્મણવાદની ઈશ્વર કે પરમાત્મા વિશેની વિતંડા અમૂર્ત વિભાવનાઓની ચર્ચામાં અટવાયેલી હતી. આ પ્રકારનું વૈયક્તિક સાહિત્ય સામાન્ય પ્રજાની સમજ બહારનું હતું. આવે વખતે ભક્તિએ માણસ અને ઈશ્વર વચ્ચે સીધો સંબંધ સ્થાપી જ્ઞાનવાણીને સંકુલતાની આડી-તીરછી અટવિઓમાંથી આઝાદ કરી. આમ બ્રાહ્મણોના એકાધિપત્યને કારણે નીચલા વર્ગની સમૃદ્ધ ચેતનામાં ધરબાયેલી વાણીને ભક્તિએ માર્ગ મોકળો કરી આપ્યો. જ્ઞાનપ્રાચુર્ય અને પાંડિત્યના ભાર તળે દબાઈને અતિસંકુલ બની ચોક્કસ મર્યાદિત સમૂહથી આગળ ન જઈ શકતી ભાષાને વિભાવનાઓમાંથી મુક્ત કરી સમાજના સાવ છેલ્લા સ્તરના માણસ સુધી પહોંચવા જેટલી સમર્થ કરી. આ જ ભાષાનું ભક્તિ દ્વારા થયેલું સાચું 'ડેમોક્રેટાઈઝેશન' છે.

પ્રત્યેક યુગના સાહિત્યને એનાં આગવાં મૂલ્યો, આગવી ઓળખ અને આગવું રૂપ હોય છે. સાહિત્યને ઘડનારી સામયિક અને સામાજિક આબોહવા દરેક યુગે ભિન્ન હોય છે. માનવજીવન અને સાહિત્ય પરસ્પર સંકળાયેલાં હોવા ઉપરાંત બેઉ અન્યોન્ય પ્રેરક, પોષક અને પૂરક છે.

માનવજીવનની સાથોસાથ સાહિત્યથી અભિન્ન એવું તત્ત્વ સમયનું છે. તત્કાલીન સમયના સંસ્કારોથી રસાઈને આવતું હોઈ કોઈ પણ યુગ કે ભાષાનું સાહિત્ય પોતાના સમયની ધાર્મિક, આર્થિક, સામાજિક કે ઐતિહાસિક પરિસ્થિતિ અને કટોકટીની અસર ઝીલીને જ નિર્માય છે. ભારતીય ભક્તિ સાહિત્ય મધ્યકાલીન યુગની ધાર્મિક અને રાજનૈતિક કટોકટી અને જનજીવન પરના એના ઘેરા પ્રભાવની નીપજ છે.

સમગ્ર ભારતીય ભક્તિસાહિત્યસર્જનમાં પાયારૂપ એકસમાન પશ્ચાદ્‌ભૂ જોઈ શકાય છે. મધ્યકાલીન યુગે ભારતમાં અવારનવારનાં વિદેશી-વિધર્મી આક્રમણોને કારણે ધર્મ અને સંસ્કૃતિના સંદર્ભે અસુરક્ષિત પ્રજા ધર્મ અને સંસ્કૃતિના જતન માટે મથતી હતી. આવે સમયે પ્રવર્તમાન દૂષણો સામે અસહ્ય ત્રાસદીમાં પણ માનસિક સલામતી આપે તેવા ધર્મની સ્થાપના અનિવાર્ય બની. આ કટોકટીમાં બ્રાહ્મણવાદના પ્રબળ વર્ચસ્વ સામેના પ્રતિકારરૂપે ઈશ્વર અને સામાન્ય માનવ વચ્ચે બ્રાહ્મણો જેવા કોઈપણ પ્રકારના માધ્યમ વિના જ સીધો સંબધ આવકાર્ય બન્યો. બ્રાહ્મણવાદ સામેના આ વિદ્રોહની ભૂમિકાએ ભક્તિ અને વિધિ-વિધાનોના પરંપરિત ખ્યાલને ધરમૂળથી બદલ્યો. આ વિદ્રોહે ભક્તિ અને ઈશ્વરોપાસનાને બ્રાહ્મણોના સીમિત ચોકામાંથી મુક્ત કરી અને સામાન્ય પ્રજાને એની અધિકારણી બનાવી. જો કે, ત્યાર પછીનાં વિદેશી આક્રમણોએ સમગ્ર પ્રક્રિયા રુંધી નાખી, છતાં એ નોંધપાત્ર છે કે સર્જનપ્રક્રિયાના વિકેન્દ્રીકરણની સમાજવ્યવસ્થામાં થનારા સત્તાના વિકેન્દ્રીકરણે શરૂઆત કરી.

''સામાજિક-ધાર્મિક સુધારાએ બુદ્ધકાળથી નીચલા વર્ગ અને સ્ત્રીઓના સમાવેશ દ્વારા પરિવર્તનની શરૂઆત કરી છે. બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મે આરંભેલી નીચલા વર્ગનો સમાવેશ કરવાની આધ્યાત્મિક પ્રવૃત્તિમાંની પરંપરાનું પુનરાવર્તન ભક્તિમાં પણ જોવા મળે છે.''

ઈતિહાસકાર રોમિલા થાપરનું આ અવલોકન ભારતનાં પ્રત્યેક પ્રાંતમાં થયેલી ભક્તિચળવળનાં અનુસંધાનમાં સાચું છે.

દક્ષિણમાં પણ રૂઢિગત સત્તા સામે ટકી રહેવા માટે જ

ભક્તિનો આશ્રય લેવાયો હતો. દેશ, ભાષા અને પ્રજાના સંસ્કાર - આ ત્રણેયને પાવન કરી કર્ણાટકમાં ઉજ્જવળ આધ્યાત્મિક અને નૈતિક પરંપરાનું નિર્માણ કરનાર બારમી સદીના મધ્યભાગનું વચન સાહિત્ય બશેશ્વર, અલ્લમપ્રભુ, અક્ક મહાદેવી, પદમરસ અને રાઘવાંક જેવા વચનકારો વડે સંપન્ન અને પરિપક્વ બન્યું. સમગ્ર વચન સાહિત્યમાં વિધિ-વિધાનોનો નિષેધ અને બ્રહ્મત્વ મનાતા શિવની એકનિષ્ઠ ઉપાસનાનો સૂર જોવા મળે છે. મધ્યકાલીન દક્ષિણ ભારતનું વચન સાહિત્ય પણ વૈદિક બ્રાહ્મણોની ધર્મસત્તાના બહિષ્કારનું જ રૂપ હતું. 'તમિળ ભક્તિ એ દક્ષિણનું આર્યીકરણ ન થઈ જાય એ માટેની ચળવળ હતી.'[૨] ભારતીય સંસ્કૃતિના બંધારણમાં ભક્તિનાં પરિબળે અન્ય એક ઠેકાણે મહત્ત્વનો ભાગ ભજવ્યો. ૬ઠ્ઠી-૭મી સદીમાં લોકપ્રિયતાના શિખરે પહોંચેલા નયનાર-આળવાર પંથોએ બૌદ્ધ ધર્મના વિસ્તારને સફળતાથી નાથ્યો. આમ જે ભક્તિનાં મૂળિયાં બ્રાહ્મણવાદના પ્રતિકારમાં છે એ જ ભક્તિએ 'હિન્દુતત્ત્વ' ટકાવી રાખવામાં પણ સિંહફાળો આપ્યો છે. અહીં આપણે સ્પષ્ટતા કરી લેવી જોઈએ કે બૌદ્ધ અને જૈન ધર્મ સામે પોતાની ઓળખ ટકાવી રાખવા ત્રીજી-ચોથી સદીમાં બ્રાહ્મણવાદે નાનીનાની આદિવાસી જાતિઓનાં દેવી-દેવતાઓનો સમાવેશ આર્ય દેવોમાં કર્યો ત્યાર પછી જ 'હિન્દુ ધર્મ' જેવી સંજ્ઞા વાપરી શકાઈ.

**ગુજરાતમાં ભક્તિ અને અખોઃ**

૧૨૯૭માં અલાઉદ્દીન ખીલજીના સરદાર અલફખાન સામેના યુદ્ધમાં ગુજરાતનો છેલ્લો રાજા કર્ણદેવ હાર્યો. એ પછી ગુજરાતની પ્રજાની પરતંત્રતાને કારણે બળાત્કાર, મંદિર-મૂર્તિ ભંજનની ઘટનાઓ સામાન્ય બની.

વિદ્વાનોના રાજ્યાશ્રયો સ્થગિત થયા. સંસ્કૃતનો અભ્યાસ બંધ થયો. પરધર્મીઓ દ્વારા વટાળવૃત્તિ વેગવાન બની. આમાં પ્રજા ધાર્મિક, સામાજિક અને નૈતિક રીતે નિર્માલ્ય બનતી ગઈ. રાજકીય, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક અંધાધૂંધીનો આ કાળ ઈ.સ. ૧૪૦૦ સુધી રહ્યો. આવા કાળમાં સામાજિક સ્થિરતા માટે હિન્દુઓનાં જ્ઞાતિનિયમો અને પ્રથા વધુ ચુસ્ત તેમ જ સંકુચિત બન્યાં. ઐહિક જીવન તરફનું નૈરશ્ય પ્રજાને પારલૌકિક ચિંતન તરફ દોરી જનારા મૌલિક સર્જનનું કારણ બન્યું. પ્રજાના ધાર્મિક સંસ્કારો ટકાવી રાખવા પૌરાણિક આખ્યાનો દ્વારા અપાતો માણભટ્ટોનો સાહિત્યોપદેશ વ્યાપક બન્યો. ૧૫૭૩માં સ્થપાયેલા અકબરના શાસન બાદ ૧૫૯૩થી ૧૬૬૩ના સમયે મધ્યકાલીન ગુજરાતમાં શાંતિ અને સંવાદિતા સ્થપાયાં હોવા છતાં વહેમ, અંધાધૂંધી, આડંબર, વિલાસિતા અને અંધશ્રદ્ધાની ગર્તામાં સબડતી પ્રજાના પથનિદર્શનની અનિવાર્યતા ઊભી થઈ. આ સ્થિતિમાં સંતો અને ભક્તકવિઓએ પોતાની વાગ્મિતાનો આશ્રય લીધો.

પ્રેમલક્ષણા ભક્તિનું અમૃતપાત્ર મધ્યકાલીન પ્રજાને આપનાર રાજપૂત કુળની મીરાંએ ચમાર રોહિદાસને ગુરુ તરીકે સ્વીકારી ભક્તિની આહ્લેક જગાવી તો નાગર કુળના નરસિંહની વાણીએ ઈશ્વરને બ્રાહ્મણોના વાડામાંથી મુક્ત કરી હરિજનવાસ સુધી લઈ જવાનું ભગીરથ કાર્ય કર્યું.

૧૭મી સદીમાં તત્ત્વજ્ઞાની કવિ અખાના વિપુલ, વૈવિધ્યપૂર્ણ અને સમૃદ્ધ સાહિત્યે મધ્યકાલીન ગુજરાતી પ્રજાના બંધિયાર મનજળ ડહોળી નાખ્યાં. નરસિંહ-મીરાં દ્વારા જ્ઞાતિભેદ ભૂંસવાનું કર્મ થયું તો અખાએ સરળ છતાં મર્મસ્થાને ઘા કરનારી પોતાની અક્ષયવાણી દ્વારા જનમાનસની શુદ્ધિનો સ્તુત્ય પ્રયાસ કર્યો. સત્તરમી સદીના આ કાળખંડમાં અખા ભગત જેવા વેદાંતીએ પોતાના સમગ્ર સર્જનકાળ દરમ્યાન કરેલી રચનાઓ પૈકી બે - 'ગુરુશિષ્ય સંવાદ', 'અખેગીતા'માં તે કૃતિઓના રચનાકાળનો ઉલ્લેખ કર્યો છે જે પરથી તેનો સમય વિક્રમ સંવત ૧૭૦૧ થી ૧૭૦૫નો છે એમ ફલિત થાય છે.

''સંવત ૧૭૦૫ સત્તર પંચમે શુક્લ પક્ષ ચૈત્રમાસ,

ઈ.સ. ૧૬૪૨ની આસપાસ સોમવાર રામનવમી હવો પૂરણગ્રંથ પ્રકાશ'' - ('અખેગીતા' અંતિમ પંક્તિ)

અખાએ પોતાનું સમગ્ર તત્ત્વજ્ઞાન 'અખેગીતા', 'ગુરુશિષ્ય સંવાદ', 'ચિત્તવિચાર સંવાદ' અને 'અનુભવબિંદુ'માં સંચિત કરી ગુજરાતી પ્રજાને આપ્યું.

અખાના તત્ત્વજ્ઞાનના બધા જ અધ્યાસોનું કેન્દ્ર તે 'બ્રહ્મ સત્ય, જગત મિથ્યા' છે એમ કહી શકાય. બ્રહ્મતત્ત્વનો મહિમા, એની એકમેવતા, મૂળભૂતતા, શાશ્વતતા અને જીવ સાથેની એકરૂપતા એ અખાની અક્ષયવાણીનો સાર છે. જીવ અને શિવની એકાત્મકતાની સૂઝ અખાને અદ્વૈતવાદનો સમર્થક બનાવે છે. 'અખેગીતા', 'છપ્પા', 'ગુરુશિષ્ય સંવાદ' અને 'ચિત્તવિચાર સંવાદ'માં અખો ગુરુ, શિષ્ય, માયાનું સ્વરૂપ, જગતનું મિથ્યાત્વ, એ મિથ્યાત્વજનિત બાહ્યાચારો અને બ્રહ્મનો મહિમા જેવા વિષયો પર તલસ્પર્શી

ફિલસૂફી રજૂ કરે છે, તો 'અનુભવબિંદુ'માં પોતાને બ્રહ્મસ્વરૂપનું જે જ્ઞાન લાધ્યું છે, તેનો જે અનુભવ થયો છે તેનું વિધવિધ પ્રતીકો, કલ્પનો, રૂપકો અને અલંકારો વડે રસગાન કર્યું છે.

**અનુભવબિંદુઃ-** ચાળીસ છપ્પામાં રચાયેલી આ કૃતિના શીર્ષક વિશે અનેક મતમતાંતરો છે, પણ નર્મદાશંકર દેવશંકર મહેતાના સંશોધનગ્રંથ 'અખાકૃત કાવ્યો ભાગ ૧માં આ કૃતિનો જે અર્થ આપ્યો છે તે પ્રમાણે બિંદુનો અર્થ માત્ર ટપકું ન લેતાં ગંભીર વિચારનું એકીકરણ એવો અર્થ લેવા જણાવ્યું છે અને લખ્યું છેઃ 'વેદના શાસ્ત્રનું તાત્પર્ય જેમાં એકત્ર થયું છે એવા પ્રકરણને બિંદુ નામ આપવામાં આવે છે, જેમકે શંકરાચાર્યની 'દશ શ્લોકી' પરની મધુસૂદન સરસ્વતીની ટીકાને 'સિદ્ધાંતબિંદુ' કહે છે. અખાએ શ્રવણકાળે અ ગ્રંથોના નામ સાંભળેલા તે પરથી પોતાના પ્રકરણને 'અનુભવબિંદુ' એવું નામ આપ્યું જણાય છે.' (અખાકૃત કાવ્યો ભાગ - ૧ નર્મદાશંકર દેવશંકર મહેતા. પૃ. ૧૨૫) આ વિધાન પરથી માની શકાય કે અખાએ આ નામ જાતે આપ્યું હશે.

'અનુભવબિંદુ' એટલે બ્રહ્માનુભવનો સમગ્ર આહ્‌લાદ જેમાં વર્ણવાયો છે તે વિચારપ્રવાહ.

'અનુભવબિંદુ'ના છપ્પાની રચનામાં રોળા-ઉલ્લાળા છંદનો વિનિયોગ કર્યો છે. તેમાં પ્રથમ છપ્પાને બાદ કરતાં બાકીના પ્રત્યેક છપ્પાનાં પ્રથમ ચાર ચરણ રોળાનાં અને છેલ્લાં બે ચરણ ઉલ્લાળાના એમ છ ચરણવાળી ટૂંકની રચના છે. પરંપરા મુજબ પ્રથમ છપ્પામાં પ્રભુને પ્રણામ કરે છે, પણ આ સાથે જ બ્રહ્મના ગુણવર્ણનનો આરંભ કરે છે. ઈશ્વરના સ્વરૂપવર્ણનથી આરંભાઈને બ્રહ્મના સ્વરૂપ, તેનો મહિમા, તેનો અનુભવ અને એ અનુભવના આનંદને વર્ણવતી, વિકસતી કૃતિમાં અખાનો '**अहम् ब्रह्मास्मि**', **ब्रह्म सत्य जगमिथ्या**'નો બુલંદ ઘોષ ગાજે છે.

પરબ્રહ્મના અનુભવનું આલેખન જેમાં કેન્દ્રસ્થાને છે તેવી આ કૃતિમાં પરબ્રહ્મની સ્તુતિમાં 'નિર્ગુણ ગણપતિ'ના નિર્દેશવાળા મંગળાચરણ પણ ભાવકને શરૂઆતમાં જ પોતાની કાવ્યમય સ્પર્શક્ષમતાથી વશમાં કરે છે.

'અનુભવબિંદુ'ની ગૂઢ તત્ત્વમીમાંસા પણ અખાએ યોજેલાં ધ્યાનાકર્ષક કલ્પનો, પ્રતીકો અને અલંકારોની અદ્વિતીયતા અને તાજગીને કારણે સરળ પ્રભાવનશીલતા ધરાવનારી અને રસપ્રદ બને છે.

૧ થી ૭ છપ્પામાં નિરૂપિત બ્રહ્મનું સ્વરૂપવર્ણન, ૮ થી ૧૦ અને ૧૬માં છપ્પામા જીવ-બ્રહ્મની એકાત્મકતા, ૧૭-૧૮માં બ્રહ્મની સર્વવ્યાપકતાની વાત અખાએ કરી છે. ૧૯ થી ૨૩ સુધીના છપ્પામાં જીવ-બ્રહ્મની ભિન્નતાનાં કારણો, ૨૪ થી ૨૬માં જીવ અને બ્રહ્મના ભ્રામક ભેદ ભૂંસવાના ઉપાયોનું આલેખન કર્યું છે જેમાં અખો પોતાનાં વિશિષ્ટ કવિકર્મ અને બ્રહ્મના સારતત્વની ઊંડી સમજણનું સુંદર સાયુજ્ય સિદ્ધ કરવામાં સર્વથા સફળ થાય છે. આ સંદર્ભે 'અનુભવબિંદુ'ના તત્ત્વવિચારને ત્રણ ખંડમાં વિભાજિત કરી તેના હાર્દને સમજવાનું-પામવાનું સરળ બને.

૧. બ્રહ્મનું સ્વરૂપવર્ણન - તેની સર્વવ્યાપકતા

૨. જીવ અને બ્રહ્મનું ઐક્ય

૩. જીવ - બ્રહ્મની ભિન્નતાના ભ્રમનાં કારણો અને ઉપાયો.

'અનુભવબિંદુ'માં બ્રહ્મસ્વરૂપનું વર્ણનઃ અનામ, અરૂપ, અગોચર અને સત્ત્વ રજસ, તમસથી વેગળો ત્રિગુણાતીત નિર્ગુણ એવા બ્રહ્મ સુધી પહોંચવા બુદ્ધિ-વાણી સમર્થ નથી એમ કહી અખો બ્રહ્મ માટે 'અણછતો' વિશેષણ પ્રયોજે છે.

'છતો' - હોવું અથવા 'સત્' (To be) આ ભાવ તે અહમ્‌ભાવ કે દેહભાવ છે, પણ બ્રહ્મની વાત કરતા 'હોતા' સાથે 'અણ' જેવા પૂર્વપ્રત્યયનો વિનિયોગ કરીને બ્રહ્મના દેહભાવથી પર હોવાપણાની વાત કરી છે.

આવો બ્રહ્મ અચ્યુત (ન ચળનાર), અક્ષર, નિરંગ, નિર્વર્ણ અને પંચમહાભૂતાતીત છે એમ કહી અખો અનેક રીતે બ્રહ્મના નિર્ગુણત્વની વાત કરે છે.

૩જા છપ્પામાં આ જ નિર્ગુણ સ્વરૂપનો જીવ અંશ છે તેવું 'તત્ત્વમસિ' (છે), **तत्** (તે), **त्वम्** (તું), **आस** (છે), તું છે' એમ કહી અખો બ્રહ્મ અને જીવના ઐક્યની વાત વડે અદ્વૈતવાદનુ સમર્થન કરે છે. તત્ત્વમસિના ત્રણ ભેદ જીવ, ઈશ્વર અને કૈવલ્ય પણ બ્રહ્મસર્જિત માયાના પ્રપંચનું જ પરિણામ છે. તેથી જીવમાં ચિત્ત, બુદ્ધિ, અંતર અને અહમ્ એમ ચાર સ્થળે અસત્ વસે છે, જ્યારે આ ચારેયથી પર એવા સત્ એટલે કે બ્રહ્મ સાથેના ઐક્ય માટે જીવે પોતાનામાંના અસત્‌થી મુક્ત થવાનું છે એમ અખો પરોક્ષ સૂચન કરે છે.

આમ ત્રીજા છપ્પામાં અખો જીવ-બ્રહ્મની અભિન્નતા

અને ભ્રામક ભિન્નતાનું કારણ બતાવી આપી તરત જ ચોથા છપ્પામાં તેનું નિવારણ પણ બતાવે છે. જીવ સાંસારિક પ્રપંચો અને માયામાં ફસાઈ નિજરૂપથી વિચ્છેદાય છે. માયાજનિત ભ્રામક ભેદને કારણે તેના હૃદય વિશે વ્યાપેલો અંધકાર દૂર કરવા સૂર્ય જેવા ગુરુની ઉપાસના આવશ્યક ગણાવી છે.

અખાનો સમગ્ર તત્ત્વવિચાર અને એના નિરૂપણ માટે તેણે પ્રયોજેલાં કલ્પનો, રૂપકો અને અલંકારો પરથી તેના સંસ્કૃતના અભ્યાસ-પરિચયનો ખ્યાલ આવે છે.

**''अज्ञान तिमिरांधस्य ज्ञानार्जन शलाकया।**
**चक्षुरुन्मिलितं येन तस्मै श्री गुरवे नमः।।''**

આગળના છપ્પામાં વેદાંતને મહામત ગણાવી અખો સ્થૂળ દેહ તે વાસના દેહ, સૂક્ષ્મ દેહ તે અંતઃકરણ, કારણ દેહ તે સર્વેનું કારણ અને મહાકારણ તે બ્રહ્મ એમ લિંગચતુષ્ટયની વાત કરે છે, પણ બ્રહ્મ નિરાલંબ છે અને સર્વને ધારનાર છે એવી અભિવ્યક્તિમાં અખો જીવના વાસના દેહ, અંતઃકરણ અને કારણ દેહનું નિમિત્ત પણ બ્રહ્મ જ છે એમ સૂચવે છે.

પંચમહાભૂત અને પાપ-પુણ્યથી પર એવો બ્રહ્મ સૂર્ય સમા ગુરુના હૃદયમાં જ છે. ગુરુએ આપેલા જ્ઞાન વડે જ માયાથી વેગળા થઈ બ્રહ્મ સાથેના 'સ્વ'ના ઐક્યની પ્રતીતિ થાય તેમ અખો દઢપણે માને છે. તેથી જ તે કહે છેઃ

'ઓળખ અખા સદ્‌ગુરુ હૃદે'

(રમણ મહર્ષિઃ 'હૃદયકૂતર મધ્યે કેવલં બ્રહ્મ મંત્ર')

બ્રહ્મ સ્થળ (સ્થાન) અને કાળથી પર અને એવા સર્વવ્યાપક છે. બ્રહ્મ પચીસ તત્ત્વોની પ્રકૃતિથીય પર અપ્રાકૃત છે. એ માટે અખો સૂર્યનું જ પ્રતીક ફરી પ્રયોજે છે. જેમ સૂર્ય અળગો-વેગળો રહીને પ્રકાશ આપે તેમ બ્રહ્મ પણ અળગો રહીને જ સૃષ્ટિને સંચલિત કરે છે, ઉજાળે છે. આમ અખો એક જ પ્રતીક દ્વારા જુદાજુદા વિચારને જુદી ભૂમિકાએ રજૂ કરે છે. તેમાં તેની પ્રચંડ કવિત્વશક્તિની પ્રતીતિ થયા વિના રહેતી નથી.

જેમ સદ્‌ગુરુ અને બ્રહ્મને એક ગણ્યા છે તેમ અખાએ બ્રહ્મને જ ગુરુપદે સ્થાપ્યા છે. તે સદ્‌ગુરુને જ બ્રહ્મ માને છે. આ બ્રહ્મના રહસ્યનું જાણપણું તે અખાને મન મહાપદનો મર્મ છે. અશરીરી (બ્રહ્મ)ના આ ભેદને જાણવા ચર્મદેહ સમર્થ નથી. દર્પણમાં દેખાતાં પ્રતિબિંબ સત્ય નથી, ભ્રમ છે, તેમ આ જગત માત્ર ભાસ છે. એક દીપડામાંથી જેમ અનેક દીપડા પ્રગટે તેમ બ્રહ્મમાંથી આખું વિશ્વ પ્રગટ્યું છે. જેના તેજથી સમસ્ત વિશ્વ પ્રકાશમાન છે તેવો બ્રહ્મ જ જગતનિયંતા છે.

: ક્રમશ

❖ ❖ ❖ ❖

સંપર્ક : 99870 16306

## ફરીએ તો વિસ્તરીએ – ૧૦ :

# જ્યાં હવામાં ફરફરતી પ્રાર્થના

**જેલમ હાર્દિક**

થઈ ગયા' ને બધા તાજાં-માજાં? જુઓ ને, અત્યાર સુધીમાં ભૂતાન વિષે આપણે કેટલું બધું જાણ્યું...! થિમ્પુ ગામમાં ફર્યા, હૉસ્પિટલ જોઈ ને પેલા સોનેરી 'ગ્રેટ' બુદ્ધને પણ મળી આવ્યા. હવે એમનું ટેક્સ્ટાઈલ મ્યુઝિયમ જોવાનું હતું. ત્યાં સ્વાભાવિક રીતે જ એમનો સાંસ્કૃતિક વારસો જળવાયેલો જોયો ને સાથે જોઈ એમની ભાતીગળ બનાવટો; ખાસ કરીને એમનું કાપડ... રંગો અને વણાટની એમની આગવી છાપવાળાં એ પરંપરાગત કપડાં પહેરીને હરખાવાનું હવે છોડાય..? આમેય આપણે માઉન્ટ આબુ જઈએ કે મનાલી, ભલે એકદમ હસવા જેવાં દેખાતા હોઈએ તોય ત્યાંના લોકો જેવાં કપડાં પહેરીને ફોટા પડાવીએ છીએ ને...? અરે, ભૂતાનના પાંચમા અને પ્રમાણમાં યુવાન કહેવાય એવા રાજા, જેમણે એ દેશમાં લોકશાહી લાવવા ઉપરાંત બીજા અનેક સુધારા કર્યા છે, એમના રાણી સાથેના ફોટા પણ આવાં પરંપરાગત કપડાંમાં જ હોય... બસ, તો એમ જ, મેં પણ 'કીરા' પહેરીને ફોટા પડાવ્યા.

હવે જઈએ ઝોન્ગ જોવા. મને ખૂબ યાદ રહી ગયો' છે એ ઝોન્ગ... આમ તો ઝોન્ગ એટલે એમનું ઍડમિનિસ્ટ્રેટિવ કૉમ્પલેક્સ, આપણાં મંદિરો, ઑફિસ કે હવે તો રેસિડેન્સીનાં પણ જે ગેટેડ કૉમ્પલેક્સિસ હોય છે એવું. મેં કહ્યું હતું એમ લગભગ કિલ્લેબંધ લાગતા અહીંના

ઝૉન્ગસમાં ક્યાંક મંદિર હોય, ક્યાંક મઠ હોય તો ક્યાંક ઑફિસ ને સાથે મ્યુઝિયમ પણ હોઈ શકે. મોટા ઝૉન્ગમાં તો એ બધાનો સરવાળો હોય એવું પણ બને ને આપણે જે ઝૉન્ગ જોવા જઈએ છીએ એ એવો જ છે, પુનાખા ઝૉન્ગ; પરમ આનંદનું સ્થાન. એની જગ્યા જ કંઈક એવી હતી. મો છુ ને પો છુ, એમની ઝોન્ખા ભાષામાં **Mother ને Father river**ની વચ્ચે, પુરુષ અને પ્રકૃતિની વચ્ચે ઊભો હતો એ ભવ્ય ઝૉન્ગ. એની બહાર ફુલ્લ મૂડમાં ખીલ્યાં હતાં જાકરાંડા ફૂલો... એક બાજુ પહાડોમાંથી વહેતી, ખળખળ ગાતી મો છુ ને બીજી બાજુ નમણાં જાંબલી ફૂલોની વચ્ચેથી ડોકિયું કરતો એ જાજરમાન ઝૉન્ગ... આનંદ સિવાય કંઈ અડી શકે તમને, બોલો!? અંદર દાખલ થવાનું મન જ નહોતું થતું, પણ ગયાં' તો મળ્યું વિશાળ આંગણું ને ફરતે મેં આગળ કહ્યું એ બધાનો સરવાળો, જ્યાં નાના-મોટા બૌદ્ધ સાધુઓ મરૂન કપડામાં આનંદથી ફરી રહ્યા હતા. ખરેખર આનંદમાં હોય છે એવું કેટલાકના ખુદના મોઢે જ સાંભળ્યું. કેટલું સારું લાગ્યું મને ખુશ હોય એવા સાધુઓને જોઈને...! જોકે, ભૂતાનમાં લગભગ જેટલાં લોકો દેખાયા હતા, ગરીબ કે પૈસાદાર, ખુશી તો એમના ચહેરા પર કાયમ છલકતી દેખાતી. આપણને જોતાં જ એવા ખુલ્લા દિલથી, આંખો ઝીણી થઈ જાય એટલું મમતાળું ને નિર્દોષ હસી નાખતાં કે વાત નહિ... કુદરતની વચ્ચે ઊછરતાં હોવાને લીધે જ એમની પાસે આ સાહજિકતા ને સરળતાની સમૃદ્ધિ હશે ને...

હંઅ... તો આપણે ઝૉન્ગમાં હતા, ત્યાંથી બહાર નીકળ્યા ત્યાં એક નવી મજા રાહ જોતી હતી; મો છુમાં રીવર રાફ્ટિંગની. અમે પહોંચ્યા મો છુ પાસે. રાફ્ટિંગની કંપનીવાળાએ એમણે કરવી જોઈએ એવી જ થોડી ડરામણી ને થોડી હળવી સૂચનાઓ આપીને શરૂઆત કરી... બોટ ભલે હંકારવાના એમના લોકો જ હતા, પણ અમારી આખી ટોળી હલેસાં-બલેસાં લઈને ઊતરી પડી નદીમાં. વિશાળ પટવાળી મો છુ એવી તો તોફાની હતી ક્યાંક કે ન પૂછો વાત... ને ક્યાંક સાવ શાંત ને ડાહીડમરી લાગે... એવી જ એક જગ્યાએ અમારા ગાઈડે બૉટ લગભગ અટકાવી દઈને કહ્યું કે કોઈને નદીમાં ઉતરવું હોય તો ઊતરો પહેલાં તો સાંભળીને થયુ કે બાપ રે... તરતાં ન આવડતું હોય તો પડાય આમાં...! પણ પછી વિચાર આવ્યો કે ત્યાં નદી બહુ ઊંડી કે જોખમી હોય તો આ લોકો થોડા કહે ને બાકી લાઈફ જેકેટ છે ને... એટલે બીજાં એક-બે છોકરાંઓ સાથે આપભાઈએ ઝંપલાવ્યું મો છુમાં... બસ, આટલા લોકોના ટેકેટેકે પણ ક્ષણવાર પૂરતોય સાહસિક હોવાનો ને દેખાવાનો ભ્રમ મેં પોષી જ લીધો... આટલું સરસ વાતાવરણ ને એમાં ઝરમર વરસાદ ક્યારનોય ભીંજવતો તો હતો જ, એમાં મો છુએ મને સોંસરવી ભીંજવી નાખી... ને મારો પેલો ક્ષણિક અહમ પળભરમાં પાણી થઈ ગયો.'

બસ, જોતજોતામાં હવે ભૂતાનના અમારા પ્રવાસની ટોચ નજીક દેખાવા લાગી હતી. અરે, આ એની ટોચ હતી કે 'ટાઈગર્સ નેસ્ટ'ની...! હા, અમે પહોંચ્યા હતા પારો તકસાન્ગ મોનાસ્ટ્રી, 'ટાઈગર્સ નેસ્ટ'ની તળેટીમાં... દરિયાની સપાટીથી દસ હજાર ફૂટની ઊંચાઈએ આવેલો એમનો આ મઠ એટલે ભૂતાનનું ચૂક્યા વગર જવા જેવું ઠેકાણું. એની ઊંચાઈની સાથેસાથે એનું સીધું ચઢાણ એને કપરું બનાવતું હતું. ને ચઢાણ કપરાં ન હોય તો એ ચઢાણ શાનાં..! ઘણાખરાના મમ્મી-પપ્પાએ તળેટી માણવાનું નક્કી કર્યું ને અમે કેટલાકે આદર્યું એ ચઢાણ... ચડતાંચડતાં તમને આ મઠની વાર્તા કહી દઉં, તો આઠમી કે નવમી સદી આસપાસ ગુરુ પદ્મસંભવે એ સમયના તિબેટનો એક ભાગ એવા અત્યારના ભૂતાનમાં અહીં બૌદ્ધ વજ્રયાનનો પાયો નાખ્યો હતો. ઘણીબધી કથાઓમાંની એક કથા પ્રમાણે ગુરુ પદ્મસંભવ ઊડતા વાઘ ઉપર અહીં આવી પહોંચ્યા હતા અને આ પહાડ ઉપરની તેર જુદીજુદી ગુફાઓમાં એમણે ધ્યાન કર્યું હતું અને શિષ્યોને જ્ઞાન આપ્યું હતું, જેમાંની એક ગુફા એટલે આ 'ટાઈગર્સ નેસ્ટ' અને એ 'મહામૂલા' ગુરુ શબ્દશઃ કહેવાયા 'ગુરુ રિમ્પોચે'. અમે હવે પારો ખીણની લીલપ ને પારો નદીના વહેણને મનમાં ભરતા ને 'જય જય જય ગુરુ રિમ્પોચે' બોલતા આગળ વધ્યા આવા ગુરુના સ્થાનક તરફ. તોરમાં ને તોરમાં ખાસ્સું એવું ચડી ગયાં, પણ છેલ્લેછેલ્લે પગ થાકવા માંડ્યા'તા ને ત્યાં જ સામે ઊભા ખડકની કાંખમાં દેખાયો એ ઝળહળતો મઠ. મને તો લાગે છે કે એના પ્રકાશમાં આપણા થાકનું તપ ઉમેરાતું હશે ને, એમાં એ દૃશ્ય

આપણને વધુ તેજોમય લાગતું હશે... પણ સાચ્ચે, વાતાવરણ જ કંઈક ઑર હતું. ત્યાં સુધીના પછીના આખ્ખા રસ્તે ફરફરતી હતી પ્રાર્થના માટેની એમની રંગબેરંગી ધજાઓ... જાણે કુદરતની બારસાખે બાંધેલાં લાલ, લીલાં, પીળાં તોરણ જ જોઈ લ્યો'... બાજુના ખડક પરથી પાણીનો મોટો ધોધ પડી રહ્યો હતો ને અમારો રસ્તો ભીંજવીને એને થોડો વધુ રોમાંચક બનાવતો હતો... થોડી વારમાં તો થાક્યા-પાક્યા અમે ફિલ્મી ઢબે આવી પહોંચ્યા એ આખરી પડાવે... અહાહા... શું કહું...! હવેનું વર્ણન કરવાનું મારા શબ્દોનું ગજું નહિ, એ તો તમારે જઈને જ અનુભવવું પડે... પણ હા, ઊતરતાં-ઊતરતાં રાત પડી ગઈ... ને આ રાતની વહેલી કે મોડી, જેવી ને જ્યારે સવાર પડે તે, અહીંયાં હવે પરવાય કોને હતી...!

પ્રકૃતિની પડખે લાવી મૂકતો આપણો આવો પ્રવાસ જ યાત્રા નહિ?! તમે જ ક્યો'...

❖ ❖ ❖ ❖

સંપર્ક : jelamhardik@gmail.com
Australia

# Asaran Bhavna - Spiritual shelter is the only Bastion!

**Prachi Dhanvant Shah**

We come into this worldly life alone and we would leave this world alone then why do we seek elusive comfort and shelter? Only through our expectations in relationships and friendship, we create the illusion for the moment in life that we are not alone. We create a delusive surrounding to comfort ourselves and chase abutment. Right from taking birth in this human life, we keep looking out for support, for shelter and our illusive mind gets convinced that we are protected, our parents are our guardian angel, at school our teachers are our savior, if we fall sick the doctor is our protector to an extend that when death is around the corner in severe illness, some of us would beseech and plead to the doctor to save our life. When the time comes, this life has to end, the soul has to leave this human body, no one can save us from death. This cycle of birth and death will go on unless one sheds off all the karma and attain liberation.

Then why is this bubble of Illusion? Why do we afflict our mind, our soul with a deceitful umbrella of the abutment? When the truth is, one can lead a peaceful and meaningful life only through religious aspirations and practicing the same in life. Spirituality is the ultimate emancipation. Achieving the right spiritual knowledge, have faith, and pursue the same to annex felicitous character.

*Bhagwaan Mahavir* has given a very precise solution to this illusion. Jain doctrines and philosophy explained by Bhagwaan Mahavir portray ***Bhavnaas*** - Reflections or thoughts, under which he explains **Asaran Bhavna. Asaran - "A" meaning no one & "Saran" meaning shelter/ protection = Noone provides shelter/protection.** Thus, through this bhavna-reflection, Bhagwan explains that no one in this world can provide you protection, and seeking shelter from anyone or anything is a mere illusion. Only you - your soul is your ultimate savior. Enlighten your soul seeking the consistent path of religious endeavors. And this can be achieved only by taking shelter from Dev, Dharma & Guru. Through the fortress of *Pach Parmeshti* (five benevolent eminences) ***Arihant, Siddhas, Acharya, Sadhus & Sadhvis*** only one can secure the true path of religion. Eventually, eradicate all karmas, achieve liberation, and conquer death & suffering. So now the choice is ours. Either we understand and pursue what *Asaran Bhavna* explains by interrogating with our soul, or let our soul go through the cycle of birth and death.

Have you read the story of *Maharshi Valmiki*? During the time of Tritiya yoga, there was a hunter named Ratnakar. He was cruelly vicious and lived as a thief and a hunter along the bank of the holy river Ganga. One day, when he was waiting for a trap to rob and hunt, he noticed Sage Naradji passing by and attacked him with the intention to rob him. Looking at Ratnakar, Naradji smilingly said, "I would happily give away everything I have but before that, answer me, what is the reason behind

you robbing people and hunting animals?" Ratnakar said, "I do this as a source of earnings for me and my family." Naradji said, " It is nice that you care so much for your family and give them happiness but also understand that this killing animals and birds, and robbing people also brings along a lot of sins to you. So would they be willing to be equally responsible for your deeds and will share your sins with you?" Naradji asked Ratnakar to go home and ask his family the same questions if they would share the sins and punishments with him? Ratnakar was very confident this was Naradji's trick, and once he leaves to ask his family, Naradji will run away. But Naradji promised him he would wait right there for him till he is back. Looking at Nradji's honesty, simplicity, and fearless behavior stunned Ratnakar, and it brought some transformation in himself. He trusted Naradji and headed towards his home. He rushed to his wife, children, and parents and asked the question he was to ask them. To his surprise, all of them said Of course NOT! Ratnakar was disheartened and realized that whatever Naradji had explained was so true. He said to himself, "I did all sinful activities just to keep my family happy, thinking in my difficult times they would support me, but I was so foolish!" Upon cognizance, he rushed toward Naradji and bowed down with clemency. He asked how he can pay off all his sins and what should he do? Naradji told him to contemplate by reciting Lord Rama's name. Spirituality by inward realization is the only way he would achieve shelter. Immediately Ratnakar engrossed himself in chanting God's name with deep meditation. He was so captivated in his devotion that years passed by and ants covered him with Anthill yet he did not get disturbed and distracted. Because his spiritual aspiration enabled him to disregard his physical body and was focused only towards his soul. Eventually, Ratnakar the thief and hunter became the great Sage, Maharshi Valmiki who composed Ramayan!

Similar is the story of *Anatha Muni. Magadh king Bimbisar* once riding his horse entered Mandikuli garden, and there he saw one saint deeply engrossed in meditation under a tree. He was impressed looking at that saints bright peaceful face with glorious lust on his forehead. The king wondered as to what heart-rending worldly trauma could have forced him to give up joy and pleasure of youthful life and take up monkhood. He could not resist and so went up to the monk and asked what made him take diksha? To his question, the monk said, " Oh king, i was absolutely lonely and helpless in life. There was neither any protector nor friend and so I decided to abandon my worldly life and acquire diksa." To this, the king laughed and said, " This is no big a deal. From today onwards, I will be your protector, your supporter and you shall have no feeling of loneliness. And moreover, if a King like me be your savior, what more do you need in life, you need not seek for any friend and you will not have any deficit in your life." The monk smiled and said, "Oh king, you are so ignorant. How can you be my supporter when you yourself do not have any shelter in life. How can you protect me when you yourself are unprotected. In my worldly life, I also had abundance of wealth and pleasure but once when I suffered from severe pain in my eyes and burning sensation in my limbs, no one could help me nor could my wealth cure me. Neither my fathers wealth could get me the medicine to bring me out of my pain, nor my mother's magical love could soothe my suffering. I was helpless and so was my family. Experiencing this helplessness, I decided to take over diksha and renounce the world. This decision appeared to me as the only unfailing remedy to all my pains. I decided if my pain went away that night, I would immediately take up diksha. To my surprise, I immediately started recovering and before next night, i was absolutely fine. And so as decided, I renounced the world and became a monk to seek my path of spirituality as that is the only refuge. I found my protector as Bhagwaan Mahavir"

Hearing this, King Shrenik was highly touched and elevated by Anattha Muni's words and it brought cognizance in King's life. He decided to seek the same path and took over spiritual protection. This clearly indicates despite all the luxuries, family, confort , unless there is no self awakenness, there is no contentment. A person who is self revived is indeed a protected person forever. It is mentioned in scriptures that after attaining the ultimate bliss, Anattha Muni achieved Siddha-pad, the everlasting stage of being sanath ( eternal ).

Indeed it is a very sensitive subject and the bitter fact of life, that everyone dies one day, no matter

how wealthy he is, how healthy he be, or for that matter how spiritual he be. Everyone is helpless in front of death & no one can protect you from it. Although, death in real-time is daunting and I am not trying to belittle this fact, but only when you are conscious of your mortality, exploring the nature of one's existence becomes a natural objective. When through spiritual endeavors, one realizes that there is no refuge besides spirituality and religion, we would very gracefully accept death. With the perception of Asaran Bhavna, our ability to handle this aspect of life would be painless and permissive.

To a great extent, this human mind in today's world has given the strings of their mind in the hands of their emotions. We have become helpless in front of our emotions and keep looking out for shelter and protection in other sources. When the fact is, we are the puppets and our strings are in the hands of our karma. We are helpless in front of time and destiny. Learn to be in equilibrium and this can be achieved only through intense mediation, spiritual practices and understanding what is the true essence of our religion and what it has to teach us in order to lead an ideal life.

*Identify your shield, Identify your strength,*

*Identify your portion, Identify your shelter,*

*Identify your pinnacle, your strong tower,*

*& You will discover your emancipator!*

❖ ❖ ❖ ❖

સંપર્ક : - Prachi Dhanvant Shah
prachishah0809@gmail.com +1-9175825643

---

**Introduction to Jain Thinkers - 2 :**

# KundKundacharya

**Dr. Kamini Gogri**

Kundakunda is supposed to belong to the first or second century A.D. He was the first amongst the Jainas to discuss the Agamic themes in a logical manner. He not only expounded them on the basis of the Agamas but also discussed the problems in the light of contemporary thoughts. Though Kundakunda did not discuss the problems of pramana, yet his epistemology was influenced by the concept of pramana. He explained pratyaksa and paroksa on the basis of the Agamas. He pointed out that sense-knowledge could not be regarded as pratyaksa,' it was paroksa. Pratyaksa was that knowledge which arose in the self directly without the help of the sense organs. He was also the first to have discussed the problem of knowledge. He raised the question, whether knowledge was self-revealing or object-revealing (svaprakasa or paraprakasa) and established that knowledge was both self-revealing and object-revealing, just as a lamp revealed itself as well as the object. Later on, all the Jaina scholars accepted this view of knowledge. Kundakunda explained the anekantavada of the Agamas in a systematic and clear way. Although he mentioned only the two nayas : niscaya and vyavahara, yet he tried to solve all difficult philosophical problems with the help of these two. The main works of Kundakunda are : Pan - castikaya, Pravacanasara, Samayasara, Niyamasara, Astapahuda, Databhqkti, Sadagamatika, etc.

**<u>His Exposition of Samaysara</u>**

In Kundakunda's Samayasara , we find the description of Jiva from the Niscaya and Vyavahara standpoints. "The question of the relationship between Dravyastika-Paryayastika pair and Niscaya-Vyavahara pair is difficult to answer. But it is uncontroversial that Kundakunda uses the latter in describing the nature of Jiva. Kundakunda says, "The Vyavahara point of view indeed declares that body and soul are one. But according to the Niscaya point of view, the soul and the body are never identical" (Gatha 27). The same is true about different mental states also.

Kundakunda says, "From the Vyavahara point of view, the various psychic states such as desire, aversion, etc., may be said to be the Jiva. But the Jiva is none of these states. 'It remains as the unitary substratum of which these are empirical modifications"

(Gatha 48).

Thus what Kundakunda proposes to do is to show that our conventional view that the Jiva is a seeker and enjoyer of worldly pleasures is not the true view. It is a deluded view (mithya darsana). The view that the Jiva is characterized by right conduct, faith and knowledge, which is regarded as the right perspective is not finally the true view. The view according to which Atman is not bound, not touched, not other than itself; is steady, without any (internal) distinctions and not in contact with anything etc. is the Suddha-Naya (the pure point of view) (Gatha 14). "So whether is read as the true condition of the self or as a definition or view beyond alternatives, it comes finally to imply self-realisation & liberation". The classification of the organic beings (according to the Principle of Biological Development) and the classification of humans according to the principle of Ethico-Spiritual Development are not applicable to Jiva, since all these differences are the result of the manifestation of the material conditions".The characteristics beginning from Varna (colour) and ending with gunasthanas or stages of spiritual development, are predicated of the Jiva from the Vyavahara point of view, but from the Niscaya point of view, not one of these can be predicated of the Jiva.

One need not quote many more Gathas of Samayasara to substantiate that Kundakunda refuses to attribute to Jiva not only physical and mental modes but even the three jewels of conduct, faith and knowledge and says that from the Niscaya or pure standpoint "there is no differentiation of knowledge, conduct and belief in pure self"

The relation between Niscaya & Vyavahara as mentioned in points is peculiar. Even the muni or sarvajna-kevali who wants to convey the truth of Niscaya naya to ordinary persons is required to use the language of Vyavahara naya because the language of Niscaya naya is unintelligible to the ordinary person. The knower therefore conveys the truth of Niscaya naya through the medium of Vyavahara naya. Therefore, Vyavahara naya is pratipadaka (conveyor) but Niscaya naya is pratipadya (what is to be conveyed). On the other hand, unless the Vyavahara naya is discarded, ordinary person cannot comprehend Niscaya naya. Therefore, Vyavahara naya is nisedhya and Niscaya naya is nisedhaka. In other words, there is no direct passage from the Vyavahara to the Niscaya naya. One reaches the Niscaya naya only after one sees Vyavahara naya as false and discards it. .If the Niscaya naya is the true naya and the Vyavahara is a deluded and false naya then why is Vyavahara naya not outright rejected?

Kundakunda says, "Just as a non-Aryan (foreigner) cannot be made to understand anything except through the medium of his non-Aryan language, so the knowledge of the paramartha cannot be comnunicated to the ordinary people except through the Vyavahiira point of view" (Gatha 8)

Since Niscaya-Vyavahara are ethico-spiritual perspectives they are evaluative and not merely descriptive. Hence there is a higher and lower among them. Niscaya naya is higher, pure, more enlightened, while Vyavahara naya is lower, impure, more practical. The Jiva is looked at from the higher spiritual point of view or lower, impure practical point of view. The former is Niscaya; the latter is Vyavahara. The spiritual teaching is for carrying the Jiva from the lower, practical (Vyavaharika) perspective to the higher spiritual (Paramarthika) perspective. Therefore Vyavahara has to submit itself to the Niscaya naya.

There is no such hierarchy in the Dravyastika and Paryayastika pair. Both the nayas are equally and alike real and neither is lower or higher. The Dravyastika does not supersede the Parayastika. Acceptance of the Dravyastika does not mean rejection or even subordination of the Paryayastika. We have to accept the one that is relevant for our interest or purpose without denying the opposite.

Since Niscaya naya is not concerned with the reality of the six substances, not being a metaphysical perspective, it does not deny Ajiva dravyas. What it denies from the spiritual point of view is the reality of Ashrava, Bandha, Nirjara i.e. the reality of the inflow of karma into soul and the consequent bondage of soul by karma.

It treats Jiva and Ajiva dravyas as independently real not affecting each other. To regard oneself as bound by karmas is spiritual ignorance. With the spiritual discriminative knowledge one realizes that one was always free.

The Niscaya-Vyavahara are the two spiritual perspective of looking at or understanding the self in its pure true nature and in its bound nature respectively. Its nature as pure consciousness is eternal while its bound na ature is beginning less. How can the self be

both pure, free and impure bound at the same time? How can it be both connected and not connected interacting and not interacting with karma or matter at the same time? The answer is; both the opposite or contradictory predicates/descriptions are true from different points of view. There are the spiritual perspectives of Niscaya and Vyavahara.

Repentance for past misconduct, pursuit of the good, rejecting the evil, concentration abstinence from attachment to external objects, self-censure, confessing before the master and purification by expiation, these eight kinds constitute the pot of poison. Their opposites constitute the pot of nectar.

Thus we have two descriptions of Jiva from two points of view – Niscaya and

Vyavahara – one emphasizing the internal bhava aspect the other emphasizing the external physical (dravya) aspect. As nayas, both are partially and relatively true. Though partial and relative, there is a gradation between them. Niscaya is higher than Vyavahara and supersedes it. Sticking to Vyavahara naya one cannot get liberation, one must be able to see the limitations of Vyavahara naya and transcend it.

One must see that what is important and relevant for liberation is what happens internally in consciousness; bondage and liberation begin and end with consciousness; external conduct is merely the outward sign of an inner state.

There is, however, a twin danger of the extremes of total internalisation and total externalisation. One must realise that simply by following the external rules to the letter one cannot achieve the religious goal. On the other hand one must also realise that the purity of the inner states of consciousness is affected by the external circumstances and behaviour and hence required to be protected by some reasonable and intelligent outer discipline.

This is how both the nayas can be reconciled though bhava, knowledge, the inner must get precedence over the outer external ritualistic practices. Kundakunda says that a person who is always engaged in the practice of the real repentance, renunciation and confession certainly possesses the real right conduct.

From Gathas 390 onwards, Kundakunda points out what right knowledge is not – "The scripture is not knowledge, because the scripture knows not anything. Therefore the Jinas have said that knowledge is entirely different from scripture". That does not mean that one should not read scriptures and sastra texts. What it means is that if it does not lead to self-knowledge then all the study and scholarship is useless. Let me conclude. Even the Niscaya naya is an intellectual standpoint and therefore is not identical with moksa or self-realization. He says, "That the Self is bound with karmas and that it is not bound with karmas are statements made from different points of view. But the essence of the Self transcends these nayas"

Samayasara transcends all points of view, devoid of any point of view, bereft of all perspective.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9619379589

# મકરસંક્રાંતિ મીઠો મધુરો તહેવાર

**પુષ્પા પરીખ**

ભારતીય સંસ્કૃતિમાં મકરસંક્રાંતિ એટલે શુભકામના, મિત્રતા, ઉત્સાહ અને ઉમંગનો તહેવાર. આ તહેવાર આપણા દેશમાં અનેક રીતે ઊજવાય છે. નાના, મોટા સર્વે માટે આનંદનો તહેવાર ગણાય. ઘણાંય વર્ષોથી આપણે સાંભળતા આવ્યા છીએ કે વર્ષ બેસતાં ૧૪મો દિવસ તે મકરસંક્રાંતિ. મકરસંક્રાંતિની તારીખ આજ સુધી બદલાયેલી નથી સાંભળી. વિજ્ઞાન અનુસાર પૃથ્વી આ દિવસે તેની દિશા બદલે છે. સૂર્ય આ દિવસથી ઉત્તરાયણ તરફ વળે છે. પૃથ્વીની દિશા બદલાય છે અને ભારત જે ભાગમાં છે તે ભાગ સૂર્યની સામે આવવા માંડે છે.

પૌરાણિક કથા અનુસાર સૂર્ય અને પૃથ્વીનો પિતા–પુત્રનો સંબંધ છે, પરંતુ બંનેના સંબંધ મધુર નહોતા. ફક્ત મકરસંક્રાંતિના દિવસે જ સૂર્ય તેના પુત્રને ત્યાં આવે અને પિતા–પુત્ર મળતા. જ્યોતિષની ભાષામાં સૂર્ય મકર રાશિમાં આવે છે. વસંત ઋતુની શરૂઆત પણ આ જ દિવસથી થાય છે. પીળા રંગથી પ્રકૃતિ જાણે શૃંગાર સજે છે અને સમગ્ર વાતાવરણને ઉમંગભર્યું બનાવી દે

છે.

મકરસંક્રાંતિ હિંદુઓનો મુખ્ય તહેવાર મનાય છે. ભારતનું સૂર્ય સામેનું આગમન એટલે ઠંડીનું પ્રમાણ ઓછું થવું. ભારતના અમુક હિસ્સામાં આ તહેવાર પર મુખ્ય નદીઓમાં સ્નાનનું પણ મહત્ત્વ છે અને સ્નાન બાદ તલ અને ખીચડાના દાનનું પણ મહત્ત્વ ઘણું છે. તલના લાડુ અને ચીકીનું મહત્ત્વ તો ઘણું જાણીતું છે.

પૌરાણિક કથા અનુસાર રાજા ભગીરથે આજના દિવસે જ ગંગામાં પિતૃતર્પણ કર્યું હતું.

દક્ષિણ ભારતમાં આ તહેવાર પોંગલના નામે ઊજવવામાં આવે છે. પહેલે દિવસે ઘરનો કચરો સળગાવવામાં આવે છે. બીજે દિવસે ફૂલોને વિવિધ રીતે ગોઠવી પૂજા કરવામાં આવે છે. ત્રીજા દિવસે પશુઓની પૂજા કરવામાં આવે છે. સાકર અથવા ગોળના તલના લાડુ કરવામાં આવે છે અને ખાવા-ખવડાવવામાં આવે છે. આ રીતે મકરસંક્રાંતિ આનંદનું અને મીઠાશનું પર્વ છે.

❖ ❖ ❖ ❖

---

# સાગરગચ્છ : એક તસવીર

**આચાર્ય વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

**કુળનું મૂળ**

વિદ્યમાન સમયકાળમાં વિસ્તરેલા અને જૈન શાસનની પ્રભાવનામાં યશોજ્જવલ સહભાગી બની રહેલા સાગરગચ્છનાં મૂળિયાં જગદ્ગુરુ શ્રી હીરવિજયસૂરિજીના સમયકાળમાં રોપાયાં છે. સુપ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી હીરસૂરિજીના સમકાલીન શ્રી સહજસાગરજી ઉપાધ્યાય થયા. સચ્ચારિત્રવંત, જ્ઞાની અને પ્રતિભાશાળી શ્રી સહજસાગરજીનું સમ્રાટ અકબરના દરબારમાં પ્રતિષ્ઠાવંત સ્થાન-માન હતું. સમ્રાટ અકબર તથા અન્યોએ કરેલા દાનપત્રોમાં ઉપાધ્યાય સહજસાગરજીનો ખાસ ઉલ્લેખ જોવા મળે છે.

ઉપાધ્યાય સહજસાગરજી મંત્રવેત્તા હતા. અકબરના દરબારમાં આવી ગયેલો એક અમદાવાદી જુવાન શાંતિદાસ, તેમનો સેવક અને શિષ્ય બની ગયો. ઉપા. સહજસાગરજીએ તેને 'ચિંતામણિ' નામના મંત્રની સાધના કરાવી ને એના પ્રતાપે જૈન સંઘને સાંપડ્યા નગરશેઠ શાંતિદાસ. એ બાહોશ, દીર્ઘદૃષ્ટિસંપન્ન અને શ્રાવકશ્રેષ્ઠી શાંતિદાસે પોતાના ગુરુ ઉપાધ્યાય સહજસાગરજીની છાયામાં અનેક ધર્મકાર્યો કર્યાં. ઉપાધ્યાય સહજસાગરજી દિલ્હી ઉપરાંત, મેવાડ અને મારવાડ થઈને અમદાવાદ સુધી વિચર્યા. એમના ચારિત્ર્યની સુવાસથી સર્વત્ર ધર્મભાવના વધી.

વિ. સં. ૧૬૦૦ સુધીના સમયવર્તુળમાં ભારતભરમાં ઝનૂની બાદશાહો, કામાંધ અને વહેમી રાજાઓ, આપસમાં લડતી પ્રજા ફેલાઈ ચૂક્યાં જોવા મળે છે. વિ. સં. ૧૬૦૦ સુધીમાં નવા જૈનો બનતા, પણ પછી તે વાત અટકી અને સાધુત્વ, ત્યાગ, આચારદઢતા ઇત્યાદિ કથળ્યાં. શિથિલાચાર વધ્યો. અમદાવાદના શેઠ શાંતિદાસનું મૃત્યું થયું અને ઉપાધ્યાય સહજસાગરજી કાળધર્મ પામી ગયા હતા, પણ તેમની પરંપરા આગળ વધી.

ઉપાધ્યાય સહજસાગરજીની પાટે આવ્યા ઉપાધ્યાય જયસાગરજી. ગણિવર્ય શ્રી મતિસાગરજી અને મુનિ શ્રી જિતસાગરજી મહારાજ. તેઓ મુખ્યત્વે ઉદયપુર અને તેની આજુબાજુના પ્રદેશમાં વિચર્યા. તેમના સમયમાં અધિકાંશ જૈન સમાજવાળા પ્રદેશમાં શ્રી પૂજ્યો તથા યતિઓનું વર્ચસ્વ વધ્યું. ધન, દેરાસર, ઉપાશ્રય અને ધાર્મિક વિધિ-વિધાનો તેમને આધીન થયાં અને એટલે સુધી એ વ્યાપ વધ્યો કે ચુસ્ત ક્રિયાવાદી તથા સંયમી સાધુઓએ પણ તેમને આધીન રહેવું પડે. ઝનૂની મોગલાઈ જમાનામાં જૈન ધર્મ અને પ્રભાવનું સંરક્ષણ બેશક શ્રી પૂજ્યો અને યતિઓએ કર્યું, પરંતુ નિર્મળ વ્રતધારી સાધુઓએ પણ તેમને આધીન રહેવું પડે તે અતિ હતું.

એ પછી, શ્રી વીરપ્રભુની ૬૩મી પાટે, ષડ્દર્શનજ્ઞાતા શ્રી મયગલસાગરજી અને તેમની પાટે શ્રી પરમસાગરજી થયા. તેમની પાટે શ્રી સુજ્ઞાનસાગરજી થયા. આ વિદ્વાન સાધુપુરુષે ઉદયપુરના ગ્રંથભંડારનો ખૂબ વિકાસ કર્યો તથા સં. ૧૮૫૭માં શ્રી અજિતનાથજીની અંજનશલાકા તથા તેનાં બે વર્ષ પછી પદ્મનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરી. એમનું નિર્મળ જીવન અને ક્રિયાસાધના જ યતિઓ સામે પડકારરૂપ હતાં.

શ્રી સુજ્ઞાનસાગરજીએ ઉદયપુરમાં એક શ્રાવિકાને દીક્ષા આપીને તેનું નામ રાખ્યું મયણશ્રીજી. સાધુત્વના મહત્ત્વમાં વૃદ્ધિ થઈ, પણ શ્રી સુજ્ઞાનસાગરજીની પોતાની પરંપરા અહીં પૂર્ણ થઈ.

તેમની પાટે તેમના ગુરુબંધુ શ્રી સ્વરૂપસાગરજી આવ્યા. તેમની પાટે શ્રી નાણસાગરજી આવ્યા. તેઓ ઉગ્રવિહારી અને પ્રતિભાશાળી ધર્મપુરુષ હતા. તેમણે જોધપુરના એક યતિને શ્રી વીરપ્રભુનો ધર્મ, પરંપરા અને ક્રિયાની શુદ્ધ પ્રરૂપણા કરીને પોતાના શિષ્ય બનાવ્યા. એમનું નામ મયાસાગરજી. આ મયાસાગરજી વિ. સં. ૧૮૮૩માં વિહાર કરતા અમદાવાદ પધાર્યા.

એ સમયે અમદાવાદમાં જૈન મહાજનનું નામ હતું. શેઠ શાંતિદાસના વંશજ, નગરશેઠ હેમાભાઈ અને તેમના કુટુંબી શેઠ હઠીસિંહનો સુવર્ણકાળ હતો. શ્રી હઠીસિંહ શેઠનાં પ્રથમ અંધ પત્ની રુક્ષ્મણિબહેન અને ત્રીજાં પત્ની શેઠાણી હરકુંવર આ આત્માર્થી સાધુનાં પરમભક્ત બની ગયાં (શેઠ હઠીસિંહનાં બીજાં પત્ની પ્રસન્નકુંવર નાની ઉંમરમાં મૃત્યુ પામેલાં. શેઠાણી હરકુંવર મૂળ ઘોઘાનાં અને પદમણી નાર ગણાતાં) અને વડવાઓના આ સાધુજનના વડવાઓ સાથેના સંબંધના મૂળને દીપાવવા માંડ્યાં. શ્રી મયાસાગરજી સચ્ચારિત્ર્યના પાલક, ઓછું બોલનારા અને ક્રિયાશીલ સાધુરત્ન હતા.

શેઠ હઠીસિંહનાં દેરાંનું કામ પૂરજોશમાં ચાલતું હતું. એકદા શ્રી મયાસાગરજીને શેઠાણી રુક્ષ્મણિબહેન તથા હરકુંવર શેઠાણીએ પૂછ્યું કે, 'વર્તમાનકાળમાં કોઈ ઉત્તમ શ્રાવક હશે કે જે અંજનશલાકામાં ઉત્તમ વિધિ કરાવે અને વળી બાર વ્રતધારી હોય ?'

શ્રી મયાસાગરજીએ કહ્યું, 'પાલિ - મારવાડમાં નગરાજજી કરીને એવા એક શ્રાવક છે.'

કહે છે કે એ જ સમયે અમદાવાદ પગથિયાંના ઉપાશ્રયે ઊતરેલા જિનચંદ્રસૂરિજીએ - જેમણે શત્રુંજય તીર્થ પર કાગડાનો ઉપદ્રવ ટાળ્યો હતો - ને શઠાણી હરકુંવરે પૂછ્યું,

'મારા નૂતન જિનમંદિરમાં શ્રાવક યોગ્ય અને અંજનશલાકાની વિધિ કોની પાસે કરાવવી ?'

શ્રી જિનચંદ્રસૂરિજીએ કહ્યું, 'બાર વ્રતધારી નગરાજજી શ્રાવક તે માટે યોગ્ય ગણાય'.

**શ્રી નેમસાગરજી મહારાજ**

વિ. સં. ૧૯૦૩ના મહા વદિ પાંચમના રોજ અંજનશલાકા તથા વદિ ૧૧ના રોજ શેઠ હઠીસિંહના દેરાસરની ભવ્ય પ્રતિષ્ઠા અમદાવાદમાં થઈ. એ સમયે મારવાડ પાલિથી ખાસ આમંત્રિત નગરાજજી અંજનશલાકા વગેરેની વિધિ કરાવવા આવ્યા. ઊંચો દેહ, પ્રતાપી મુખમુદ્રા, અણિશુદ્ધ વ્રતધારી જીવન અને નીતિમય કાર્યશૈલી, નગરાજજીનાં વહેવાર-વર્તનથી સૌ પ્રભાવિત થયા. ન્યાયથી જ મેળવેલા ધનને રાખવાનું એમનું વ્રત એવું દૃઢ કે એક વાર એમના રસોઈયાએ શેઠ હઠીસિંહના રસોડેથી દામ ચૂકવ્યા વિના લાકડાં લાવીને રસોઈ બનાવી ને તેમણે જાણ્યું ત્યારે સાથે એક બટવો *(PURSE)* લાવેલાં. એમણે મનમાં નિયમ કરેલો કે જ્યાં સુધી બટવામાં પૈસા છે ત્યાં સુધી સંસારમાં રહીશ ને ખૂટશે તે દિવસે દીક્ષા લઈશ ! આ ભાવના તો ખરી જ અને બટવામાંથી રૂપિયા જલદી ખૂટે તે માટે ધર્મકાર્યમાં છૂટથી વાપરતા પણ હતા !

હઠીસિંહનાં દેરાંની પ્રતિષ્ઠા દરમિયાન ઊભરાતો અખૂટ માનવમહેરામણ, વિપુલ સાધુ-સાધ્વી સમુદાય જોઈને નગરાજજીને જલદી દીક્ષા લેવાની ઇચ્છા થઈ. એમની નજર સામે ગુરુપદે હતા અવધૂત જેવા ફક્કડ અને પવિત્રતાના અવતાર જેવા શ્રી મયાસાગરજી મહારાજ. શુભ મુહૂર્તે એમની પાસે દીક્ષા લીધી. નામ પડ્યું નેમસાગરજી. શ્રી મયાસાગરજીના જીવનનાં એ છેલ્લાં ચાર વર્ષો તેમણે અદ્ભુત સેવાભક્તિ કરી. સિત્તેર વર્ષની વયે વિ. સં. ૧૯૦૭માં અમદાવાદમાં કાળધર્મ પામ્યા ત્યારે નેમસાગરજીને કહ્યું કે, 'ઉત્કૃષ્ટ સાધુતાનું પાલન કરજે અને સંવેગી સાધુતાનો મહિમા પ્રસારજે. હું તો વૃદ્ધ થયો, પણ તું ઘણું કરી શકીશ; કરજે.'

શ્રી નેમસાગરજી સાચા સાધુ બની ગયા હતા. પ્રતિક્રમણ કરતા તેમને પૂરા ત્રણ કલાક થતા. સાબરમતી નદી ઉપયોગપૂર્વક ઓળંગતા તે તેમાં એક કલાક થતો; તપ અને ક્રિયા અને શુદ્ધ સમાચારીનું પાલન તેઓ દૃઢતાથી કરતા. બને ત્યાં સુધી સાધુઓ માટે નિર્માણ પામેલ ઉપાશ્રયમાં પણ ન ઊતરે, કપડાં અને આહાર પણ અત્યંત પરિમિત સ્વીકારે. શ્રી રુક્ષ્મણિ શેઠાણીએ પાંજરાપોળનો બંધાવેલો ઉપાશ્રય કે વિજાપુર-પેથાપુરમાં બંધોવેલી ધર્મશાળામાં પણ ન ઊતરે. અમદાવાદ પધારે ત્યારે શેઠ સૂરજમલના ડહેલામાં ઊતરે. પછી તે આમલી

પોળનો ઉપાશ્રય બન્યો. શ્રી રુક્ષ્મણિ શેઠાણી, શેઠ સૂરજમલ, શેઠ દલપતભાઈ ભગુભાઈ આદિ તેમનામાં ખૂબ શ્રદ્ધા રાખે.

એ સમયે શ્રી નેમસાગરજીએ શ્રીપૂજ્યો અથવા યતિઓની આજ્ઞા મગાવી, તેમને વંદન કરવા વગેરે પ્રથાઓ બંધ કરાવી. શ્રીપૂજ્યો અને યતિઓ એમાં પોતાનું અપમાન સમજ્યા. એમણે ફરમાન કર્યું કે, કોઈ પણ શ્રાવકે નેમસાગરને વંદન ન કરવું કે ગોચરી ન વહોરાવવી, પણ શ્રાવકોમાં ભાગ પડી ગયા હતા. એમણે યતિઓનો અનાદર કર્યો. વાદ-વિવાદ, ધાક-ધમકી શરૂ થયાં ને છેલ્લે સાધુઓને મારી નાખવા સુધીની વાત પહોંચી. નગરશેઠ હિમાભાઈ રુક્ષ્મણિ શેઠાણી સમક્ષ બોલી ગયા કે, 'નેમસાગરજીએ પરઘરમાં વધરાં (ઝઘડો) ઘાલ્યાં !'

એ સાંભળીને શેઠાણી દુઃખી થયાં. તેમણે કહ્યું, 'હું તો નેમસાગરજીને માટે પૂરી શ્રદ્ધા રાખું છું. મારે મન તમારાથી તે વિશેષ છે. આવા પવિત્ર ગુરુ તો ભાગ્યે જ મળે !'

ઘરઘર અને ગામેગામ વિવાદ છતાં નેમસાગરજી અફર હતા. યતિઓએ તેમને ભાંડ્યા, લોકોએ પથ્થર માર્યા, 'નગુણો' કહ્યા, પણ ડગે એ બીજા, નેમસાગરજી નહિ ! છેવટ ચર્ચાનાં મંડાણ થયાં. એક તરફ શિથિલાચારી યતિવર્ગ, બીજી તરફ નેમસાગરજી અને સંવેગી સાધુઓ. નેમસાગરજી એ વિવાદમાં જીત્યા. સાધુઓ યતિઓની ચુંગાલમાંથી છૂટ્યા. એ સમયે 'ચિદાનંદ સ્વરોદય'ના વિદ્વાન સર્જક શ્રી કપૂરચંદ્રજી મહારાજ હઠીભાઈની વાડીમાં પધાર્યા ત્યારે વિવાદપ્રેમી ભાવકોએ આ બેમાં કોણ સાચું ગણાય ?' - તેમ પૂછ્યું. શ્રી કપૂચંદ્રજીએ ટૂંકો ઉત્તર વાળ્યો કે, 'સુવિહિત ક્રિયા અને સમાચારી માટે શ્રી નેમસાગરજીનું કથન સત્ય છે.'

'જે જીતે તે પૂજાય' તે ન્યાયે શ્રી નેમસાગરજી પ્રત્યે શ્રાવકોમાં જયકાર વધ્યો. શ્રી નેમસાગરજી એ સર્વે પ્રત્યે નિરીહ હતા. એ દૂર સુધી ગોચરી વહોરવા જતા પોતાનો સામાન ખુદ ઊંચકતા, એક જ વખત આહાર ગ્રહણ કરતા, સંથારામાં ઓશીકાની જગ્યાએ ઇંટ મૂકતા અને ચોમાસામાં પાટની જરૂર પડે તો ખુદ ઊંચકી લાવતા. આંબેલનું તપ, મુહપત્તીનો ઉપયોગ વગેરે બરાબર રાખતા.

શાસનમાતા પદ્માવતીદેવીમાં તેમને શ્રદ્ધા હતી. નરોડા દર્શનાર્થે જતા. એકદા શેઠ દલપતભાઈ તથા તેમનાં માતુશ્રી ત્યાં આવ્યાં ત્યારે સાધુવર બોલી ગયા કે, 'માઈ, તેરા લડકા વીસ લાખ કા આસામી હોગા ઔર સિદ્ધાચલકા સંઘ નિકાલેગા.'

સાધુની વાણી સાચી ઠરી. શેઠ દલપતભાઈએ પાછળથી સંઘ કાઢ્યો હતો. શ્રી નેમસાગરજી મહારાજનો પ્રભાવ ગુજરાતમાં ગામડેગામડે પ્રસર્યો. આણંદ, ગોધાવી, વીરમગામ, રામપુરા, માંડલ, મહેસાણા, ચાણસ્મા, પાલનપુર, પાટણ વિજાપુર, માણસા પ્રાંતિજ, ઇડર ઇત્યાદિ ગામો તેમના ભક્તસમૂહ બની ગયાં. તેમણે ઠેરઠેર વ્યવહારશુદ્ધિ તથા સચ્ચારિત્રની શિખામણ આપી અને ત્યાગનો મહિમા વધાર્યો.

એ સમયે અમદાવાદમાં પાલિ-મારવાડના શેઠ રઘાજી, તેમનાં ધર્મપત્ની શ્રી માનકુંવર, સુપુત્ર રવચંદને લઈને રહેવા આવ્યાં. ઝવેરીવાડ નજીક નિશાપોળમાં રહે. રવચંદ નેમસાગરજી મહારાજનાં દર્શન-વંદન માટે નિયમિત જાય, ઉપદેશ સાંભળે. એને વૈરાગ્યની તમન્ના જાગી, પણ નેમિસાગજી દીક્ષા આપવામાં આનાકાની કરે અને માતા-પિતાની સંમતિ નહીં એટલે રવચંદ જાતે જ સાધુનો વેશ ધારણ કરી બેસી ગયો !

આ વાત જાણીને હજારો લોકો તેમને જોવા ઊમટ્યા. શેઠાણી રુક્ષ્મણિબહેન, શેઠ સૂરજમલ, શેઠ દલપતભાઈ અને રવચંદનાં માતા-પિતા તેને ઘેરી વળ્યાં. રવચંદને સમજાવવામાં કશી મણા ન રાખી, પણ રવચંદ કહે, 'મારે સાધુ જ થવું છે !' છેવટ, રુક્ષ્મણિબહેને સૌને સમજાવ્યા અને રવચંદને નેમસાગરજી મં.એ ઉલ્લાસપૂર્વક દીક્ષા આપી. વિ. સં. ૧૯૦૭ના માગશર સુદિ અગિયારસનો દિવસ ને નિશા પોળનો ઉપાશ્રય. તેમનું નામ રવિસાગરજી.

થોડાંક જ વર્ષના ચારિત્રપર્યાયમાં નેમસાગરજીને અસીમ લોકપ્રિયતા સાંપડી. એકદા, હંમેશાં તોળી-તોળીને બોલનારા એ સાધુજનથી પેથાપુરમાં વ્યાખ્યાનમાં બોલાઈ ગયું કે, 'અબ યહ શરીર જલદી છૂટ જાયેગા !'

અને એવું જ બન્યું. શંખેશ્વર તીર્થનાં દર્શન કરીને પાછા વળતાં મુંજપર ગામમાં તેઓ કાળધર્મ પામ્યા. જવાના સમયે તેમણે પોતાની પાટે શ્રી રવિસાગરજીને નીમ્યા.

શ્રી નેમસાગરજીને રવિસાગરજી, ધર્મસાગરજી,

કપુરસાગરજી, ગૌતમસાગરજી, વિવેકસાગરજી આદિ શિષ્યો થયા ને સાધ્વીઓમાં શ્રી જયશ્રીજી આદિ તેમની આજ્ઞામાં હતાં. સા. જયશ્રીજી દૃઢ ચારિત્ર્યવાન હતા. એક વાર તેમને સર્પ ડસ્યો ત્યારે શ્રી નવકારમંત્રનું સ્મરણ કરીને તેનું ઝેર ઉતાર્યું હતું.

રવિસાગરજી સિવાયના સાધુઓનો થોડોક જ પરિચય મળે છે : શ્રી ધર્મસાગરજી મૂળ અમદાવાદના રહીશ હતા અને તેમણે વિ. સં. ૧૯૦૮માં દીક્ષા લીધી. શ્રી રવિસાગરજી સાથે તેમણે ખભેખભા મેળવીને સાગરગચ્છ માટે અથાગ મહેનત કરી અને આ બંને ગુરુભાઈઓ વિ. સં. ૧૯૫૪માં કાળધર્મ પામ્યા.

શ્રી કપૂરસાગરજીની ગુરુભક્તિની બધે જ પ્રશંસા થતી. તેઓ ખરા બપોરે સૂર્યની આતાપના લેતા, એકાસણા કરતા. શ્રી વિવેકાસાગરજી મૂળ અમદાવાદના અને લગ્ન કર્યા પછી મોટી વયે દીક્ષા લીધી. વૃદ્ધાવસ્થામાં પાંજરાપોળના ઉપાશ્રયમાં તેમણે ૧૫થી ૨૦ ચોમસાં કર્યાં. કહે છે કે, શ્રી આત્મારામજી મહારાજ અમદાવાદ પધાર્યા ત્યારે શ્રી રાજેન્દ્રસૂરિજી સાથેના વિવાદમાં તેમણે સારો પરિશ્રમ કર્યો હતો.

શ્રી ગૌતમસાગરને શિષ્ય થયા તે શ્રી ઝવેરસાગરજી અને તેમના શિષ્ય તે પ્રસિદ્ધ આગમોદ્ધારક શ્રી સાગરનંદસૂરીશ્વરજી મહારાજ.

**શ્રી રવિસાગરજી મહારાજ**

શ્રી નેમસાગરજી મહારાજના શિષ્ય શ્રી રવિસાગરજી મહારાજ પુણ્યશાળી સાધુપુરુષ હતા. તેમના સમયમાં કહેવાતું કે 'ચારિત્ર અને ક્રિયા તો શ્રી રવિસાગરજીનાં જ.' શાંત, નિરાભિમાની, મૌન પાળે અને વૈરાગ્યથી સમૃદ્ધ શ્રી રવિસાગરજીએ ગુરુની જેમ જ સુવિશુદ્ધ સંયમનું પાલન કરીને કીર્તિ મેળવી. ગુજરાતમાં તેમનો બહોળો ભક્તવર્ગ ઊભો થયો. શેઠ દલપતભાઈ ભગુભાઈ અને તેમનાં ધર્મપત્ની ગંગાબહેન (વિજાપુરવાળા) તેમનાં અનન્ય સેવક હતાં. શ્રી નેમસાગરજી મહારાજના ભવિષ્યકથન મુજબ શેઠ દલપતભાઈએ શ્રી શત્રુંજય તીર્થના બે સંઘ કાઢ્યા. ગંગાબહેને તેમની નિશ્રામાં ઉપધાન તપ કર્યું. તેમના ઉપદેશથી શેઠ હેમાભાઈનાં પુત્રી અને શેઠ હઠીસિંહનાં પ્રથમ પત્ની શ્રી રુક્ષ્મણિ શેઠાણીએ પાંજરાપોળમાં શ્રી વાસુપૂજ્યસ્વામીની પ્રતિષ્ઠા કરાવી.

શ્રી રવિસાગરજીને પ્રભાવશાળી શિષ્યો મળ્યા. શ્રી રત્નસાગરજી, શ્રી શાંતિસાગરજી, શ્રી વિવેકસાગરજી, શ્રી કલ્યાણસાગરજી, શ્રી મણિસાગરજી, શ્રી હારસાગરજી, શ્રી ગુણસાગરજી, શ્રી ભાવસાગરજી, શ્રી સુખસાગરજી આદિ શિષ્યગણ છે.

આ શિષ્યોમાં શ્રી રત્નસાગરજી મૂળ પાટણના. વિ. સં. ૧૯૧૭માં તેમણે દીક્ષા લીધી. સંસારી નામ રામચંદ્ર શાહ, દીક્ષા પછી રત્નસાગરજી. શ્રી રત્નસાગરજી શાસ્ત્રોના પારગામી અને આગમના મર્મજ્ઞ હતા. શ્રી સિદ્ધિસૂરિજી, શ્રી ઋદ્ધિસૂરિજી તેમની પાસે ભણ્યા. શ્રી મોહનલાલજી મહારાજના અનેક શિષ્યો પણ તેમની પાસે ભણ્યા. સુરત, નવસારી, ગણદેવી તરફ લગભગ તેઓ ૩૦ વર્ષ સુધી વિચર્યા. તેમના નામથી 'શ્રી રત્નસાગરજી સ્કૂલ' આજેય સુરતમાં છે. તેમણે બાર વ્રતધારી શ્રાવક કલ્યાણભાઈ તથા ફૂલચંદભાઈને આગમના અર્થ સમજાવ્યા તથા શા. ચુનીલાલ છગનલાલને પ્રકરણગ્રંથો ભણાવ્યા તેવો એક ઉલ્લેખ સાંપડે છે.

શ્રી શાંતિસાગરજી નવો મત સ્થાપવાના પ્રયાસમાં રહ્યા, પણ સ્વયં ગુરુદેવ શ્રી રવિસાગરજી તથા શ્રી બૂટેરાયજીએ ભારે વિરોધ કરતાં તેમની વાત ન ચાલી.

શ્રી હીરસાગરજીનો ઉલ્લેખ વિશેષરૂપે કરવો પડે. કાળધર્મ પામ્યા તે દિવસે કપડાં ધોવાની કથરોટ તે શ્રાવકના ઘરે આપી આવ્યા. કોઈ શ્રાવકે કહ્યું કે, 'આપના ગુરુભાઈનો સંદેશો છે, હમણાં આવ્યા જાણો !'

'સંદેશો ભલે મોકલ્યો, પણ હવે .... મેળો .... થવો લખ્યો નથી.'

હીરસાગરજીએ પોતાની ચીજો પડોશમાં રહેતા સોનીને સોંપી. મહારાજશ્રીના વર્તનથી સૌ વિચારમાં પડ્યા. પૂછ્યું,

'આપ વિહાર કરવાના છો ?'

'હા.'

'ક્યે ગામ ?'

'મોટે ગામ.'

સાંજના શ્રાવકો ઉપાશ્રયમાં આવ્યા ત્યારે સૌએ ગજબનું દૃશ્ય જોયું : ચારે પ્રકારના આહાર ઇત્યાદિનો ત્યાગ કરીને સંથારો કર્યો છે. મુનિશ્રી ધ્યાનસ્થ દશામાં બેઠા છે, સામે પુસ્તક પર મરણવિધિનું પાનું ખુલ્લું મૂક્યું છે, ઉચ્ચ અને શુદ્ધ ધ્યાનદશામાં ઉત્તમ ભાવમાં બિરાજે છે ને ધીમાધીમા શ્વાસ ધબકે છે : રાતના બરાબર બાર વાગે દેહ છોડ્યો ! જાણે પોતાનું મૃત્યુ પોતે પહેલેથી જ જાણતા હતા ! સવારે

મણિસાગરજી આવ્યા અને અંતિમવિધિ વગેરે થયાં.

શ્રી ગુણસાગરજી નાની ઉંમરમાં કાળધર્મ પામ્યા.

શ્રી ભાવસાગરજી શ્રી રત્નસાગરજી મ. પાસે પ્રતિબોધ પામ્યા. તેઓ કવિ હતા અને સંગીતના જાણકાર પણ હતા. મૂળ નામ ફૂલચંદભાઈ. તેમની પાસે જ સાંકળચંદ નામના યુવાને પણ રવિસાગરજી મહારાજ પાસે દીક્ષા લીધી, તે શ્રી સુખસાગરજી મહારાજ.

મહેસાણામાં તેમણે યશસ્વી પાઠશાળાની સ્થાપના કરી – શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા. આ પાઠશાળા આજે પણ ચાલુ છે.

શ્રી રવિસાગરજી મહારાજનો ભક્તવર્ગ જેમ મોટો હતો તેમ એમના વિશાળ ચાહક વર્ગમાં સાધુજનો પણ હતા. જીવનનાં અંતિમ વર્ષોમાં મહેસાણામાં રહ્યા ત્યારે શ્રી વિજયાનંદસૂરિજી ખાસ મહેસાણા આવીને તેમના ઉત્કૃષ્ટ ચારિત્રની અનુમોદના કરી ગયા. શ્રી મોહનલાલજી મહારાજ ભોયણીથી દર્શન-વંદન માટે મહેસાણા આવ્યા. પં. સિદ્ધિવિજયજી પણ મહેસાણા પધાર્યા. પંજાબી મુનિ શ્રી દાનવિજયજી તથા સન્મિત્ર શ્રી કપૂરવિજયજી તેમના પ્રત્યે અહોભાવ સેવતા હતા.

મહેસાણામાં તેઓ કાળધર્મ પામ્યા. એ સમયે તેમની નિશ્રામાં અનેક શ્રાવકો તથા શ્રી સુખસાગરજી મહારાજ તથા સાધ્વીગણ ઉપસ્થિત હતો. શ્રી બુદ્ધિસાગરસૂરિજી મ. ત્યારે સંસારી અવસ્થામાં બહેચરદાસરૂપે હાજર. આ પછી તેમણે નોંધ્યું છે કે, 'રવિ અસ્ત થયો.'

પાલિતાણામાં મોતીશાની ટૂક, અમદાવાદમાં હઠીભાઈની વાડી, વડોદરાનું મુખ્ય જિનાલય વગેરેની પ્રતિષ્ઠા કરનાર આચાર્ય શ્રી શાંતિસાગરસૂરિજી રવિસાગરજી મહારાજના શિષ્ય હતા. નરોડાના પદ્માવતીમાતાના મંદિરનો જીર્ણોદ્ધાર હરકુંવર શેઠાણીએ કરાવેલો.

**શ્રી સુખસાગરજી મહારાજ**

શ્રી સાંકળચંદ મૂળ પાટણના. સં. ૧૯૦૭ના શ્રાવણ સુદ ૧૪ના તેમનો જન્મ. વીશા પોરવાડ જ્ઞાતિના શ્રાવક આલમચંદભાઈ તેમના પિતાનું નામ અને માતાનું નામ જડાવબાઈ. સાંકળચંદભાઈ શ્રી રવિસાગરજી મ.ના ખૂબ સંપર્કમાં રહેલા અને ધર્મના સંસ્કાર પ્રાપ્ત કરેલા. જુવાનીમાં સાકળચંદભાઈ ભરૂચ અર્થોપાર્જન માટે ગયા. ભરૂચમાં અનુપચંદ મલુકચંદ નામે શ્રાવક રહે. તેમણે સાંકળચંદભાઈના હૃદયમાં પડેલી વૈરાગ્યપ્રીતિને પોષી.

સાંકળચંદભાઈ ત્યાંથી સુરત ગયા. સુરતમાં શ્રી રત્નસાગરજી મ. એ તેમના વૈરાગ્યને દૃઢ બનાવ્યો. દીક્ષા માટે મક્કમ થઈ ગયા. તેમણે માતા-પિતાની સંમતિ મેળવીને રવિસાગરજી મ. પાસે દીક્ષા લીધી ને નામ કર્યું સુખસાગરજી મહારાજ.

શ્રી સુખસાગરજી મહારાજ ભદ્રિકપરિણામી અને સચ્ચારિત્રવંત સાધુ તરીકે પંકાયા. તેમણે અખંડ ગુરુસેવા કરી. શ્રી રવિસાગરજી મહારાજે જીવનના અંતિમ સમયે તેમને પોતાની પાટે નીમ્યા. શ્રી સુખસાગરજી મહારાજને એક સુપાત્ર શિષ્યા સાંપડ્યા તે પ્રસિદ્ધ યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસરીશ્વરજી મહારાજ. શ્રી સુખસાગરજી મહારાજને કુલ ૧૬ શિષ્યો હતા.

સાગરગચ્છના ઇતિહાસની આ તો એક છબી છે, પણ તેનાં દર્શન કેટલાં મનોહારી છે !

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9624640086

# પરદેશમાં વસતી ભાષાપ્રેમની સરવાણી

**ડૉ. અભય દોશી**

(અમેરિકાનિવાસી ગુજરાતી સાહિત્યકારો અને માતૃભાષા - લે. ઉષા ઉપાધ્યાય, પ્ર. ફલેમિંગો પબ્લિકેશન, અમદાવાદ. મૂલ્ય - ૨૦૦/- રૂ.)

પ્રા. ઉષાબહેન ઉપાધ્યાય ગુજરાતી ભાષાનાં એક સતત પ્રવૃત્ત અને સંન્નિષ્ઠ અધ્યાપક, કવયિત્રી અને વિવેચક તરીકે જાણીતાં છે. તેઓ માતૃભાષા ગુજરાતીને અઢળક ચાહે છે અને તેના ભાવિ માટે ચિંતિત છે. તેમના ભાષાપ્રેમમાંથી એક વિચાર જન્મ્યો કે - વિદેશ ખાસ કરીને અમેરિકાની ભૂમિમાં આપણી લાડકવાયી માતૃભાષાની સ્થિતિ શું છે ? ત્યાંના સાહિત્યકારોનો માતૃભાષા સાથેનો અનુબંધ કેવો છે ? તેઓનો માતૃભાષાથી જન્મભૂમિ સાથે, ગુજરાતી હોવાની ઓળખ સાથે નાતો બંધાય છે ? આવા કેટલાક પ્રશ્નોમાંથી આ પુસ્તકનું સર્જન થયું છે.

ઉષાબહેને યુજીસીની સબેટિકલ લીવનો લાભ લઈ આ દિશામાં એક સંશોધન કરવાનું વિચાર્યું. તેમણે આ અભ્યાસની ભૂમિકામાં યુનાઇટેડ સ્ટેટ્સનું નિર્માણ કેવી રીતે થયું તેની રજૂઆત કરી છે. ત્યારબાદ આ દેશમાં

આપણા ગુજરાતીઓના વસવાટના ચાર તબક્કાઓ રજૂ કર્યા છે. એ સાથે જ ત્યાંની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો એક ચિતાર રજૂ કર્યો છે. નવી પેઢી સાથેનો વિચારભેદ અને માતૃભાષા સાથેના વિચ્છેદની વાત પણ આ પ્રકરણોમાં સારી રીતે પ્રસ્તુત થઈ છે.

આ અમેરિકાની સામાજિક-સાંસ્કૃતિ ભૂમિકા પ્રસ્તુત કર્યા બાદ ચોથા પ્રકરણમાં વિદેશમાં વસતા સાહિત્યકારોનો માતૃભાષા સાથેના અનુબંધ અંગે સંશોધકે મોકલેલી દસ પ્રશ્નોવાળી પ્રશ્નોત્તરી મુકાઈ છે. વિદેશની ભૂમિમાં સર્જનરત ડાયસ્પોરા સર્જકોનાં સાહિત્યનું મૂલ્યાંકન કે અભ્યાસ આ શોધપ્રબંધનો વિષય નથી, પરંતુ કોલંબસે ખોજેલી કહેવાતી આ 'નવી દુનિયા'ના વાસીઓનો પોતાની પુરાતન સંસ્કૃતિને સંવહન કરનારી મા-બોલી સાથેનો નાતો તપાસવાનો સંશોધકનો અભિગમ છે અને આ પ્રશ્નોત્તરી સ્વાભાવિક રીતે આ નિસ્બતથી યોજાઈ છે.

અહીં સમાવેશ પામેલા સાહિત્યકારો ઉપરાંત કેટલાક સાહિત્યકારોની સંશોધકે અમેરિકા-યાત્રા દરમિયાન પ્રત્યક્ષ મુલાકાત લીધી છે, તેનું ભવિષ્યમાં એક સ્વતંત્ર પુસ્તકરૂપે નિર્માણ થશે.

માતૃભાષા સાથેના અનુબંધની વાત કરતા વિવિધ સાહિત્યકારોએ ગુજરાતી ભાષા સાથેના નાતાની વિસ્તારથી વાત માંડી છે. પ્રારંભે આનંદરાવ લિંગાયત વિષયને ત્યાંની સામાજિક, સાંસ્કૃતિક પરિસ્થતિમાં માતૃભાષાનું મહત્ત્વ સતત ઓછું થતું જાય છે, તેની ચિંતા વ્યક્ત કરી છે. તો ડૉ. કમલેશ લુલા સાથે વાત કરતાં, પ્રારંભિક દિવસોમાં ટેલિફોન-કૉલ દ્વારા ગુજરાતી ભાષા સાંભળવાના આનંદની વાત કરી છે. સાથે જ પોલિશ ઈમિગ્રન્ટ લેખકે લખેલી વાત નોંધી છે. 'ઈમિગ્રન્ટ' માટે માતૃભાષા એ તમારા આત્મામાં 'માતૃભૂમિ હોવા બરાબર છે''. આ જ વાતને જુદી રીતે રજૂ કરતા સ્વાનુભવથી કોકિલાબહેન રાવળ કહે છે, કોઈ ગુજરાતી મળે ને ગુજરાતીમાં વાત કરું ત્યારે હું ખીલી ઊઠું અને 'હું' જાણે 'હું' બની જાઉં.

અમેરિકાની ગુજરાતી ભાષાની સ્થિતિ વિશે જનક દેસાઈ કે એવા એક-બે અપવાદ છોડી ભાવિ પેઢી માટે સહુના ઉદ્ગારો નિરાશાજનક છે. દેવિકા રાહુલ ધ્રુવ જેવાં લેખકો નેટના વિસ્તાર સાથે ગુજરાતી ભાષાના સારા ભાવિની કામના કરે છે, તે વાસ્તવ બને એવી અભિલાષા રાખીએ. સાથે જ આ સાહિત્યકારો ભારતમાં પણ ગુજરાતી ભાષાની નબળી સ્થિતિ-પરિસ્થિતિ માટે આક્રોશ ધરાવે છે તેમ જ ભારતની ભૂમિમાં માતૃભાષા-સંવર્ધન માટેના નક્કર ઉપાયો સૂચવે છે, જેમાં ટેક્નોલૉજીના વિનિયોગ પર વધુ ભાર મૂક્યો છે અને તે યથાર્થ છે. માતૃભાષાની જાળવણીમાં આપણાં આ વિદેશી ભાઈ-બહેનોની મદદ લઈ ટેક્નોલૉજીને મોરચે ગુજરાતીને વધુ સુદૃઢ બનાવવાનું કાર્ય કરી શકાય.

ડૉ. પ્રતાપ પંડ્યા જેવા સંશોધકો પોતાના પ્રયોગોને પરિણામે બાળકની માતાની ભાષામાં પ્રાથમિક શિક્ષણ આપવાની હિમાયત કરે છે. અમેરિકાવાસી આ સાહિત્યકારની આ વૈજ્ઞાનિક-ભલામણને ધ્યાનમાં રાખવી ખૂબ જરૂરી છે. આ સાહિત્યકારનાં કુટુંબીજનો - વિદેશમાં જન્મેલાં બાળકો સુદ્ધાં ગુજરાતીમાં વાત કરે છે, એ વાત વાંચી આનંદ થાય છે.

તેઓ નોંધે છે કે, બિહાર, બંગાળ, પંજાબથી કે તમિલનાડુથી આવેલાં અનેક કુટુંબો માતૃભાષાને સારી રીતે સાચવી જાણે છે. ત્યારે મને ગુજરાતી તરીકે વિમાસણ થાય છે કે આપણી ગુજરાતી પ્રજા શા માટે વધુપડતી અંગ્રેજીઘેલી છે ?

બીજી વાત, આ સાહિત્યકારોએ કરી છે, તેમાં વર્તમાન ગુજરાતની સાહિત્યિક પરિસ્થિતિ માટેની ઊંડી ચિંતા દેખાય છે.

ભારતમાં બોલાતી ગુજરાતી ભાષાની પરિસ્થિતિ અંગે આ સર્જકો ઊંડી ચિંતા ધરાવે છે, તો પરદેશની ભૂમિમાં માતૃભાષા કેવી રીતે જીવંત રહે એની ઊંડી નિસ્બત પણ આ સાહિત્યકારો ધરાવે છે. કેટલાક સાહિત્યકારોએ વિદેશની ભૂમિમાં સામયિકો ચલાવ્યાં છે, તો કેટલાય સાહિત્યકારોએ ગુજરાતી ભાષાને માટે કમ્પ્યુટર પર નવા ફૉન્ટો વિકસાવ્યા છે.

ગુજરાતી ભાષા આ સર્જકોના જીવનમાં કેવી અંતરંગ બની છે, જીવનની ગાઢ નિરાશાઓની પળમાં સાથી બની છે, માંદગીમાં સહારો બની છે, તેની વાત સપના વિજાપુરાની વાત વાંચતાં સમજાય છે. સપના વિજાપુર ૨૦૦૯ની સાલમાં માંદગી સામે ઝઝૂમી રહી હતી, ત્યારે તેમના દીકરાએ ગુજરાતી લખાણનો એક બ્લૉગ ખોલી આપ્યો અને આ બ્લૉગના માધ્યમથી ગુજરાતીમાં લેખનકાર્ય કરતાં સપનાબહેને સ્વસ્થતાને પ્રાપ્ત કરી. તેમણે બે કવ્યસંગ્રહો અને એક નવલકથા પ્રકાશિત કરી. તેઓ

કહે છે કે, ''સાહિત્ય એ જ મારે માટે દવા છે''. તેઓ આગળ કહે છે, ''ગુજરાતીએ મારી જિંદગી બચાવી છે એમ કહું તો ચાલે. મેં મારો લખવાનો શોખ અમેરિકામાં આવ્યા પછી અભરાઈએ ચડાવ્યો હતો, પણ છેલ્લાં દસેક વરસથી મારા જીવનમાં નિરાશા વ્યાપી હતી અને મને ગુજરાતી ભાષાએ માની જેમ ખોળામાં લઈ લીધી, મને પંપાળી, મારી વાતો સાંભળી, મને સહારો આપ્યો.''

'ગુર્જરી ડાયજેસ્ટ'ના સંપાદક કિશોર વ્યાસ આ જ વાતને થોડા જુદા શબ્દોમાં રજૂ કરે છે –

''૧૯૭૧માં હું અમેરિકા આવ્યો હતો... સપનાઓનો ભંડાર લઈને, ઘણા બધાઓની જેમ જ ! એમાં આરંભનાં કેટલાંક વર્ષો તો અમેરિકાની આ પાવનભૂમિમાં નાખેલાં મૂળિયાંઓની માવજત કરવામાં જ નીકળી ગયાં ! વર્ષો વીતતાં ગયાં અમન-ચમનમાં! અને છતાં ઘણીવાર અંતરિયાળમાં ઢબુરાયેલો ખાલીપોં વ્યથાનો, વેદનાઓ, સંવેદનાનો અને હોમ સિક્નેસનો ઠેઠ ભારતની ભૂમિ સુધી મને લઈ જાય ! કશું ખૂટતું લાગે, કશુંક ખૂચતું લાગે. ઘણાં બધાંને ઘણી પ્રવૃત્તિઓ કરતાં જોઉં, મને પણ થાય કાંઈક કરું પણ શું કરું ?

એક સ્વપ્નું હતું – અમેરિકામાં ગુજરાતી ભાષાની, ભાવનાઓની, સંસ્કારિતાની સૌરભ મહેકતી રાખવાનું. અહીં કશું ગુજરાતી વાંચવાનું ન મળે. દુકાળ પડી ગયા જવું લાગે. ઘણા બધા મિત્રોના ચહેરા પર પણ આવી જ કોઈ વ્યથાના ભાવો વાંચું.''

આમ, આ ધરા પર કિશોર દેસાઈએ 'ગુર્જરી ડાયજેસ્ટ'નું પ્રકાશન-સંપાદન કરવાનું ચાલુ કર્યું. આમ માતૃભાષા સાથેના અનુબંધને જીવતો રાખવાનું કાર્ય આ સાહિત્યકારોએ પોતાની અંતરની આરતથી કર્યું છે. ગુજરાતી ભાષાએ તેમને આ વિદેશની ભૂમિ પર જીવવાનું બળ આપ્યું છે, તો સામે આ સર્જકો પોતાના સર્જનથી ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવાનું ચૂક્યા નથી.

ઉષાબહેન ઉપાધ્યાયે ૨૫ જેટલા સાહિત્યકારોની સાથે પ્રશ્નોત્તરી દ્વારા કરાયેલ વાર્તાલાપ અથવા ફોન દ્વારા લીધેલી મુલાકાત આ સૌનું સુંદર પ્રતિનિધિત્વ કરે છે. આજે ભારતમાં ગુજરાતી-ભાષાના અસ્તિત્વ અંગે ચિંતા છે. ત્યારે વિદેશમાં વહેતી આ ભાષાપ્રેમની સરવાણી આપણા હૃદયને આનંદિત કરે છે. સાથે જ જયારે ''અભિવ્યક્તિની તરાહમાં ભાષાઓનું મહત્ત્વ ઓછું થતું જાય છે''. જેવો રજનીકાંત શાહનો વાસ્તવદર્શી અભિપ્રાય કે પછી નવી પેઢી સુધી આ ભાષાપ્રેમની સરવાણી આગળ વધવાની અલ્પ સંભાવનાનું દર્શન ચિંતીત પણ કરે છે. આ ૨૫ સાહિત્યકારોનો સંક્ષિપ્ત પરિચય અપાયો હોત તો અમેરિકન ગુજરાતી સાહિત્યથી અપરિચિત લોકો માટે પુસ્તકનું મૂલ્ય વિશેષ વૃદ્ધિ પામત.

એમ છતાં, ઉષાબહેને ઉપાધ્યાયનો આ શોધ-પ્રયાસ અમેરિકાની સ્થિતિનો એક વાસ્તવિક ચિતાર તો આપે જ છે. સાથે ભારતમાં ગુજરાતી ભાષાની ખેવના રાખનારાઓ માટે નવી દિશાઓનું સૂચન પણ કરે છે. ભાષાપ્રેમને હૃદયમાં અંકિત કરનારાઓ ભાવકો માટે અવશ્ય વાંચવા, વસાવવા જેવો ગ્રંથ છે.

સંશોધકે લીધેલી પ્રત્યક્ષ મુલાકાતોનું બીજું પુસ્તક ઝડપથી પ્રકાશિત થાય એ માટે શુભેચ્છા તેમ જ શોધના નવાં પરિમાણોને પ્રગટ કરવા માટે ખૂબ ખૂબ અભિનંદન.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9892678278
abhaydoshi9@gmail.com

# શ્રી ભક્તામર સ્તોત્ર-આસ્વાદ

## ડૉ. રતનબેન ખીમજી છાડવા

ગાથા – ૨૮

**વ્યાપાર લાભદાયક**

**ઉચ્ચૈરશોક – તરુ સંશ્રિત – મુન્મયૂખ**
**માભાતિ રૂપ મમલં ભવતો નિતાન્તમ્ ।**
**સ્પષ્ટોલ્લસત્કિરણ – મસ્ત – તમોવિતાનં**
**નિમ્બં રવેરિવ પયોધર પાર્શ્વવર્તિ ॥૨૮॥**

**ભાવાર્થ :–** હે દેવાધિદેવ ! જેમ સર્વ અંધકારનો નાશ કરી ઉદયમાન થતું રવિરાજનું ઝળહળતું બિંબ મેઘમંડલનો આશ્રય કરતું શોભાયમાન લાગે છે, તેમ આપનું દેદીપ્યમાન, અલૌકિક, નિર્મળ રૂપ ઊંચા અશોકવૃક્ષની છાયામાં અપૂર્વ શાંતિમય પ્રકાશ આપી રહ્યું છે.

**વિવેચન :–** સ્તુતિકારની ભક્તિયાત્રા પ્રભુના

આધ્યાત્મિક ભાવોને સ્પર્શીને હવે પ્રસ્તુત શ્લોકમાં પ્રભુના દેહાદિક ભાવોના વર્ણન દ્વારા પ્રભુસ્તવના શરૂ થાય છે. ભક્તિ અને મહિમા આદિકાળથી સાથે જોડાયેલાં રહ્યાં છે. જ્યાં સુધી ભક્તહૃદય પ્રભુમહિમાની ભક્તિ ન કરે ત્યાં સુધી તેને ભક્તિની તૃપ્તિ થતી નથી અને જે સત્પાત્રો ભક્તિ પામ્યાં છે, તે બધાં લગભગ વિશિષ્ટ ગુણોથી અલંકૃત હોય છે. આવા વિશિષ્ટ ગુણોના પ્રાગટ્યથી જ તેઓ ભક્તજનોના મનને આકર્ષિત કરે છે. ત્યારે ભક્તિમાર્ગના આ સામાન્ય નિયમને અનુસરતા આચાર્યશ્રી પણ પ્રભુને મહિમામંડિત દર્શાવી તેમના ગુણગાન કરવા ઉદ્યમવંત થયા છે.

તીર્થંકરભગવંતોને જ્યારે કેવળજ્ઞાન થાય છે ત્યારે ઈન્દ્રમહારાજ આવીને અશોકવૃક્ષ આદિ આઠ મહાપ્રાતિહાર્યની (અતિશયોની) રચના કરે છે. આ મહાપ્રાતિહાર્યને તીર્થંકર પરમાત્માના વિશેષ મહિમાદ્યોતક ચિહ્નરૂપે લેખવામાં આવ્યા છે. આ આઠ પ્રાતિહાર્ય પ્રાયઃ કરી દેવકૃત હોય છે. દેવો નિરંતર પ્રભુની સેવામાં નિમગ્ન થઈને પારંપરિક કર્તવ્યનું પરિવહન કરે છે. આ શ્લોકમાં પ્રથમ પ્રાતિહાર્ય અશોકવૃક્ષનો ઉલ્લેખ કરીને તેનાં વિરાટ સ્વરૂપનો આભાસ આપવામાં આવ્યો છે. આ દેવકૃત અશોકવૃક્ષ જેવું તેવું નથી. તે વિલક્ષણ ઊંચાઈને ધારણ કરતું, પ્રભુના સમગ્ર શરીરને આવરી લેતું, વિશિષ્ટ ભાવોના આવરણથી શોભામાં વૃદ્ધિ કરતું હોય, તે રીતે અશોકવૃક્ષનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ વૃક્ષ માત્ર પરમાત્માનો દિવ્ય પ્રભાવ પ્રગટ નથી કરતું પરંતુ તેમાં જૈન કર્માનુસાર તીર્થંકર નામગોત્ર કર્મનો ઉદયભાવ પણ સ્પષ્ટ પરિલક્ષિત થાય છે, અર્થાત્ આ છે આ પદની ગરિમા.....

ભારતીય સંસ્કૃતિમાં અશોકવૃક્ષનું એક વિલક્ષણ સ્થાન છે. અશોકવૃક્ષને મંગલકારી માનવામાં આવે છે. તેનું માંગલ્ય તેના ગુણોથી ગ્રહણ કરવામાં આવ્યું છે, જેમ કે, આ વૃક્ષનાં પાંદડાં સદાય લીલાંછમ રહે છે, એટલું જ નહિ આ વૃક્ષને ફળ હોતાં નથી તેથી તેની ફળશક્તિ તેના કણકણમાં વ્યાપ્ત થયેલી છે. એટલે અદશ્યમાન ફળશક્તિનાં દર્શન થાય છે. બીજા કેટલાક ઔષધીય ગુણો પણ ધરાવે છે. તેથી તે સ્વતઃ મંગલ બન્યું છે.

પ્રસ્તુત શ્લોકમાં દેવાધિદેવની સેવામાં ઉત્પન્ન થતું અશોકવૃક્ષ તો ખરેખર અલૌકિક છે. આ કોઈ વનસ્પતિકાયનું વૃક્ષ નથી, પરંતુ તે દિવ્ય પુદ્ગલોની અદ્ભુત રચના છે. તે જમીનથી અદ્ધર, મૂળ વગરનું હોય છે. આ ફક્ત ને ફક્ત પરમાત્માના અતિશય પ્રભાવનું એકમાત્ર કારણ હોવાથી તેના ઉદ્ભવમાં શંકિત બનવું નિરર્થક છે. તે તીર્થંકરના દેહમાનથી ૧૨ ગણું ઊંચું હોય છે. એટલા માટે જ સ્તુતિકારે અહીંયાં માપ આપ્યા વગર ફક્ત 'ઉચ્ચૈ' શબ્દનો પ્રયોગ કર્યો છે. જોકે અહીં 'ઉચ્ચૈ' શબ્દ દ્વારા કવિશ્રીએ આધ્યાત્મિક ભાવોની ગૂંથણી ખૂબીથી કરી છે, જેમ કે વૃક્ષની ઊંચાઈ સીમા અથવા મર્યાદાવિશેષમાં બાંધી શકાય, પરંતુ પ્રભુભક્તિની ઊંચાઈને ન તો કોઈ સીમા અથવા મર્યાદામાં બાંધી શકાય કે ન તો તેનું માપ કાઢી શકાય!

અશોકવૃક્ષની ઊંચાઈ અપાર છે. આટલી ઊંચાઈ ઉપર રહીને પણ પ્રભુના દેહમાનને છાયાના ગુણથી લાભાન્વિત કરે છે. અહીં સહેજે મનમાં પ્રશ્ન ઉદ્ભવે કે આધ્યાત્મિક ગુણોમાં રમણ કરતાં દેવાધિદેવને આવી બધી આડંબર પ્રગટ કરતી માયા શા માટે અનુસરણ કરે છે? એક તરફ માયાને ત્યાગવાની વાત કરે છે અને બીજી તરફ શાસ્ત્રો પરમાત્માના સંપૂર્ણ શ્રુતને માયાવી ભાવોથી ઉદ્ઘોષિત કરે છે! તેનું કારણ એ છે કે પરમપુણ્યના ઉદયથી તીર્થંકરપદને પ્રાપ્ત કરીને જીવાત્મા પરમવૈભવ હોવા છતાં માયાથી સર્વથા અપ્રભાવિત રહીને અનેક જીવોના કલ્યાણનું નિમિત્ત બને છે, અજ્ઞાનયુક્ત માયાનો પરિહાર કરવામાં નિમિત્ત બને છે. જ્ઞાનનો પ્રભાવ ભોગના પ્રભાવ કરતાં ઘણો શ્રેષ્ઠતમ છે. અશોકવૃક્ષ આદિ અતિશયો તેની સાક્ષી આપે છે.

અહીં કવિશ્રી કહે છે કે, વિશાળ, દિવ્ય અને અદ્ભુત વિલક્ષણોથી ભરપૂર એવા વૃક્ષનો આશ્રય કરીને રહેલું પ્રભુનું દેહબિંબ પણ વધારે નિર્મળ શોભાને ધારણ કરે છે. પ્રભુ અનંત જ્ઞાનના સ્વામી હોવાથી વૃક્ષની માયા પણ જાણે સત્ત્વગુણી બની પ્રભુની શોભામાં વધારો કરી રહી છે. જાણે પ્રભુના દેહથી વૃક્ષ અને વૃક્ષથી પ્રભુનો દેહ શોભે છે. આ બન્નેના પ્રભાવથી ભક્તની ભક્તિ પણ ખીલી ઊઠે છે.

પ્રસ્તુત શ્લોકની બીજી પંક્તિમાં સ્તુતિકાર 'અમલ' શબ્દ દ્વારા અહેસાસ કરાવે છે કે પ્રભુનો આત્મા તો અ-મલ છે જ, પણ પ્રભુનો દેહ પણ સર્વથા નિર્મળ બની ગયો છે. આવો નિર્મળ દેહ નિર્મળ અશોકવૃક્ષથી

નિર્મળતાનો સંગમ પામી સીમિત ન રહેતા ચારેબાજુ કિરણોની આભાને પ્રગટ કરી રહ્યો છે. જેમ સૂર્ય અંધકારનો સર્વથા નાશ કરીને વાદળાંના ઘટાટોપમાંથી બહાર નીકળીને એકાએક પ્રકાશિત થાય છે. તે વખતે જાણે એક અદ્ભુત દશ્યમાન લીલાનું સર્જન થાય છે. તેવી જ રીતે અશોકવૃક્ષ તથા પ્રભુનો દેહ પરસ્પર મેળ પામીને એક અનોખી શોભાને ધારણ કરે છે, એટલું નહિ, પ્રભુનો કેવળજ્ઞાનનો સૂર્ય પણ કર્મરૂપી વાદળોથી ઢંકાયેલા અજ્ઞાનરૂપી અંધકારને પોતાની દિવ્યદેશનારૂપ કિરણોથી દૂર કરે છે. આમ કવિશ્રીએ અહીં પ્રભુના મહિમારૂપ આઠ પ્રાતિહાર્યના શુભારંભમાં અશોકવૃક્ષ નામના પ્રથમ પ્રાતિહાર્યને પલ્લવિત કર્યું છે.

પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રીએ આત્માની દિવ્યશક્તિનાં દર્શન કરાવ્યાં છે. આધ્યાત્મિક પરિણતિ અને પુણ્યયોગની પરિણતિ, બન્ને ઉચ્ચ કક્ષામાં હોય ત્યારે સર્વોત્તમ ભાવમાં પરિણત થાય છે. અર્થાત્ ચૈતન્યવૃત્તિ જ્યારે શુદ્ધ ચેતનામાં પરિણામ પામે ત્યારે પૌદ્ગલિક સૃષ્ટિમાં પણ પુદ્ગલો ઉત્તમ પરિણામ પામી જીવના શુભ યોગો સાથે શુક્લ પર્યાયને ધારણ કરી ચારેતરફ વિવિધ રૂપે ગોઠવાઈ જાય છે. સાધક જેમજેમ ઈચ્છારહિત ભાવથી સાધનાના ક્ષેત્રમાં આગળ વધે છે ત્યારે ભૌતિક સંપત્તિ કે પુણ્યના પ્રભાવો સ્વતઃ તેને સહાયક બને છે, જેમ કે અશોકવૃક્ષ આદિ વૈભવ પ્રભુની ઈચ્છાથી પરિણત થતાં નથી. પ્રભુ તો સર્વથા ઈચ્છારહિત હોય છે. ત્યારે જ આ ભૌતિક વૈભવ સ્વતઃ પ્રગટ થાય છે. આધ્યાત્મિક પરિણતિ અને પુદ્ગલનું ઉચ્ચ કોટિનું પરિણમન તે બંનેનો સંહચાર શ્રેષ્ઠતામાં પરિણમે છે.

હવે કવિશ્રી ક્રમશઃ મહિમા ક્રમમાં એક પછી એક પ્રાતિહાર્યનું કથન કરતાંકરતાં આગળ વધી રહ્યા છે...

**ઋદ્ધિ :- ॐ ह्रीं अर्हं णमो महातवाणं ।**

**મંત્ર : ॐ नमो भगवते जये विजये, जृम्भय, जृम्भय, मोहय-मोहय, सर्वसिद्धि सम्पति-सौख्यं कुरुं कुरु स्वाहा।**

**વિધિવિધાન :-** પવિત્ર થઈ પીળા વસ્ત્ર ધારણ કરી, ઉત્તર અથવા પૂર્વ દિશા તરફ મુખ કરી યંત્ર સ્થાપિત કરી, પૂજા કરવી. ત્યાર બાદ પીળા આસન પર બેસી પીળી માળા દ્વારા પ્રતિદિવસ એક હજાર વાર ઋદ્ધિ મંત્રની આરાધના કરી બાર હજાર જાપ પૂરા કરવા.

**ફલાગમ :-** યંત્ર પાસે રાખવાથી તેમ જ પ્રતિદિવસ અઠ્ઠાવીસમી ગાથા, ઋદ્ધિ ને મંત્રની આરાધના કરવાથી વ્યાપારમાં લાભ, સુખ-સમૃદ્ધિ, યશ, વિજય, સન્માન વગેરે મળે છે.

શ્રી ભક્તામર સ્તોત્રની અઠ્ઠાવીસમી ગાથાનું સ્મરણ-આરાધના કરવાથી શું લાભ પ્રાપ્ત થાય છે તે દર્શાવતી એક પ્રાચીન કથા.....

### રૂપકુંડલીની કથા

વર્ષો પહેલાંની આ વાત છે. દક્ષિણ દેશમાં ધરાપુરી નામે એક નગરી હતી. ત્યાં પૃથ્વીપાલ નામના રાજા રાજ્ય કરતા હતા. આ રાજાને સાત પુત્રો અને એક કન્યા હતી. આ કન્યા ખૂબ જ રૂપવાન, લાવણ્યસમ્પન્ન હતી. એના રૂપ-ગુણ અનુસાર એનું નામ પણ રૂપકુંડલી રાખવામાં આવ્યું હતું. વિધાતાએ આ કન્યાને એટલી સ્વરૂપવાન સુંદર બનાવી હતી કે સ્વર્ગની અપ્સરાઓ પણ એની સામે ઝાંખી લાગતી હતી.

એક દિવસ રૂપકુંડલી પોતાની સખીઓ સાથે આનંદ કિલ્લોલ અર્થે વનવાટિકામાં ગઈ. ત્યાં તેણે એક ધ્યાનસ્થ દિગંબર જૈન સાધુને જોયા. સાધુની નગ્ન અવસ્થા, મલિન અંગ, મુંડિત મસ્તક વગેરે જોઈને તેના મનમાં સાધુ પ્રત્યે ઘૃણા ઉત્પન્ન થઈ. રૂપ અને સત્તાના અભિમાનમાં આવી તે પેલાં તપસ્વી સાધુને કઠોર વચનોમાં ગમેતેમ બોલવા લાગી કે, હે નિર્લજ્જ, કુરૂપ, અમંગલકારી, લાજમર્યાદા મૂકી મૂઢ જેવો અહીં શા માટે તું ઊભો છે? આવાઆવા કઠોર શબ્દોથી તેણે પેલા પરમતપસ્વીની ઘોર નિંદા કરી. છતાં સર્વ ત્યાગી એવા મહાત્મા તો એક પણ શબ્દ બોલ્યા વિના મૌન રહ્યા.

પરંતુ રૂપકુંડલીનો આત્મા આ કૃત્યથી પાપકર્મના બંધથી આવૃત્ત બની ગયો અને પરિણામ એ આવ્યું કે થોડા જ દિવસમાં તે સ્વરૂપવાનમાંથી કુરૂપ બની ગઈ. તેનું આખું શરીર કોઢથી ગ્રસિત બની ગયું. શરીરનાં રોમરોમ ખરવા લાગ્યાં. હાથ-પગ બધું જ ગળવા લાગ્યું. ધીમેધીમે આખું શરીર કુરૂપ બની ગયું.

**વાર્તાકથા :-** રૂપકુંડલી પોતાની આવી દુર્દશા જોઈને ખૂબ જ દુઃખિ થઈ. મનમાં વિચારવા લાગી, મેં પેલા તપસ્વી મુનિની નિંદા કરી હતી, તેનું જ ફળ મને મળ્યું છે. મને નિંદાનું મહાપાપ લાગ્યું છે, જેના કારણે હું કુષ્ટરોગી બની છું. આમ પોતાના કાર્ય પર પશ્ચાત્તાપ

કરવા લાગી કે, હું મુનિ પાસે જઈને મારા આ અધમ કૃત્ય બદલ ક્ષમા માગીશ, સાધુ તો કરુણાના સાગર હોય છે, તે જરૂર મને ક્ષમા કરશે.

રૂપકુંડલી રોતીરોતી, પશ્ચાત્તાપ કરતી મુનિરાજ પાસે ગઈ અને પોતાનું દુઃખ જણાવ્યું. ત્યારે સમદર્શી મુનિરાજે તેને જૈન ધર્મનો ઉપદેશ આપ્યો તેમ જ સમ્યક્દર્શનની સાચી સમજણ આપી, એટલું જ નહિ, મહાપ્રભાવક શ્રી ભક્તામર સ્તોત્રની અઠ્ઠાવીસમી ગાથા ઋદ્ધિ, મંત્ર સાથે શીખવાડી. જૈન ધર્મમાં શ્રદ્ધા થવાથી રૂપકુંલીએ પણ ભાવપૂર્વક અઠ્ઠાવીસમી ગાથાનું પઠન-પાઠન વિધિસર શીખી લીધું. ત્યાર બાદ તે મુનિરાજને વંદન-નમસ્કાર કરી પાછી ફરી.

રાજમહેલમાં આવી તેણે ત્રણ દિવસ અને રાત એકધારું વિધિપૂર્વક, શ્રદ્ધાપૂર્વક અઠ્ઠાવીસમી ગાથાનું રટણ કર્યું. ત્રણ દિવસ પૂર્ણ થયા, ચોથા દિવસનું પ્રભાત થયું, તે આસન પરથી ઊભી થઈ, પણ આ શું, તે પહેલાં જેવી જ સ્વરૂપવાન બની ગઈ હતી. રાજા-રાણી પણ તેને જોઈને ખૂબ આનંદિત બન્યાં. પોતાની પુત્રી પાસેથી બધો વૃત્તાંત સાંભળીને તેઓએ પણ જૈન ધર્મનો સ્વીકાર કર્યો તેમ જ પોતાના રાજ્યમાં પણ જૈન ધર્મનો જયજયકાર કરાવ્યો.

ત્યાર બાદ રાજાએ રૂપકુંડલીનાં લગ્ન ગુણશેખર નામના સદ્ગુણી રાજકુમાર સાથે કરાવવાનો પ્રસ્તાવ મૂક્યો, પરંતુ રૂપકુંડલીના હૃદયમાં તો હવે મુનિરાજનો ઉપદેશ અંકિત થઈ ગયો હતો. તેણે લગ્ન કરવાની ના પાડી. તે હવે નાશવાન શરીરનો સાચો ઉપયોગ સમજી ગઈ હતી. તેથી મુનિરાજ પાસે જઈને તેણે અર્જિકાનું વ્રત ધારણ કર્યું અને આયુષ્યના અંત સમયે સમાધિપૂર્વક દેહ છોડી સ્વર્ગમાં ગઈ.

ખરેખર! શ્રી ભક્તામર સ્તોત્રની એક ગાથા પણ અગણિત લાભ પ્રાપ્ત કરાવે તેવી છે...

અસ્તુ

❖ ❖ ❖ ❖

સંપર્ક : 98928 28196

# જ્ઞાનસંવાદ - ૫

ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

ગયા અંકમાં સંસ્થાન વિશે જાણ્યું. હવે આગળનાં દ્વાર જાણીએ.

**૫) કષાય દ્વાર :-** કષાય કષ્ + આયથી બન્યો છે. કષ્ એટલે સંસાર અને આય એટલે લાભ. જેનાથી સંસારની વૃદ્ધિનો લાભ થાય તે કષાય.

જે શુદ્ધ સ્વભાવી જીવને કલુષિત અથવા કર્મથી મલિન કરે છે તેને કષાય કહે છે. કલૃષ્ ધાતુથી કષાય શબ્દ બન્યો છે. કલૃષ ધાતુનો કષ્ આદેશ થઈ જાય છે. કષ્નો એક અર્થ આકર્ષણ પણ થાય છે, જે કાર્મણ વર્ગણાઓને આકર્ષે છે અને આત્મા પાસે ખેંચીને લાવે છે જે પછીથી કર્મનું સ્વરૂપ ધારણ કરે છે. માટે એના માટે એમ પણ કહેવાય છે કે કર્મરૂપી ખેતરને ખેડીને તેને સુખ-દુઃખરૂપી ધાન્યની ઊપજ કરાવે છે તેને કષાય કહે છે. જેમાં આત્માની અંદર રહેલાં અશુભ કલુષ પરિણામો મહત્ત્વનો ભાગ ભજવે છે.

કષાયને સંકલેષ કહ્યો છે. સંકલેષ એટલે ખળભળાટ. અનુકૂળ પદાર્થ ન મળવાથી, અનુકૂળ કાર્ય ન થવાથી સંકલેષ શરૂ થાય છે. પોતાનું ધાર્યું ન થાય તો ધાર્યું કરાવવા આત્મા અનેક પ્રકારના ઘોડા ઘડે છે એનું નામ સંકલેષ છે. ક્રોધ-માન-માયા-લોભનો પ્રભાવ જ્યારે જીવ પર પડે છે ત્યારે જીવનો ખળભળાટ જોવા જેવો હોય છે.

**ક્રોધ** - જીવ પર જ્યારે ક્રોધ સવાર થાય છે ત્યારે ગમે તેવા પ્રેમીજનને પણ હતો ન હતો કરી નાખે છે. આપણી અંદર રહેલી ઊર્જા જ્યારે આક્રમક બની જાય છે ત્યારે આવી પરિસ્થિતિ ઉત્પન્ન થઈ જાય છે.

**માન** - આપણી અંદર રહેલી ઊર્જા જ્યારે અક્કડ થઈ જાય છે ત્યારે માન સવાર થઈ જાય છે. હું જ શ્રેષ્ઠ છું, હું જ કાંઈક છું એવી અનુભૂતિ થાય છે જેથી નાના-મોટાનું ભાન ભૂલાઈ જાય છે અપમાન કરી બેસે છે અને નમ્રતા-વિનયને નેવે મૂકી દે છે.

**માયા** - આપણી અંદર રહેલી ઊર્જા વક્ર થઈ જાય છે. ઉલઝી જાય છે ત્યારે માયાનો ઉદ્ભવ થાય છે જેના કારણે હૃદયમાં જુદા પ્રકારનો ભાવ અને બહારથી જુદા પ્રકારનો વ્યવહાર કરવાની પ્રેરણા મળે છે. મનમાં કાંઈક અને મુખમાં કાંઈક આ પ્રકારના ભાવ મિત્રતા થવા દેતા નથી. મિત્રતાનો નાશ કરે છે.

**લોભ** - આપણી અંદર રહેલી ઊર્જા દમન કરે છે ત્યારે

લોભનો ઉદ્‌ભવ થાય છે. જેથી લાલસા, લાલચ, લોલુપતા વધી જાય છે. લોભ તો સર્વનો વિનાશ કરે છે. જ્યારે જીવ લોભવશ બને છે ત્યારે સારાસારનો વિવેક ભૂલી જાય છે. પોતાના ભવિષ્યનો વિચાર કરવાનો પણ ભૂલી જાય છે. લોભવશ થતાં પુત્ર-પરિવાર પ્રત્યેની ફરજ કે માતા-પિતા અને ગુરુજનોનો ઉપકાર પણ ભૂલી જાય છે.

લોભને કારણે મનુષ્ય કોઈ પણ પદાર્થનો ત્યાગ કરી શકતો નથી. લોભી માણસને સંતોષ થતો જ નથી. લોભને પાપનો બાપ કહ્યો છે. લોભ વધે તેમ લાભ વધે છે, લાભ વધે તેમ લોભ વધે છે. લોભ મહાન દુર્ગતિદાતા છે. આત્માનો મહાન શત્રુ છે.

પન્નવણા સૂત્ર પદ - ૧૪માં કષાયના ૧૬ પ્રકાર બતાવ્યા છે. જેમ કે ક્રોધાદિ ચારે કષાય ચાર સ્થાન પર આધાર રાખે છે. (૧) આત્મપ્રતિષ્ઠિત - પોતાને પોતા પર ક્રોધ આવે. દા.ત પોતાથી થયેલી ભૂલને કારણે પોતાને મારે, માથું પછાડે વગેરે.

(૨) પરપ્રતિષ્ઠિત-બીજાને કારણે આવે (૩) ભય પ્રતિષ્ઠિત - બંને માટે પોતા અને પરને કારણે આવે (૪) અપ્રતિષ્ઠિત વિનાકારણે માત્ર મોહનીય કર્મના ઉદયથી થાય. ક્રોધાદિ ઉત્પત્તિનાં ચાર કારણઃ (૧) ખેતર, વાડી, બગીચા આદિ ખુલ્લી જમીન માટે (૨) મકાન, દુકાન, ગોડાઉન વગેરે ઢાંકેલી જમીન માટે (૩) શરીરમાં બીમારી વગેરે આવે એ કારણથી (૪) ઉપધિ-વસ્ત્ર, અલંકાર, ફર્નિચર, રાચરચીલા વગેરે પ્રિય વસ્તુઓના કારણે ચારે પ્રકારના કષાયની ઉત્પત્તિ થઈ જાય છે. કષાયના ચાર ભેદઃ (૧) આભોગ-જાણીને કરે (૨) અણાભોગ અજાણતા કરે (૩) ઉપશાંત-દબાવી રાખે (૪) અણુપશાંત-ઉદય અવસ્થાને પ્રાપ્ત કરે.

ક્રોધાદિના ચાર પ્રકાર - અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલન.

(૧) અનંતાનુબંધી - સમક્તિની પ્રાપ્તિ થવા ન દે તેવા કષાય અને સંજ્વલન

(૨) અપ્રત્યાખ્યાનાવરણીય - દેશ વિરતિ-શ્રાવકપણું આવવા ન દે એવા કષાય

(૩) પ્રત્યાખ્યાનાવરણીય - સાધુપણું ન થવા દે એવા કષાય.

(૪) સંજ્વલન - યથાખ્યાત ચારિત્ર ન થવા દે એવા કષાય.

આ રીતે ૧૬ પ્રકાર બતાવ્યા છે. પછી એનો વિસ્તાર છે જિજ્ઞાસુને ત્યાં જોવા વિનંતી.

આમ કષાય વિશે શાસ્ત્રોમાં ઘણું ચિંતન જોવા મળે છે. જ્યાં સુધી વીતરાગ દશા ન આવે ત્યાં સુધી આ કષાયો આપણા પર રાજ કરે છે, એટલે કે વીતરાગીને છોડીને સંસારના દરેક જીવમાં ઓછા-વધતા પ્રમાણમાં કષાય હોય છે. માટે જ **ચોવીસે દંડક**માં ચારે કષાય હોય છે.

**કષાયનું ચિંતન -**

કષાય આત્માનો ખતરનાક શત્રુ છે, જેને હંફાવવાની, હરાવવાની જરૂર છે, પરંતુ એ પહેલાં આપણને પ્રતીતિ થવી જોઈએ કે ખરેખર કષાય શત્રુ છે. કષાય પર વિજય મેળવવા માટે સાધુપણું અંગીકાર કરવું જરૂરી છે, તો જ કષાયને જીતી શકાય, એના પર વિજય મેળવી શકાય. કષાય જીતાઈ જાય પછી કર્મની ફોજ પણ પીછેહઠ કરવા લાગે છે. કષાય અને યોગની કર્મબંધમાં જુગલબંધી હોય છે. કષાયના જવાથી યોગ પણ મંદ થઈ જાય છે. માત્ર યોગથી થતો કર્મબંધ જલદીથી ખરી જાય એવો હોય છે. કષાયની હાજરીમાં થતો બંધ મજબૂત હોય છે.

આત્મા જ્યારે યોગની પ્રવૃત્તિ કરે છે ત્યારે એના દ્વારા પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ થાય છે અને એમાં જીવના કષાયરૂપ પરિણામ જેટલા થાય તે પ્રમાણે સ્થિતિબંધ અને રસબંધ થાય છે. માટે કષાયને જીતવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**(૬) સંજ્ઞા દ્વાર -**

જગતના દરેક જીવોને શારીરિક પ્રવૃત્તિના નિમિત્તરૂપ કેટલીક વૃત્તિઓ થાય છે, જેમ કે આહારની ઈચ્છા, ભયની લાગણી, કામભોગની અભિલાષા, સંગ્રહવૃત્તિ વગેરે જે બહુલતયા સ્વચિત્તાલંબી છે, અર્થાત્ પોતાનાં માનસિક પરિબળો પર નિર્ભર છે તેમાં બાહ્ય પરિબળો ઓછો ભાગ ભજવે છે. એ પ્રમાણે એની વૃત્તિ-પ્રવૃત્તિ થતી હોય છે. જૈન દર્શનમાં આ વૃત્તિ-પ્રવૃત્તિને સંજ્ઞા નામ આપવામાં આવ્યું છે. સંજ્ઞાનું ઉપાદાન કારણ જીવે બાંધેલાં કર્મ છે.

**આહારસંજ્ઞા** - ક્ષુધાવેદનીયના ઉદયથી આહાર અર્થે પુદ્‌ગલોને ગ્રહણ કરવાની ઈચ્છા થવી તે આહાર પ્રત્યેનો આસક્તિભાવ આહારસંજ્ઞા છે.

**ભયસંજ્ઞા**-ભયમોહનીયના ઉદયથી ઉત્પન્ન થનાર ત્રાસરૂપ પરિણામનો વિચાર થવો તે ભયસંજ્ઞા છે.

**મૈથુનસંજ્ઞા** - સ્ત્રી-પુરુષ-નપુંસકવેદના ઉદયથી કામભોગની જે અભિલાષા થાય છે તે મૈથુનસંજ્ઞા છે.

**પરિગ્રહસંજ્ઞા** - તીવ્ર લોભના ઉદયથી પરિગ્રહની જે અભિલાષા, લોભના વિપાકોદયથી મૂર્ચ્છાના પરિણામ ઉત્પન્ન થાય તે પરિગ્રહસંજ્ઞા છે.

આ ચાર સંજ્ઞા મુખ્ય છે. આ ઉપરાંત ૧૦ સંજ્ઞા ભગવતી સૂત્રના શતક ૭ના ૮મા ઉદેશામાં બતાવી છે તો ૧૬ સંજ્ઞા આચારાંગની નિર્યુક્તિ ગાથા નંબર ૩૮-૩૯માં છે. જિજ્ઞાસુને ત્યાં

જોઈ લેવા વિનંતી.

સંજ્ઞા ૨૪ સે દંડકમાં હોય છે. ગુણસ્થાન આશ્રી ૧થી ૬ ગુણસ્થાન સુધી સંજ્ઞા હોય છે તેથી ૭મા અપ્રમત ગુણસ્થાનથી ઉપરના બધા ગુણસ્થાનવાળામાં સંજ્ઞા હોતી નથી. એટલે મનુષ્યના દંડકમાં ૪ સંજ્ઞા અને ૦ સંજ્ઞાવાળા જીવો હોય છે.

**નારકીમાં** સૌથી થોડી મૈથુનસંજ્ઞા તેથી આહારસંજ્ઞા સંખ્યાતગણી તેથી પરિગ્રહસંજ્ઞા સંખ્યાતગણી તેથી ભયસંજ્ઞા સંખ્યાતગણી એટલે ક્રમશઃ વધારેવધારે હોય એટલે ચારમાંથી ભયસંજ્ઞા સૌથી વધુ હોય છે.

**તિર્યંચમાં** સૌથી થોડી પરિગ્રહસંજ્ઞા તેથી મૈથુનસંજ્ઞા સંખ્યાતગણી, તેથી ભયસંજ્ઞા સંખ્યાતગણી, તેથી આહારસંજ્ઞા સંખ્યાતગણી, તિર્યંચોની દિનચર્યા જોઈશું તો આપણને આ ચારે સંજ્ઞાનો અનુભવ થશે. એને પરિગ્રહ કરવા જેવા સ્થાન કેટલાં? બહુબહુ તો પોતાનાં દર, બખોલ, બોડ, રાફડો કે માળામાં થોડું ઘણું એકત્ર કરી શકે. મૈથુન પણ ઋતુમાં આવે ત્યારે હોય, સતત ન હોય. ભય થોડો વધારે હોય. બીજા જીવોનો કોળિયો બની જવાનો ભય હોય અને આહારસંજ્ઞા સૌથી વધારે જ્યારે જોઈએ ત્યારે અહીં તહીં મોઢું નાખીને ખાતા જ હોય.

**મનુષ્યમાં** સૌથી થોડી ભયસંજ્ઞા તેથી આહારસંજ્ઞા સંખ્યાતગણી તેથી પરિગ્રહસંજ્ઞા સંખ્યાતગણી તેથી મૈથુનસંજ્ઞા સંખ્યાતગણી. આ પણ મનુષ્યજાતિનો અભ્યાસ કરતા સરેરાશ અનુભવાશે. એક અલગ વાત છે કે કર્મોદય પ્રમાણે ક્યારેક આ સંજ્ઞાનો ક્રમ કોઈકમાં આગળ-પાછળ દેખાઈ શકે તેમ જ સાધક જીવોમાં ન પણ અનુભવાય.

દેવમાં સૌથી થોડી આહારસંજ્ઞા તેથી ભયસંજ્ઞા સંખ્યાતગણી તેથી મૈથુનસંજ્ઞા સંખ્યાતગણી તેથી પરિગ્રહસંજ્ઞા સંખ્યાતગણી હોય છે.

આ સંજ્ઞાઓ કોઈને સામગ્રી અવિક મળવાથી પ્રવૃત્તિરૂપે હોય છે તો કોઈમાં સત્તારૂપે હોય છે. અસંજ્ઞીમાં અવ્યક્તરૂપે અને સંજ્ઞીમાં વ્યક્તરૂપે હોય છે, પણ કેટલાક મનુષ્યોને છોડીને દરેક સંસારી જીવોમાં ઓછા-વત્તા પ્રમાણમાં હોય છે.

સંજ્ઞાઓનું સ્વરૂપ શાસ્ત્રોમાં એકેન્દ્રિય જીવોમાં કેવી રીતે હોય એ વૃક્ષના દૃષ્ટાંતથી બતાવ્યું છે, જેમ કે વૃક્ષોને આહારપાણી હોય છે (૨) સંકોચના ભયથી સંકોચ પામે છે (૩) સ્ત્રીના આલિંગનથી કુરબક વૃક્ષ ફળે છે જે મૈથુનસંજ્ઞાનું દૃષ્ટાંત છે. લતાઓ વેલો તંતુઓ વડે વૃક્ષને વીંટી વળે છે તે પરિગ્રહસંજ્ઞા છે.

વૈજ્ઞાનિકોની દૃષ્ટિએ પણ વનસ્પતિના જીવોમાં સંજ્ઞા હોય છે. જેનું વર્ણન પં. ચંદ્રશેખર વિજયજી લિખિત વિજ્ઞાન અને ધર્મમાં પૃ. ૧૯૨માં છે જેમાંથી થોડાંક દૃષ્ટાંત જોઈએ.

(૧) **આહારસંજ્ઞા** - (૧) ફ્રેંચ વૈજ્ઞાનિક કવિ પોતાના ૧૮૨૮નાં 'પ્રાણીરાજ્ય'માં લખે છે કે વનસ્પતિ પણ આપણી પેઠે સચેતન છે એવું અમુક સલ્તનતની વનસ્પતિ સૃષ્ટિમાં જોવા મળે છે. તેઓ માટી, હવા કે પાણીમાંથી હાઈડ્રોજન, ઑક્સિજન નાઈટ્રોન વગેરે પોતપોતાનાં તત્ત્વો લે છે. રક્તાશય વગરની વનસ્પતિઓ જેને બીજા જંતુની પેઠે મોં કે હોજરી ન હોવા છતાં નીચલી પંક્તિના જંતુની જેમ વિવર દ્વારા આહાર લઈને પોતાના દેહમાં પચાવે છે.

(૨) વિખ્યાત સૂક્ષ્મદૃષ્ટા શોમાન તો ત્યાં સુધી કહે છે કે વનસ્પતિ અને જંતુરચનાની ગોઠવણનો પાયો એક જ છે.

(૩) ક્યોર બોચ નામના વૈજ્ઞાનિકે સિદ્ધ કરી આપ્યું છે કે વનસ્પતિ પણ પોતાના ચૈતન્ય વડે ખનિજ પદાર્થ લઈને તેને પોતાને લાયક ખનિજ પદાર્થરૂપે પરિણમાવે છે.

(૪) આપણો ખોરાક હોજરીમાં જઈને શુદ્ધ થઈને પુષ્ટિકારક રસ બને છે. એ રીતે વનસ્પતિનો ખોરાક પત્રમાં શુદ્ધ થઈને પુષ્ટિકારક રસ બને છે.

(૫) વનસ્પતિનાં મૂળ એવા શક્તિવાળાં હોય છે કે ગમે ત્યાં પાણીના સ્થાને પહોંચી જાય છે. એક બાવળનું મૂળ પાણી માટે ૬૬ ફૂટ દૂર કૂવામાં જઈ પડ્યું હતું.

(૬) અમેરિકન ઉદ્‌ભિજ્જવેત્તા કર્ટીસ નામના વૈજ્ઞાનિકે ઈ.સ. ૧૮૩૪માં માંસાહારી વનસ્પતિની શોધમાં વનસ્પતિના સ્વભાવનું વર્ણન કર્યું છે.

માંસાહારી વનસ્પતિઓ કેવી રીતે પોતાના નજીક આવેલા જીવોનું શોષણ કરીને ફેંકી દે છે. એનું વર્ણન ત્યાં જોવા મળે છે. જિજ્ઞાસુને 'વિજ્ઞાન અને ધર્મ' પુસ્તકમાં જોવા વિનંતી. વિસ્તારભયથી અહીં બધાનું આલેખન શક્ય નથી.

તા.ક. મેં આ લેખ લખ્યો પછી 'ધર્મ અને વિજ્ઞાનમાં' બતાવેલી માંસાહારી વનસ્પતિઓનું વર્ણન તા. ૧૦-૧-૨૧ના મુંબઈ સમાચારમાં આવ્યું હતું, ચિત્ર સહિત.

**(૨) ભયસંજ્ઞા** લજામણીનો છોડ ભયસંજ્ઞા માટે પ્રખ્યાત જ છે, એને સ્પર્શ કરતાં જ પોતાનાં પાન બીડીને સંકોચાઈ જાય છે.

**(૩) મૈથુનસંજ્ઞા** (વૈષયિક વાસના)

સ્ત્રીકેસર અને પુંકેસર, નર ઝાડ અને નારી ઝાડની બાબત તો આધુનિક વિજ્ઞાનશાસ્ત્રીઓ પણ સ્વીકારે છે. આપણે પણ વિજ્ઞાનમાં ભણી ગયા છીએ.

ફ્રાન્સ અને ઈટાલીના વેલિસ્નેરિયા તથા સ્પાઈરેલિરા નામના રોપાઓનો સમાગમ આશ્ચર્ય કરે તેવો હોય છે. તે રોપાઓ પાણીમાં

ઊગે છે. તેના નરફૂલના રોપાઓ અમુક જાતના ઝાડ પર અને જાડી ડાળ પર થાય છે. સ્ત્રીફૂલના રોપાઓ તેથી જુદા પ્રકારના ઝાડ પર સ્ક્રૂની પેઠે ગોળ વીંટાયેલ આંટાવાળી પાતળી અને લાંબી ડાળ ઉપર થાય છે. ફૂલો ખૂબ થતાં નારીફૂલની ડાળનો વળ ઊતરી જાય છે. જેથી ફૂલ પાણીની સપાટીએ આવે છે. આ વખતે નરફૂલ પોતાની ડાળમાંથી તૂટીને પાણીની સપાટી પર આવી નારીફૂલની પાસે જાય છે. નારીફૂલને અડતાં જ તે ફાટે છે અને તેનો પોલન નારીફૂલમાં પડે છે! વનસ્પતિમાં પણ કેવી કારમી વિષયવાસના! અને તે શાંત કરવા માટેનો જોરદાર પ્રયત્ન!!

આવાં બીજાં દૃષ્ટાંતો પણ ત્યાં નોંધાયેલાં છે.

**(૪) પરિગ્રહ સંજ્ઞા** – શ્વેતાર્ક કે આકડો લોભવશ થઈને પોતાના મૂળથી ધનને ઢાંકી રાખે છે. તો કેટલીક વનસ્પતિઓ પોતાના ફળને ઢાંકી રાખે છે. આમ વનસ્પતિમાં સંજ્ઞાનું સ્વરૂપ અનુભવાય છે. એવું બાકીના ચાર સ્થાવરમાં ભલે અનુભવાય નહીં, પણ હોય છે.

**સંજ્ઞાનું જાણપણું શા માટે?**

સંજ્ઞારહિત થવા માટે સંજ્ઞાનું જાણપણું જરૂરી છે. સંજ્ઞાને જાણ્યા પછી આપણામાં કંઈ સંજ્ઞા છે એનું નિરીક્ષણ કરી એનું નિરાકરણ કરવાનો પ્રયત્ન કરવાનો છે. પન્નવણા સૂત્ર પદ-૮માં સંજ્ઞાનું સ્વરૂપ બતાવ્યું છે. ચારે સંજ્ઞાની ઉત્પત્તિનાં ચારચાર કારણો બતાવ્યાં છે જેમ કે...

**આહારસંજ્ઞા** – (૧) પેટ ખાલી થવાથી (૨) ક્ષુધાવેદનીયના ઉદયથી (૩) આહારને જોવાથી (૪) આહારની ચિંતવના કરવાથી

**ભયસંજ્ઞા** – (૧) અધૈર્ય રાખવાથી (૨) ભયમોહનીયના ઉદયથી (૩) ભય ઉપજાવનાર પદાર્થો જોવાથી (૪) ભયની ચિંતવના કરવાથી.

**મૈથુનસંજ્ઞા** – (૧) શરીર પુષ્ટ બનવાથી (૨) વેદમોહનીયના ઉદયથી (૩) વિજાતીય વ્યક્તિને જોવાથી (૪) કર્મભોગની ચિંતવના કરવાથી.

**પરિગ્રહસંજ્ઞા** – (૧) મમત્વ વધારવાથી (૨) લોભ-મોહના ઉદયથી (૩) ધનમાલ જોવાથી (૪) ધન પરિગ્રહની ચિંતવના કરવાથી.

આમ આ દરેક કારણો પર વિચારણા કરીને એને છોડવાથી સંજ્ઞાઓનું જોર આપોઆપ ઘટી જશે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9821050527

---

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાનની યાદી

### પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫,૦૦૦ | શ્રી કર્ણિક કાન્તિલાલ પરીખ, જુલાઈ - ૨૦૨૧ |
| કુલ રૂા. ૨૫,૦૦૦ | |

### પુસ્તક વેચાણ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૫,૩૬૨ | શ્રી જૈન શ્વેતામ્બર પાર્શ્વનાથ દેરાસર ટ્રસ્ટ (સાંગલી) |
| ૧૫,૦૦૦ | શ્રી ગુણવંતભાઈ શાહ હસ્તે : શ્રી નીતિનભાઈ સોનાવાલા |
| ૧૫,૦૦૦ | ડૉ. અસિમભાઈ હસ્તે : શ્રી ભરતભાઈ પારેખ |
| ૧૫,૦૦૦ | શ્રી મુકેશભાઈ શાહ હસ્તે : શ્રી ભરતભાઈ પારેખ |
| ૧૦,૦૦૦ | શ્રી કિન્નર કેશવલાલ હસ્તે : શ્રી નીતિનભાઈ સોનાવાલા |
| ૫,૦૦૦ | શ્રી બિપીનભાઈ કે. જૈન (બી. કે. આર. જૈન પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ) |
| ૫,૦૦૦ | શ્રીમતી સેજલ કે. શાહ હસ્તે : શ્રી ભરતભાઈ પારેખ |
| ૭૫૦ | શ્રી શરદભાઈ શાહ |
| કુલ રૂા. ૮૧,૧૧૨ | |

## પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો
## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પાસે નીચેના પુસ્તકો ઉપલબ્ધ છે, જે ૫૦ ટકાની કપાત સાથે.
## તમે વસાવી શકો, મિત્રોને આપી શકો.
## વધુ વિગત માટે ફોન કરો, પ્રવિણ દરજી – 98695 03072

| અનુ. | પુસ્તકની યાદી | કિંમત | અનુ. | પુસ્તકની યાદી | કિંમત |
|---|---|---|---|---|---|
| ૧ | જૈન ધર્મ દર્શન ભાગ – ૧ | ૨૪૦ | ૩૧ | સાંપ્રત સહચિંતન ભાગ – ૧૬ | ૧૮૦ |
| ૨ | જૈન આચાર દર્શન ભાગ – ૨ | ૨૪૦ | ૩૨ | સુખ તમારી પ્રતીક્ષા કરે છે | ૩૦ |
| ૩ | જૈન ચરિત્ર દર્શન ભાગ – ૩ | ૨૨૦ | ૩૩ | અમૃત યોગનું પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| ૪ | જૈન પ્રવાસ દર્શન ભાગ – ૫ | ૨૬૦ | ૩૪ | જૈન વિશ્વકોશ ભાગ – ૩ | ૧૫૦૦ |
| ૫ | સાહિત્ય સૌરભ ભાગ – ૭ | ૩૨૦ | ૩૫ | જૈન વિશ્વકોશ ભાગ – ૪ | ૧૫૦૦ |
| ૬ | જૈન ધર્મ દર્શન (હિન્દી) | ૩૦૦ | ૩૬ | જૈન વિશ્વકોશ ભાગ – ૫ | ૧૫૦૦ |
| ૭ | ભાવમંજૂષા | ૧૫૦ | ૩૭ | પ્રભાવક સ્થવિરો ભાગ ૧ થી ૬ | ૩૫૦ |
| ૮ | કથામંજૂષા | ૧૫૦ | ૩૮ | સંસ્કૃત નાટકોની કથા (ભાગ ૧) | ૧૦૦ |
| ૯ | જૈન ધર્મ (ગુજરાતી) | ૭૦ | ૩૯ | જૈન ધર્મના સ્વાધ્યાય સુમન | ૧૦૦ |
| ૧૦ | જ્ઞાનસાર | ૧૦૦ | ૪૦ | જૈન કથાવિશ્વ | ૨૦૦ |
| ૧૧ | અધ્યાત્મસાર | ૧૦૦ | ૪૧ | પ્રભાવના | ૧૨ |
| ૧૨ | જીન વચન | ૨૫૦ | ૪૨ | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૧૩ | જૈન દંડ નીતિ | ૨૫૦ | ૪૩ | યોગમાર્ગની અંતદૃષ્ટિ | ૨૫૦ |
| ૧૪ | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ | ૪૪ | આગમની વાટે | ૨૦૦ |
| ૧૫ | યુગાધિદેવ શ્રી ઋષભદેવ | ૧૦૦ | ૪૫ | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| ૧૬ | રવમાં નીરવતા | ૧૨૫ | ૪૬ | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| ૧૭ | મરમનો મલક | ૨૫૦ | ૪૭ | ગુર્જર ફાગુ સાહિત્ય | ૧૦૦ |
| ૧૮ | જૈન મહાવીર ગીતા એક દર્શન | ૩૫૦ | ૪૮ | પરમનો સ્પર્શ | ૨૫૦ |
| ૧૯ | ઊગ્યો મુક્તિનો અરુણોદય | ૨૦૦ | ૪૯ | સાંપ્રત સમાજદર્શન ભાગ – ૬ | ૨૭૦ |
| ૨૦ | ભગવદ્ગીતા અને જૈન ધર્મ | ૧૫૦ | ૫૦ | JAINISM THE COSMIC VISION | ૩૦૦ |
| ૨૧ | નવપદની ઓળી | ૫૦ | ૫૧ | JAIN DHARMA (ENGLISH) | ૩૦૦ |
| ૨૨ | આર્ય વજસ્વામી | ૧૦ | ૫૨ | SANVANSARI PRATIKRAMAN (E) | ૩૫૦ |
| ૨૩ | વિચારનવનીત | ૧૯૦ | ૫૩ | The Jain Stupa Mathura | ૯૦૦ |
| ૨૪ | વિચારમંથન | ૧૮૦ | ૫૪ | Inspirational Stories | ૪૫ |
| ૨૫ | જિન તત્ત્વ ભાગ – ૨ | ૨૪૦ | ૫૫ | JAIN DARSHAN (ENGLIS) | ૧૦૦ |
| ૨૬ | વંદનીય હૃદયસ્પર્શ ભાગ – ૩ | ૫૦ | ૫૬ | શ્રી કવિ વિદ્યારચિત ચંદ્રરાજાનો રાસ | ૧૦૦ |
| ૨૭ | આપણા તીર્થંકરો | ૧૦૦ | ૫૭ | પાકિસ્તાનનાં જૈન મંદિરો | ૩૦૦ |
| ૨૮ | પાસપોર્ટની પાંખે ભાગ – ૧ | ૧૫૦ | ૫૮ | રત્નત્રયી | ૧૫ |
| ૨૯ | પાસપોર્ટની પાંખે ભાગ – ૨ | ૧૫૦ | ૫૯ | ચિંતનયાત્રા | ૧૦૦ |
| ૩૦ | પાસપોર્ટની પાંખે ભાગ – ૩ | ૨૦૦ | ૬૦ | સોળ ભાવના | ૨૦૦ |

**રૂપિયા અમારી બેંકમાં બેંક ઑફ ઈન્ડિયા-કરંટ એકાઉન્ટ નં. A/c. 0039201 000 20260 માં જમા કરી શકો છો. IFSC : BKID0000039**

# સૌથી નાની ઉંમરની ગુજરાતી મહિલા પાઈલટ બંસરી શાહ

**રોહિત શાહ**

'મધ્યમ વર્ગના એક જૈન પરિવારમાં જન્મેલી કુ. બંસરી શાહે વધુ એક વખત પુરવાર કરી બતાવ્યું કે મહિલાઓ પણ ભરપૂર સાહસ અને દ્રઢ મનોબળ દ્વારા મનગમતી સફળતા પામી શકે છે. 'ઊડતા વિમાનનો અવાજ સાંભળીને ઘરમાંથી બહાર દોડી આવતી નાનકડી બંસરી... અને પછી એ વિમાન દૂરદૂર ક્ષિતિજોમાં ઓગળી જાય ત્યાં સુધી સતત ટગરટગર જોયા કરતી બંસરીના બાળદિમાગમાં એક ખ્વાબ રોપાઈ ગયું : મારે પણ આ રીતે વિમાન ઉડાડવું છે...!' 'એણે એની મમ્મી મીરાંબહેનને કહ્યું,' મમ્મી, મારે વિમાનના ડ્રાઈવર બનવું છે !' 'મીરાંબહેને કહ્યું, બંસરી, તું હજી ઘણી નાની છે, પણ મોટી થઈને તું વિમાનની પાઈલટ જરૂર બનીશ !' આ બંસરી નવમા ધોરણમાં ભણતી હતી ત્યારે એની મમ્મીની પ્રેરણાથી વર્ષ ૨૦૦૫માં (એ વખતના ગુજરાતના સી.એમ.) નરેન્દ્ર મોદીને ઈમેલ દ્વારા મૅસેજ મોકલ્યો હતો કે,' 'મારે પાઈલોટ બનવું છે, એટલું જ નહીં, તમે પી.એમ. બનો ત્યારે તમારું પ્લેન એક વખત મારે ઉડાડવું છે !' નરેન્દ્ર મોદીએ બંસરીના સ્ટ્રોંગ ડિટર્મિનેશન માટે અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવ્યાં. શૈલેશભાઈને લાગ્યું કે, પાઈલટ બનવાનું બંસરીનું ખ્વાબ સાચું પુરવાર કરવું હોય તો એના શૈક્ષણિક વિકાસ માટે હવે અમદાવાદ શિફ્ટ થવું જ પડશે! અમદાવાદ શિફ્ટ થઈને કઈ રીતે બધું મૅનેજ કરી શકાશે એની ચિંતા કર્યા વગર, પાઈલટ બનવાના બંસરીના ખ્વાબની આંગળી પકડીને એમણે અમદાવાદ સ્થળાંતર કરી લીધું. મીરાંબહેનને થતું કે બંસરીનું ખ્વાબ સાર્થક કરવા માટે હવે જે કેસરિયાં કરવાં પડે એ કરીશું, પણ બંસરીને પાઈલટના યુનિફૉર્મમાં એક વખત જોવી છે! 'બંસરીએ ઈ.સ. ૨૦૧૪માં ગુજ. યુનિવર્સિટીમાંથી એમ.એસ.સી. પાસ કર્યું અને પછી એવીએશન લૉ ઍન્ડ ઍર ટ્રાન્સપોર્ટ મૅનેજમેન્ટ હૈદરાબાદ નલસાર યુનિવર્સિટીથી કરી રહી છે. એને કર્નલ વી.કે. નાગર પાસેથી માર્ગદર્શન મળ્યું. ૨૦૦૮થી એણે અઢી વર્ષ સુધી મહેસાણા, ન્યૂઝીલૅન્ડ અને અમેરિકા જઈને ટ્રેનિંગ લીધી. ૨૦૧૧માં એને પાઈલટ તરીકેનું લાઈસન્સ મળી ગયું. એ વખતે એ ૧૯મા વર્ષમાં પ્રવેશી ચૂકી હતી. આ અગાઉ આટલી નાની ઉંમરે અન્ય કોઈ ગુજરાતી મહિલા પાઈલટ બની નહોતી ! બંસરી શાહને આ રીતે સૌથી નાની ઉંમરની ગુજરાતી પાઈલોટ તરીકેનું ગૌરવ મળ્યું.

બંસરી શાહની એક વિશેષતા છે કે પોતે જૈન હોવાને કારણે ખાણીપીણીમાં જૈન આચારસંહિતાનો સંપૂર્ણ આદર જાળવે છે. જીવદયા અને જિનાલય-જીર્ણોદ્ધારનાં કાર્યો માટે સમગ્ર જૈન સમાજના આદરણીય કુમારપાળભાઈ વી. શાહે બંસરીને આશીર્વાદ આપતાં કહ્યું હતું કે, તું દુનિયાના જે દેશમાં જાય તેના સમય પ્રમાણે સાંજે ચૌવિહાર કરી લેજે. બંસરી એ નિયમને આજે પણ ચુસ્તપણે અમલમાં મૂકી રહી છે. કોઈ વખત એની ફલાઈટ વહેલી-મોડી થાય તો સાંજનું જમવાનું છોડી દઈને ચૌવિહાર કરે છે ! બંસરી કહે છે કે, મારી કરિયરમાં મારા પૅરેન્ટ્સનું યોગદાન જેટલું મહત્ત્વનું છે એટલું જ કુમારપાળદાદાના આશીર્વાદનું પણ છે. દેશ-વિદેશમાં સતત ફરવાનું રહેતું હોવા છતાં ક્યારેય કંદમૂળ કે નૉનવેજનો અજાણતાં પણ ઉપયોગ ન થઈ જાય એ બાબતે બંસરી સતર્ક રહે છે. એનાં મમ્મી મીરાબહેન પણ પાઈલટ દીકરીને ખાવાપીવામાં તકલીફ ન પડે એ માટે જ્યારે તે ડયૂટી પર જાય ત્યારે એને કોરા જૈન નાસ્તાની ભરપૂર સામગ્રી આપે છે. ચિ. બંસરીને સૌથી નાની ઉંમરે ગુજરાતી મહિલા પાયલોટ બનવા બદલ અભિનંદન અને શુભેચ્છાઓ.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9428568368

### ''મહારાજસાહેબ અને બાળક વચ્ચેનો સંવાદ''

# જો બધે જ ભગવાન હોય તો મંદિર જવાની જરૂર છે ?

**અનુ. પુષ્પા પરીખ**

એક દિવસ એક બાળકને લઈને તેનાં માતા-પિતા મારી પાસે આવ્યાં અને મને પૂછ્યું, ''મહારાજશ્રી, આ બાળકને અમારી સાથે મંદિરે આવવાનું સમજાવશો ?'' મેં જ્યારે તેની સામે જોયું તો સામેથી મને એણે પૂછ્યું, ''મહારાજ, જો ભગવાન હરેક જગ્યાએ હોય તો મંદિરમાં જવાની શું જરૂર ?''

મેં કહ્યું, ''આપે સાચું જ કહ્યું. હવે આપ મને સમજાવો કે જો હવા દરેક જગ્યાએ છે, તો આપણે ગાડીમાં હવા ભરાવવાની હોય ત્યારે શું કરો છો ? ગમે ત્યાંથી હવા લઈને ભરી લો છો ?'' ''ના મહારાજ, ફિલિંગ સ્ટેશન (પેટ્રોલપંપ) પર જ જવું પડે છે.'' ''કેમ ત્યાં જ જવું પડે છે ?'' ''કારણકે, ભલે હવા બધે જ છે, પરંતુ એવું પ્રેસર નથી હોતું કે ગાડીના ટાયરમાં હવા ભરી શકાય.'' મેં તેને એટલું જ કહ્યું, ''જેમ હવા બધે છે તેમ ભગવાન બધે જ છે, પરંતુ પ્રેસર તો મંદિરમાં જ મળે કે જ્યાં તમે તમારી જાતને રિચાર્જ કરી શકો. એવું પ્રેસર તમને બધે ન મળે.''

એટલા માટે મંદિરનું કામ મંદિરમાં જ થાય. ભલે ભગવાન બધે જ છે, પરંતુ આપણને ભગવાન બધે ક્યાં દેખાય છે ? મંદિરમાં જતાં જ આપણા ભાવ બદલાઈ જાય છે, આ જ મંદિરના વાતાવરણનો પ્રભાવ છે અને માટે જ રોજ મંદિરમાં જવું જોઈએ.

---

# સર્જન સ્વાગત

**સંધ્યા શાહ**

**આચાર્ય મુનિચંદ્રસૂરિ**

**૧. કથાસ્પર્શ, ૨. કથાનિધિ, ૩. કથાઆસ્વાદ**




**પ્રકાશક : આચાર્ય ૐકારસૂરિ**

**જ્ઞાનમંદિર, સુભાષ રોડ, ગોપીપુરા - સુરત.**

**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦**

**પૃષ્ઠ : ૫૨ + ૫૨ + ૫૨**

**મૂલ્ય : ૧૫૦/- રૂા. પુસ્તકના - ૪૫૦ રૂા. સેટના.**

'સંત પરમ હિતકારી'. આ જગતમાં સંતો એ જંગમ તીર્થ જેવા છે. ભવસાગરને આરે નાવિક બનીને એ સહુને સાદ પાડી રહ્યા છે. ભવસાગરના ખેવૈયા એવા આ સંતોની સંનિધિ આપણા જીવનને મંગલમય બનાવે છે. સદ્ગુરુ આપણને દૃષ્ટિ આપે છે. પ્રજ્ઞાવાન વ્યક્તિની નજરે જો જગત નિહાળીએ તો આપણી જીવનયાત્રા સફળ થઈ જાય.

સંસારની આધિ, વ્યાધિ ને ઉપાધિથી ઘેરાયેલા સહુ સંતને શરણે અજબ શાતા પામે છે. સંતો ન્યાય, નીતિમત્તા, સદાચાર, કરુણા ને અહિંસાના આચરણની કેટકેટલી વાતો નાનકડી વાર્તા કે પ્રસંગોના માધ્યમે આપણને સમજાવી દે છે. તેઓ આપણા જીવનને સતત માંજતા રહે છે - અજવાળતા રહે છે.


આચાર્ય મુનિચંદ્રસૂરિએ પ્રગટ કરેલા પ્રસંગમાળાના દુર્લભ બનેલા 'પ્રસંગ પ્રવાસ'નાં પુસ્તકોનું પુનઃ સચિત્ર પ્રકાશન ઉપરોક્ત ત્રણેય શીર્ષક કથાસ્પર્શ, કથાનિધિ અને કથાઆસ્વાદના અન્વયે કર્યું છે.

સુંવાળાં રેશમી પૃષ્ઠો પર પ્રસંગોચિત રંગીન ચિત્રો અને સુઘડ મુદ્રણથી શોભતાં આ ત્રણેય પુસ્તકો કોઈને પણ વાંચવા માટે લલચાવે તેવાં સરસ બન્યાં છે. વાચકોને બોધ સાથે સંદેશ આપતી આ કથાઓ ખરે જ પ્રેરણાદાયી છે.

બાળસાહિત્યનાં ઉત્તમ પુસ્તકો જેટલાં જ મનોહર આ જૈન સાહિત્યનાં પુસ્તકો આપણા સંસ્કારવારસાને દૃઢ કરશે એ નિઃશંક છે.

❖ ❖ ❖ ❖

**સંવેગરંગશાલા :**
સંકલન – **પ.પૂ. શ્રી વિજયસંયમબોધિસૂરીશ્વરજી**
**પ્રકાશક : જૈનમ્ પરિવાર, ૨૨, નાકોડા પાર્ક, કૃષ્ણનગર, નરોડા રોડ, અમદાવાદ-૩૮૨૩૪૬**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯.**
**પૃષ્ઠ : ૧૬૮. મૂલ્ય : રૂા. ૨૦૦/-**





પ્રભુ મહાવીરે પ્રરૂપેલા અર્થગંભીર શ્રુતજ્ઞાનને સરળ બનાવી જનસમુદાય સુધી પહોંચાડવાનો આયામ અનેક મહાન સંતોએ કર્યો છે. પૂજ્ય આચાર્ય શ્રી જિનચંદ્રસૂરીશ્વરજીએ રચેલા મહાગ્રંથ ''સંવેગ રંગશાલા''ના સારતત્ત્વને પ્રસ્તુત ગ્રંથમાં સંકલિત કરવામાં આવ્યું છે. જિન શાસનનું આ ઉત્તમ જ્ઞાન કેવળ શાસ્ત્રોમાં ન રહે, પણ જીવનધારામાં વણાઈ જાય તે માટે આ મહાગ્રંથના સારને ટૂંકનોંધરૂપે અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

જીવનને વિશુદ્ધ અને નિર્મળ બનાવવા કાજે શ્રાવક અને સાધુનાં આચાર, તપ, આલોચના, પંચમહાવ્રતની રક્ષા, આચાર્યના ગુણોની સાથે જૈન શાસનને જ્વલંત કરનારાં રાજા-રાણી, શ્રાવક ને શ્રાવિકાનાં ઉત્તમ દૃષ્ટાંતો અહીં સમાવિષ્ટ કરવામાં આવ્યાં છે. આચાર, વૈરાગ્ય અને ભાવના ત્રણેયને સંકલિત કરી મોક્ષમાર્ગ દર્શાવતો આ ગ્રંથ સારસંગ્રહ શ્રેણિનું પ્રથમ સોપાન છે.

❖ ❖ ❖ ❖

**Fragrance of Virtues**
**- Acharya Munichandrasuri**
**Translated by : Kiran B. Nagarsheth (C.A.)**
**પ્રકાશક : આચાર્ય ઓમકારસૂરિ જ્ઞાનમંદિર, સુભાષ રોડ, ગોપીપુરા, સુરત.**
**પૃષ્ઠ : ૧૦૬,**
**મૂલ્ય: રૂા. ૧૦૦/-**





શ્રી ૐકારસૂરિ સમુદાયના આચાર્ય શ્રી મુનિચંદ્રસૂરિ મહારાજસાહેબે 'પ્રસંગ પરિમલ'ના શીર્ષક અન્વયે જીવનમૂલ્યોની અનેકવિધ વાતો-પ્રસંગો લગભગ ચાર દાયકા સુધી 'શાંતિસૌરભ' અને 'હૃદયપરિવર્તન' જેવાં સામયિકોમાં લખીને પ્રગટ કર્યાં. વાર્તાઓનો આ વિપુલ વૈભવ હિન્દી અને ગુજરાતીમાં લગભગ ૨૯ પુસ્તકોમાં સંકલિત કરવામાં આવ્યો છે.અંગ્રેજી માધ્યમમાં ભણતી નવી પેઢી આપણી સાંસ્કૃતિક વિરાસત, આપણા દેશપ્રેમ અને ધર્મનાં મૂલ્યો, સત્યનીતિ, પ્રામાણિકતા અને સદાચારનાં ઉજ્જવળ દૃષ્ટાંતો વાંચી શકે, સમજી શકે અને તેમનું ઉત્તમ વ્યક્તિ તરીકે ઘડતર થાય તે હેતુએ આ પુસ્તકોને અંગ્રેજીમાં પ્રસારિત કરવાનો આયામ શરૂ કર્યો છે. '૫૦ પ્રેરણાત્મક વાર્તાઓ *50 Inspiration Stories*' પછીનું આ દ્વિતીય સોપાન છે. *'Fragrance of Virtues'* - સદ્‌ગુણોની સૌરભ...

જૈન સાધુ-સંતો, રાજા-મહારાજા, વિશ્વવિખ્યાત હસ્તીઓ જેમ કે નેપોલિયન, હિટલર, સરદાર વલ્લભભાઈ પટેલ, મહાત્મા ગાંધી અને સામાજિક જીવનના સાચા કર્મયોગીઓના કિસ્સાઓ અહીં બહુ જ સરળ અંગ્રેજી ભાષામાં રૂપાંતર કરવામાં આવ્યા છે. અનુવાદક કિરણભાઈએ પારિભાષિક શબ્દોની સમજ પણ પ્રત્યેક વાર્તાના અંતે આપી છે. રેખાચિત્રો સહિત પ્રગટ થયેલા આ પ્રસંગો બધાને વાંચવા ગમે તેટલા સરસ છે.

❖ ❖ ❖ ❖

**મંત્રવિજ્ઞાન અને સૂરિમંત્ર : સુરેશ ગાલા**
**પ્રકાશક : જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એબીસી ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦૦૦૪૦**
**પૃષ્ઠ : ૭૩, કિંમત : ૧૦૦/-**




સાધકની સાધનામાં જ્યારે પણ વિક્ષેપ સર્જાય ત્યારે સાત્ત્વિક મંત્રોનું અવલંબન કવચની ગરજ સારે છે. જીવનની પ્રતિકૂળ પરિસ્થિતિઓમાં મંત્રસાધના સહાયક બને છે. સૂરિમંત્ર આરાધના એ શ્વેતાંબર મૂર્તિપૂજક પરંપરાની એક ગોપનીય આરાધના છે.

વિવિધ પુસ્તકો - ગ્રંથોના અભ્યાસ થકી ને મંત્રની સાધના કર્યા પછી લેખકે અહીં જૈન અને હિંદુ પરંપરામાં મંત્રનું, હવનનું માહાત્મ્ય દર્શાવ્યું છે. મંત્રની મહત્તા, તેના પ્રકાર, વર્ણ, મંત્રજાપ કરતાં પહેલાંની શુદ્ધિ, ઘનીભૂત મંત્રના નવ પ્રકારના નાદ અને મંત્રસાધનામાં જરૂરી અનુશાસન, સંયમ તથા સંતુલનની વાત પ્રસ્તુત કરી છે.

જૈન શાસનનાં અધિષ્ઠાયક દેવો, દેવીઓ, યંત્રો, ૨૪ તીર્થંકરોના મંત્ર તથા નવકાર મંત્રનાં ફળ, ગણપતિ, સરસ્વતી, આદ્યાશક્તિ વંદનાની સાથે ગુરુવંદનાના શ્લોક પણ અહીં સમાવિષ્ટ છે. શ્વે. મૂર્તિપૂજકમાં આચાર્યપદ અર્પણ કરતી વેળાની આરાધના પણ સમજાવી છે. સૂક્ષ્મ જગતનાં શુભ તત્ત્વોનું અનુસંધાન સદ્‌ગુરુ થકી સાધી શકાય

તો વિઘ્નોમાંથી મુક્તિ મળે એ આ પુસ્તકનું તારતમ્ય છે.

❖ ❖ ❖ ❖

**જૈન ધર્મ વિશેની ગેરસમજ અને જિજ્ઞાસા – રોહિત શાહ**
**પ્રકાશક : સંસ્કાર સાહિત્ય, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૯**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦**
**પૃષ્ઠ : ૭૬**
**કિંમત રૂા. ૯૦/-**




જૈન ધર્મ એટલે આચારે અહિંસા, વિચારે અનેકાંત અને વ્યવહારે અપરિગ્રહ... પ્રભુ મહાવીર પ્રરૂપિત જૈન ધર્મના પાયામાં સૂક્ષ્મતમ અહિંસા, જીવમાત્ર પ્રત્યેની કરુણા અને પર્યાવરણની સુરક્ષા રહેલી છે. વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત આ ધર્મના સિદ્ધાંતોનો આ કોરોના કાળે સમગ્ર વિશ્વમાં સ્વીકાર થયો છે. તેમ છતાં જૈન ધર્મ વિશે સમાજમાં કેટલીક ગેરસમજ જોવા મળે છે.

ઉકાળેલું પાણી, કંદમૂળનો ત્યાગ, તપશ્ચર્યા, જિનાલયોનું નિર્માણ, સજીવ ખેતીનો નિષેધ... આવા ૨૩ પ્રશ્નો વિશેની ગેરસમજ દૂર કરવાનો લેખકે નિષ્ઠાભર્યો પ્રયત્ન કર્યો છે. સંકુલ પ્રશ્નોમાં સંત-સતીજીઓનું માર્ગદર્શન પણ લીધું છે. લેખક કહે છે તેમ જૈન ધર્મની મહાનતા સ્થાપિત કરવા માટે નહીં, પણ જૈન જીવનશૈલીને સાચા અર્થમાં સમજાવવા માટેનો આ આયાસ છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9324680809

# લગ્ન

## રતિલાલ બોરીસાગર

પછી એક પરણલા પુરુષે વિનંતી કરી પૂછ્યું, લગ્ન એટલે શું ગુરુજી?

ત્યારે તે બોલ્યા :

તમે લગ્ન કેમ નથી કર્યાં હોતાં ત્યારે તમે લગ્ન માટે અત્યુત્સુક હો છો. પરંતુ લગ્ન કરી લીધાં પછી તમને લાગે છે કે, છ મહિના વિચાર કરી ભેંસનાં શિંગડામાં પોતાના મસ્તકનો પ્રવેશ કરાવનાર બ્રાહ્મણ તમે પોતે જ છો.

માણસો લગ્ન કરે છે એનો અર્થ એ છે કે મનુષ્યજાતિ ભૂતકાળમાંથી કશું શીખતી નથી. માતાપિતાનું ઉદાહરણ નજર સામે હોવા છતાં તમે હોંશેહોંશે લગ્નની વેદી પર ચઢી જવા તૈયાર થાઓ છો. 'તમે શું કામ પરણ્યા'? એવા પ્રશ્નનો તમારી પાસે કશો ઉત્તર હોતો નથી. તમારા પિતા પરણ્યા હતા, માટે તમે પરણ્યા. પરણવા માટે પરણવા સિવાય કશું કારણ મનુષ્યજાતિને હજુ જડ્યું નથી.

લગ્નજીવનના પ્રારંભે તમે કવિ હો છો. આકાશમાંથી તારા તોડી લાવી પત્નીના અંબોડામાં ગૂંથવાનું સ્વપ્ન તમારી આંખોમાં આંજીને તમે લગ્ન કરો છો. પણ પછી પત્ની માટે શાક લાવી આપવાનું પણ તમને અઘરું લાગવા માંડે છે.

લગ્નના પ્રારંભે તમને લાગે છે કે તમારી પત્ની સૌથી વધુ સૌંદર્યવતી, સૌથી વધુ પ્રેમાળ, સૌથી વધુ ગુણવાન સ્ત્રી છે. પછી સમય જતાં તમને લાગે છે કે આવું આવું માનનાર તમે જગતના સૌથી મૂરખ મનુષ્ય છો.

લગ્નના પ્રારંભે તમે પત્નીને વચનોની લહાણી કરો છો. પણ પછી, ચૂંટણીઢંઢેરામાં આપેલાં વચનો પૂરાં કરવાનું સત્તાધારી પક્ષ માટે દોહ્યલું થઈ પડે છે તમે લગ્નજીવનના પ્રારંભના દિવસોમાં તમે આપેલાં વચનો પૂરાં કરવાનું તમારા માટે દોહ્યલું થઈ પડે છે. પણ રાજકીય નેતાની જેમ તમે વચનો પૂરાં કરવામાંથી છટકી શકતા નથી.

તમારી પત્ની તમારાથી અબોલા લે તેટલો કાળ તમારો સુખનો કાળ હોય છે, પણ આવો સુખનો કાળ કોઈના જીવનમાં ઝાઝો સમય ટકતો નથી માટે આ વિશે અફસોસ ન કરવો. લગ્નજીવનની સફળતા માટે તમે શ્રેષ્ઠ મુત્સદી હો તે બહુ જરૂરી છે. પણ અંતે તો તમે શ્રેષ્ઠ બાઘા છો એમ જ પુરવાર થાય છે. શ્રેષ્ઠ મુત્સદી હોત તો તમે પરણ્યા જ ન હોત !

લગ્નજીવન તમારામાં ધૈર્યનો ગુણ વિકસાવે છે; લગ્નથી તમારામાં સહનશક્તિનો આવિર્ભાવ થાય છે. છે; લગ્ન તમને મૌનનો મહિમા સમજાવે છે, લગ્નજીવનથી તમે પરમ આજ્ઞાંકિત બનો છો.

લગ્નજીવનથી તમે નોકરીમાં સફળ થાઓ છો. લગ્નજીવનને કારણ 'ના' જેવો શબ્દ તમારા શબ્દકોશમાંથી ધીમેધીમે ભૂંસાઈ જાય છે. એટલે દરેક બાબતમાં તમે તમારા 'બોસ'ને હા જ પાડો છો તમારી આજ્ઞાંકિતતાથી 'બૉસ' તમારા પર પ્રસન્ન રહે છે. આ પ્રસન્નતા તમારા પ્રમોશનનું નિમિત્ત બને છે. દરેક સફળ કર્મચારી પાછળ એક પત્ની હોય છે – જગતનું આ મહાન સત્ય છે.

લગ્નજીવન એક સત્ય છે. સફળ લગ્નજીવન એક કલ્પના છે. સફળ લગ્નજીવન વિશે કોઈ પુરુષને ઉત્સાહપૂર્વક વાત કરતો જુઓ તો માનજો કે તે કુંવારો હશે.

❖ ❖ ❖ ❖

લેખકના પુસ્તક : 'જ્ઞ'થી 'ક' સુધીમાંથી સાભાર

# ભાવ-પ્રતિભાવ

જય ભારત સાથ 'પ્રબુદ્ધ જીવનનો' ડિસેમ્બર અંક મળ્યો. તંત્રીસ્થાનેથી 'ચાલો સાંભળીએ' ગમ્યું. ધ્યાન શું છે? રસોડામાં રસોઈ કરતી મમ્મીનો તેમ જ અન્ય દૃષ્ટાંતો સહજ ગમ્યાં. કલાધર આર્યની કવિતા આમ ને આમ ક્યાં સુધી?, પનિહારીનું સ્વાગત કર, કુમારપાળ દેસાઈ-સાહેબનું આગમવાણીના મહાસાગરનું એક મોતી, ગોશાલકની વાત, તેમને ભય અને સામે ભગવાન મહાવીર કથાપાન કર્યું. દ્વેષનિવારણ, છૂટાછેડા દૃષ્ટાંત દ્વારા સહજસહજ કેટલું સરસ ઉદાહરણ, મંથરાનું મૌન, ડૉ. નરેશભાઈ, હરિહર ભટ્ટની કવિતાનો આસ્વાદ માણ્યો તથા તત્ત્વચિંતક શ્રી પટેલસાહેબ દ્વારા ખ્રિસ્તી ધર્મ વિશે તેની લાક્ષણિકતાઓની વાતો જાણવા-માણવા મળી. પાંચમા ધોરણ સુધી માતૃભાષામાં ભણતર સરાહનીય અને નામકરણ સંબંધો કેટલી સહજ સમજણ આપી જાય છે. સોનલ પરીખ ગાંધી મનનયાત્રા છે. બે મહાપુરુષોને કેટલા સહજ સમજાવ્યા. આ લેખ ખૂબ જ ગમ્યો. જાત ન પૂછીએ સંતની, કરમણની કૃતિ, દાસી જીવણ, લોકસંતોએ બતાવી આપ્યું કે પરમાત્માની ભક્તિ કરવાનો ઈજારો કંઈ કહેવાતા સવર્ણોએ જ નથી રાખ્યો, કચ્છીઓનું ગૌરવ, બે લગ્નની વાત ગમી, સાહિત્ય પરિષદના નવા પ્રમુખ, ચંદુ મહેરિયા દ્વારા ખૂબ જ ગમ્યું. બુકોનો રિવ્યૂ સંધ્યાબેન દ્વારા માહિતી પ્રાપ્ત થઈ. છેલ્લે શ્રી રોહિતભાઈ શાહનો 'જો આ મારો અંતિમ પત્ર હોય તો...' તેમની નિખાલસપણે કબૂલાત ખૂબ ગમી. આ અગાઉના અંકમાંના બે-પાંચ લેખકો સાથે વાત થઈ. તેમાં તેઓનું કહેવાનું થાય છે કે લેખો તંત્રીશ્રી કાપી નાખે છે. અમુક ફકરા જે લેખનું હાર્દ ખલાસ કરે છે. તંત્રી અમને કહે તો અમે જ ટૂંકું શું ન કરી આપીએ? આ બાબતે વિચારજો. ઘણું લખ્યું. 'પ્રબુદ્ધ જીવન' ગમે છે.

**લિ. ઉકાભાઈ હરિભાઈ વઘાસિયા**
આંબાવાડી, તા. ઉના - ૩૬૨૫૬૦
જિ. ગીર સોમનાથ
મો. : ૯૭૨૭૩૭૭૬૭૫

❖ ❖ ❖ ❖

ડૉ. નરેશ વેદે ચિનગારી, તણખો કે સ્પાર્કની વાત દ્વારા જે આત્મજ્યોતિ પ્રગટાવવાની વાત કહી તે ખૂબ ગમી. મારાં હાર્દિક અભિનંદન.

બે-ત્રણ કે ચાર પૈડાંનાં વાહનોમાં પણ સ્પાર્ક-પ્લસનું સ્થાન મહત્ત્વનું છે, કે જે તેલનું શક્તિમાં રૂપાંતર કરતું રહે છે. આપણા મનના ચકમક પર પણ કર્મનાં લોઢાં ઘસાતાં રહે છે. મૂળમાં સદ્‌વૃત્તિ, ભાવના હોવાં જોઈએ કે જે શુભ કાર્યોને પ્રેરિત કરતાં રહે.

જીવન દરમિયાન આત્માનો સતત વિકાસ થતો રહે તો દુન્યવી આફતો ગાયબ થતી રહે ! મારું કે તારું, આપણું સૌનું બનતું રહે. સ્વાર્થ ને પરમાર્થનાં દર્શન થતાં રહે. આત્મદર્શન મહત્ત્વનું છે. પરમ એટલે શ્રેષ્ઠ કે બીજો, પરમાત્મા આત્મારૂપે સૌમાં બિરાજી રહ્યા છે, તે જ પ્રેરકબળ બની રહે છે. મન કહે તેમ જ કરવું, અન્યથી દોરાઈ ન જવું. ઘરમાં, સમાજમાં, વિશ્વમાં શાંતિ જળવાઈ રહે, તે દિશામાં વિચારતા રહેવું જોઈએ. આજે નાતાલનો દિવસ છે. મહાત્મા ઈસુએ જે સત્યની ચિનગારી પ્રગટાવી તેનો પ્રકાશ સર્વત્ર ફેલાઈ રહ્યો છે. સત્ય, સરળતા અને પ્રેમનો વિજય થતો રહે છે. નિખાલસતાને મનનો સર્વોત્તમ ગુણ ગણી શકાય. કુળકપટનું આયુ કાંઈ લાંબું હોતું નથી. છતાં માણસ તેને રવાડે કેમ ચડતો હશે ?

**લિ. હરજીવન થાનકી** (પોરબંદર)

❖ ❖ ❖ ❖

'ચાલો સાંભળીએ'માં અંતરનો - અંદરનો અવાજ સંભળાયો. 'મનઃપૂતં સમાચરેત્' કહેવાયું છે. પ્રેરણા-સ્ફુરણાં અંતરમાંથી મળે છે. આત્માનો અવાજ આપણને યોગ્ય દિશામાં દોરતો રહે છે, તો તેની ઉપેક્ષા ના કરવી. જીવનનું ધ્યેય પણ આત્માને ઊર્ધ્વમુખી બનાવવાનું રહ્યું છે. એક માણસે બીજા માણસના અંતરને સ્પર્શી, તેને ઢંઢોળવું રહ્યું. મને તા. ૨૧-૧-૨૧ના રોજ ૮૭મું વર્ષ બેઠું. જીવનમાં મેં જે કાંઈ સાંભળ્યું, તે મારા અંતરાત્માનો અવાજ જ કેન્દ્રમાં રાખ્યો, જેથી જીવન સરળતાથી સહજ રીતે વીત્યું. પારાવાર દુઃખો પણ સહન કર્યાં. આનંદના- ઉમળકાના પ્રસંગો પણ આવી ગયા, તે દરમ્યાન મનને સ્વસ્થ, સ્વચ્છ અને સુદૃઢ રાખવું પડ્યું.

પરિવાર, સમાજ, ઘર, માણસો અને સમગ્ર વિશ્વ વચ્ચે રહેવા છતાં જાતને ના ભૂલવી, કીર્તિ પાછળ દોટ ના મૂકવી, પણ આત્માના વિકાસને જ પ્રાધાન્ય આપવું. આપણને કર્ણપ્રિય સાંભળવું ગમે છે, છતાં ક્યારેક કોલાહલ પણ સાંભળવો પડતો હોય છે. આપણાં જેમ વખાણ થાય છે, તેમ કેટલાક આપણને વખોડે પણ છે ! તેથી શું ? આપણે તો આપણામાં જ 'મગન' રહેવું રહ્યું. જે કાંઈ થાય છે તે થવા દેવું, જે કાંઈ સંભળાય છે તેમાંથી ઉપયોગી ગ્રહણ કરી લેવું. એમાં જ સાર્થકતા.

**લિ. હરજીવન થાનકી** (પોરબંદર)

❖ ❖ ❖ ❖

(અનુસંધાન કવર પાનું ૪૪ થી)

આત્માના અવાજનો પૂર્ણતયા અનુસરીને ક્ષણોમાં જીવું છું એટલે બેજીજક સાપ કાંચળી ઊતારે તેમ સઘળું ત્યજી શકું છું અને હોવાપણાનું ગૌરવગાન કરી શકું છું. તત્કાળ નિર્ણય લેવો એ મારી પ્રકૃતિ છે, પરંતુ નિર્ણય લેતાં પૂર્વે ગહનતાથી વિચારું છું એટલે એક વખત નિર્ણય લીધા પછી તેમાં ડગમગવું કે કદમ ઉપાડ્યા પછી અટકવું અથવા પાછા વળવું મને ગમતું નથી.

દુન્યવી ભાષામાં મોં-ફટ એટલે કે આખાબોલો હોવાના કારણે ''લાભપાંચમીયા'' સમૂહમાં અપ્રિય ખરો, સત્વચત મહારાજ કહીને અંધત્વ અપનાવતો નથી એટલે વિદ્રોહી હોવાનું વિશેષણ પણ ધરાવું છું. મારું દ્રઢપણે એવું માનવું છે કે, પ્રત્યેક ઓળખાણ કે સંબંધો ઋણાનુબંધનું જ એક સ્વરૂપ છે, જે લેણા-દેણીનાં ચોક્કસ પરિણામ ધરાવે છે. એટલે જાણીજોઈને છેતરાવું મને ગમે છે. મને છેતરી જનારાં નામોને મણકે પરોવું તો વિષ્ણુસહસ્ત્ર નામ જેટલો પાઠ કર્યાનું પુણ્ય પ્રાપ્ત થાય એટલાં બધાં વાસ્તવિક નામોથી પણ પરિચિત છું. આમ છતાં મૌનમસ્તક રહી દ્દષ્ટાભાવે નિહાળી શકું છું, તે માટે સદ્ગુરુદેવ પ.પૂ. યોગીજી મહારાજ, પ.પૂ. હરિપ્રસાદસ્વામીજી, ઉદાસીન અખાડાના સંતશ્રી અર્જુનદાસજી મહારાજ, જોગ ડુંગરીના પ.પૂ. જોગીબાબા, અવધૂત સાધુ નિરંજનીનાથ જેવા સમર્થ સંતોનું સાંનિધ્ય અને કરુણા મને પ્રેરણા પૂરી પાડે છે.

દર્શનશાસ્ત્રનો વિદ્યાર્થી હોવાથી બહુ બધી બાબતોમાં સ્થિર રહી દ્વૈષભાવથી કે બદલાની ભાવનાથી મુક્ત રહી શકવામાં સફળતા પ્રાપ્ત થઈ શકી છે, પરંતુ એક બાબતમાં હું સંપૂર્ણ નિષ્ફળ નીવડ્યો છું અને તે બાબત છે ''વિશ્વાસઘાત''. હું બધાને બધી જ બાબતોમાં જતું કરી, માફ કરી શકું છું, પરંતુ વિશ્વાસઘાતને ક્યારેય માફ કરી શકતો નથી, એટલું જ નહીં જીવનના અંતિમ શ્વાસ વખતે પણ વિશ્વાસઘાતીને માફ ન કરવા તેવો દ્રઢનિર્ધારયુક્ત સંકલ્પ છે. મારા આ સંકલ્પ કે અભિગમને મારી નબળાઈ, ખામી, મર્યાદા કે જડતા સ્વરૂપે નિહાળવામાં આવે તો તેમાં પણ મારો રાજીપો છે.

સમગ્રતાના સ્વીકાર સાથે નિમિત્તમાત્ર ભાવથી મારું કર્તૃત્વ નિભાવી મારા અસ્તિત્વને ઉજાગર કરવાની મથામણ કરું છું એટલી વાત સાથે મારી લેખિનીને વિરામ આપું છું. ...

*સાધુવાદ, ...*

सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामया ।
सर्वे भद्राणि पश्यन्तु मा कश्चित् दुःखभाग् भवेता ।।

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9099974757

## વાર્ષિક સામાન્ય સભા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા **ગુરુવાર ૪/૩/૨૦૨૧ના રોજ સાંજના ૪.૩૦ કલાકે** મારવાડી વિદ્યાલય હાઈસ્કૂલ, સરદાર વી.પી.રોડ, મુંબઈ - 400 004. રાખવામાં આવેલ છે. જેમાં નીચે પ્રમાણે કામકાજ હાથ ધરવામાં આવશે.

૧. ગત વાર્ષિક સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી.
૨. ગત વર્ષ ૨૦૧૯-૨૦૨૦ના શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઓડીટેડ થયેલા હિસાબો મંજુર કરવા.
૩. સન ૨૦૨૦-૨૦૨૧ના વર્ષ માટે ઓડીટરની નિમણુ કરવી.
૪. પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય રજૂઆત.

ઉપર જણાવેલી વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં જણાવવાનું કે સંઘના ઓડિટ થયેલા હિસાબો શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાલર્યાલયમાં રાખવામાં આવ્યા છે. **તા. ૧૮-૨-૨૦૨૧ તા. ૨૫-૨-૨૦૨૧ સુધીના દિવસોમાં બપોરના ૩ થી ૫ સુધીમાં** સંઘના નવા કાર્યાલયમાં કોઈપણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે. કોઈને આ સામાન્ય સભામાં હિસાબો અંગે પ્રશ્ન હોય તો વાર્ષિક સામાન્ય સભાના બે દિવસ અગાઉ લિખિત મોકલવા વિનંતી.

જે સભ્યોને ઓડિટ કરેલા હિસાબોની નકલ જોઈએ તો તમેની લેખિત અરજી મળતા નકલ આપવામાં આવશે. વાર્ષિક સામાન્ય સભામાં સર્વેને ઉપસ્થિત રહેવા વિનંતી.

**નીરૂબહેન એસ. શાહ**
**ડૉ. સેજલબહેન શાહ**

કાર્યાલયનું કમચલાઉ સરનામુ :

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,** ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનેડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪.

**ફોન : ૨૩૮૨૦૨૯૬ મોઃ ૯૧૩૭૭૨૭૧૦૯**

# અતીતની બારીએથી.... પદ્મભૂષણ પંડિત સુખલાલજી


સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી - સંપર્ક : ૯૮૧૯૩ ૭૨૯૦૮

૮-૧૨-૧૮૮૦ ૨-૩-૧૯૭૮

''પૂજ્ય પંડિતજીના મુંબઈ જૈન યુવક સંઘ ઉપર અનેક ઉપકારો છે. સંઘને સદા તેમની પ્રેરણા રહી છે. પર્યુષણ વ્યાખ્યાનમાળા આ પ્રેરણાનું એક ફળ છે. વર્ષો સુધી વ્યાખ્યાનમાળાના પ્રમુખ સ્થાને રહી તેમણે વ્યાખ્યાનમાળાને ગૌરવ આપ્યું. રૂઢિચુસ્ત સાંપ્રદાયિક વિચારોમાંથી બહાર લાવી, સ્વતંત્ર વિચાર કરવાની જૈન સમાજને અને સાથે જૈનેતરોને તક આપી''. પ્રકૃતિ પ્રાપ્ત એમની બહારની બન્ને આંખો તો બંધ થઈ ગઈ હતી; પરંતુ અંદરમાં પ્રતિભાની એક એવી વિલક્ષણ દિવ્ય દૃષ્ટિ એમને મળી હતી કે જે વડે બૌધ્ધિક ક્ષિતિજનો ખૂણો પ્રકાશમાન બની ગયો... આ મહામના પ્રજ્ઞાચક્ષુ પુરુષ જૈન જગતમાં જ નહીં, બલ્કે અખિલ ભારતીય વિદ્વાનજગતમાં યુગોના યુગો ચિરસ્મરણીય તેમ જ ચિરપ્રણમ્ય રહેશે''. પંડિતજી પોતે જ એક હરતી ફરતી સંસ્થા હતા. સંખ્યાબંધ યુનિવર્સિટીઓએ અને શિક્ષણ સંસ્થાઓએ ઉમંગથી ડૉક્ટરેટની માનદ ડિગ્રીઓ એનાયત કરી હતી... ભારત સરકારે પદ્મભૂષણનો ખિતાબ આપ્યો હતો.

વિગતવાર વાંચન માટે visit http://prabuddhjeevan.in


| | | |
|---|---|---|
| જુન ૧૯૩૦ | અનેકાન્તવાદ અને વર્તમાનકળા | પંડિત સુખલાલજી |
| સપ્ટેમ્બર ૧૯૪૪ | જીવન જ્યોતિ તપ | પંડિત સુખલાલજી |
| મે ૧૯૪૫ | સમાજના વહેતાં પ્રવાહો અને આનુષાગિક સમસ્યાઓ | પંડિત સુખલાલજી |
| જુન ૧૯૪૫ | સમાજના વહેતાં પ્રવાહો અને આનુષાગિક સમસ્યાઓ | પંડિત સુખલાલજી |
| ઑક્ટોબર ૧૯૪૫ | ભગવાન મહાવીરનો ત્રિવિધ સંદેશઃઅહિંસા, અપરિગ્રહ અને અનેકાન્ત | મહાસતી ઉજ્જવળકુમારીજી + પંડિત સુખલાલજી |
| જુન ૧૯૪૬ | જૈન તત્ત્વજ્ઞાન | પંડિત સુખલાલજી |
| જુન ૧૯૪૬ | જૈન તત્ત્વજ્ઞાન - ૨ | પંડિત સુખલાલજી |
| સપ્ટેમ્બર ૧૯૪૬ | પર્યુષણપર્વ એટલે વહેમ વૃદ્ધિ કે વહેમ મુક્તિ? | પંડિત સુખલાલજી |
| નવેમ્બર ૧૯૪૭ | આત્મદૃષ્ટિનું આન્તર નિરિક્ષણ | પંડિત સુખલાલજી |
| ડિસેમ્બર ૧૯૪૭ | આત્મદૃષ્ટિનું આન્તર નિરિક્ષણ - ૨ | પંડિત સુખલાલજી |
| જાન્યુઆરી ૧૯૪૯ | જૈન ધર્મ - જૈન સમાજ : હિંદુ ધર્મ - હિંદુ સમાજ | પંડિત સુખલાલજી |
| એપ્રિલ ૧૯૪૯ | જૈનધર્મનો પ્રાણ પંડિત સુખલાલજી | |
| નવેમ્બર ૧૯૪૯ | પંડિત સુખલાલજીનું બાળદિક્ષા વિશે પ્રવચન | પંડિત સુખલાલજી |
| મે ૧૯૫૩ | વૈશાલી-વિદેહ પંડિત સુખલાલજી | પંડિત સુખલાલજી |
| જુન ૧૯૫૭ | અહિંસાના આચાર - વિચારનો વિકાસ | પંડિત સુખલાલજી |
| નવેમ્બર ૧૯૫૭ | આદિ મંગળ : **पढम हवई मंगलम** | પંડિત સુખલાલજી |
| એપ્રિલ ૧૯૬૦ | ધર્મ વિચાર - ૫ | પંડિત સુખલાલજી |
| ફેબ્રુઆરી ૧૯૬૮ | ન માનુષાત શ્રેષ્ઠતરં હિ કિંચિત<br>માનવથી કોઈ વધારે ચડિયાતું નથી | પંડિત સુખલાલજી |
| મે ૧૯૭૮ | સ્વ. પંડિત સુખલાલજી સ્મૃતિ અંક | |
| ઓગસ્ટ ૨૦૦૭ | પર્યુષણ પર્વ અને કલ્પસુત્ર | પંડિત સુખલાલજી |









To

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of ever month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો આ મારો અંતિમ પત્ર હોય તો

## અંતિમ પત્રનો આલેખ

**પ્રોફે. કલાધર આર્ય**

દર્શનશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર, રત્નશાસ્ત્ર, વાસ્તુશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર જેવા અગાધ દરિયાની સફર ખેડીને શિક્ષણ જગતની ઉચ્ચ પદવીઓ પ્રાપ્ત કર્યા પછી એક સમયે એવું માનતો હતો કે, ''હું બહુ બધું જાણું છું, મને બધી જ ખબર પડે છે, જ્ઞાનીઓના સમૂહનો સદસ્ય છું'', પરંતુ આજે અત્યારે જ્યારે આ લખી રહ્યો છું ત્યારે અત્યંત વિનમ્રતાપૂર્વક સહજભાવે સ્વીકાર કરું છું કે, ''મને કશી જ ખબર પડતી નથી''. હું કાંઈ જાણતો નથી, એટલું જ નહીં, પરંતુ જેટલી જાણકારી ધરાવું છું તે પણ અધૂરી છે, અધકચરી છે, ઉપરછલ્લી છે, એટલે જ્ઞાન નહીં પરંતુ અજ્ઞાનની અવસ્થા ધરાવું છું''. હું તો કેવળ માહિતી અને જ્ઞાન, સમજ અને સમજણ, પલળવું અને ભીંજાવું, મળવું અને ઓગળવું. ધર્મ અને અધ્યાત્મ જેવી પ્રક્રિયા વચ્ચેના સૂક્ષ્મભેદને ઓળખી શુદ્ધ-પરિશુદ્ધ સત્યની નજીક પહોંચવા માટેની મથામણ કરું છું, એટલે જ હવે 'હું'પદ (EGO)યુક્ત ભ્રમણાઓથી ક્રમશઃ મુક્ત થઈ રહ્યો છું, ભેદોની દિવાર તૂટી રહી છે અને દુનિયાદારીની સરહદો વળોટી જઈ ભાવજગતના સીમાડે કેવળ દૃષ્ટા બની સ્થિર ઊભો રહી દરવાજો ખૂલે તેનો ઇન્તજાર કરું છું.

જીવનમાં મૌન સંવાદની સાર્થકતાનું અધિક ઊંડાણ પ્રાપ્ત કરવાની અભીપ્સા સાથે અસ્તિત્વની મૌલિક શક્તિનો આદર કરી અનેક ચીલાઓ ચાતરું છું. મારા મૌલિક નૂતન જીવનપથ પર અજવાસ બનીને અસ્તિત્વ અચૂક ઉપસ્થિત થશે એવી અતૂટ શ્રદ્ધા દાખવી એકલો-અટૂલો નવજીવનના ટુકડાઓ એકઠા કરતો, મક્કમ પગલી પાડતો આગળ ધપી રહ્યો છું, દુન્યવી ભાષાના પાંચ દાયકા પૂરા કરી વન પ્રવેશના અંતિમવન અઠ્ઠાવનના ઉત્તરાર્ધમાં છું. ૩૧ માર્ચ-૨૦૨૧ અંતિમવનનો અંતિમ દિવસ હશે, એ જ દિવસ મારા આયખાનો અંતિમ દિવસ બની જાય તો મુક્તિની સાથે આનંદની સઘળી અવસ્થાઓ સહજાનંદ, નિજાનંદ, અખંડાનંદ અને સચ્ચિદાનંદના એકસામટા દુખણા લઈ અક્ષત-કંકુથી આવકારવા આતુર છું.

અગિયાર વર્ષની સળંગ સાધના બાદ સંપન્ન થયેલાં અને વિશ્વના સર્વપ્રથમ શોધકાર્યનું સન્માન અપાવનાર મૃત્યુ વિષયક મારા પીએચ.ડી. મહાશોધ નિબંધના લેખન પછી પૂર્ણ સજગતા સાથે કોઈ પણ ક્ષણે મૃત્યુના દેવને આવકારવા તૈયાર છું અને મૃત્યુદેવીની આગોશમાં સમાઈ જવાની સંપૂર્ણ માનસિક સજ્જતા પણ ધરાવું છું.

સાધનાપથનો પથિક છું અને મહાકાલનો ઉપાસક છું એટલે બચપણથી જ ફકીરી મિજાજ ધરાવું છું. અમર્યાદા ખરો, પરંતુ મર્યાદાઓથી પણ સુપેરે પરિચિત છું. અત્યાર સુધીની જીવનયાત્રામાં ચડાવ-ઉતારનાં અનેક સ્વરૂપો નિહાળ્યાં છે. નિષ્કપટતા, નિખાલસતા અને નિઃસ્વાર્થતાથી કર્તૃત્વ સમજી કાર્યરત રહું છું એટલે અવારનવાર સ્નેહીજનો અને નિકટતમ મિત્રોની કપટચાલનો શિકાર બની વિનાકારણ તેજોદ્વેષનો ભોગ બન્યો છું, આમ છતાં ફિનિક્સ પંખીની માફક દરેક વખતે રાખમાંથી પુનઃજીવિત થઈ મારા અસ્તિત્વને અડીખમ ટકાવી રાખી નિરંતર આગળ ધપતો રહ્યો છું.

સને ૧૯૮૦માં માસિક સિત્તેર રૂપિયાના પગારથી આરંભ કરેલી ખેતીવાડી ખાતાની વર્ગ-૪ કક્ષાની સામાન્ય સેવા આજે શિક્ષા મંત્રાલય, ભારત સરકાર અંતર્ગત વિશ્વવિદ્યાલય અનુદાન અયોગ પુરસ્કૃત રાષ્ટ્રીય કક્ષાની આંતર યુનિવર્સિટી ઇન્સ્ટિટ્યૂટના પ્રથમ હરોળના વડા સ્વરૂપે સર્વોચ્ચ પદ સુધી વિસ્તરી છે, જેનો આત્મસંતોષ છે અને શૂન્યમાંથી સર્જનનું આત્મગૌરવ પણ છે, મહાકાલની અવિરત વરસતી કરુણાયુક્ત કૃપા દૃષ્ટિનો આ પ્રભાવ છે.

(વધુ માટે જુઓ પાના નં. ૪૨)

Postal Authority : if Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai - 400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
Printed at : Arihant Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 9223430415
Editor : Dr. Sejal M. Shah
Temporary Add.: 926, Parekh Market, 39, J. S. S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai - 400004.